

પૂરી જગન્નાથ મંદિરનો રત્ન ભંડાર ખોલાયો પ્રાચીન મૂર્તિઓ અને કિંમતી વસ્તુઓ મળી

PAGE NO. 16

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ચીનમાં મોટી દુર્ઘટના : મોલમાં લાગી ભીષણ આગ, 16 લોકો જીવતાં ભડથું, ઘણાં ફસાયા

PAGE NO. 18

FRIDAY, 19 JULY, 2024 Vol. 22, No. 28 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### વાવાઝોડા અને અચાનક પૂરથી ઘણા શહેરોમાં ટ્રેન લાઇન બંધ, અનેક લોકો ફસાયા

# ચીનમાં આખા વર્ષનો વરસાદ માત્ર 24 કલાકમાં ખાબક્યો

### દાફેંગયિંગમાં એક જ દિવસમાં 24 ઇંચ વરસાદ નોંધાયો : 31 નદીઓ ભયજનક સપાટીએ, પ્રશાસન દ્વારા હાઈ એલર્ટ જારી કરાયું

**શાંઘાઈ**

ચીનમાં ભારે વરસાદના કારણે તબાહી મચી છે. પૂરના કારણે સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. ત્યાં છેલ્લા 24 કલાકમાં જ એક વર્ષના જેટલો વરસાદ પડી ગયો હતો. જેના કારણે ચીનની 31 નદીઓ ભયજનક સપાટીએ પહોંચી હતી. ખરાબ હવામાનને ધ્યાનમાં રાખી હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સૌથી વધારે મુશ્કેલી મધ્ય ચીનના હેનાન પ્રાંતના શહેરોમાં છે. અચાનક આવેલા પૂરના કારણે મુશ્કેલી ઊભી થઈ ગઈ છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે નાનયાંગ શહેરની સરહદ અંદર દાફેંગયિંગમાં એક જ દિવસમાં 606.7 મિમી (24 ઈંચ) વરસાદ નોંધાયો છે. વરસાદનું આ પ્રમાણ વિસ્તારના સરેરાશ વાર્ષિક વરસાદ 800 મીમીની બરાબર છે. બીજી તરફ હેનાન પ્રાંતના અધિકારીઓએ ખરાબ હવામાનને ધ્યાનમાં રાખી હાઈ એલર્ટ જારી કરી દીધું છે. મંગળવારે મોડી રાત સુધી પડેલા ભારે વરસાદથી હેનાન, શેડોંગ અને અનહુઈ પ્રાંતમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે.



એક અહેવાલ પ્રમાણે મંગળવારે સવારે હેનાન પ્રાંતના નાનયાંગના ડેંગઝોઉ શહેરમાં મંગળવારે સવારે પાણી ખતરનાક સ્તરે પહોંચી ગયું હતું. પાણી વધવાના કારણે ભારે વરસાદના કારણે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. નદીમાં આવેલા પૂરે કેટલાક વિસ્તારોમાં ઘરો પણ ડૂબાડી દીધા છે. રેસ્ક્યુ ટીમે ઘરોમાં ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળો પર પહોંચાડ્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ હવામાન માત્ર હેનાન સુધી જ સીમિત નથી. વાવાઝોડા અને અચાનક પૂરની ચેતવણી બાદ ઘણા શહેરોમાં ટ્રેન લાઈન બંધ કરી દેવામાં આવી છે. ઉત્તર-પશ્ચિમ પ્રાંત ગાંસુના કાંગ કાઉન્ટીએ વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે.

વિવિધ ભાગોમાં વરસાદ બાદ એશિયા ભારે સંકટમાં છે. ચીન સૌથી વધુ અસરગ્રસ્ત દેશોમાં સામેલ છે. ચીનને વરસાદી મોસમમાં ભારે તબાહીનો સામનો કરવો પડી રહ્યો છે. ચીનની 31 નદીઓ ખતરાના નિશાનથી ઉપર છે. અનેક ડેમ ભરાઈ ગયા બાદ સ્થિતિ જોઈને ચીને તેનો સૌથી મોટો ડેમ થ્રી ગોર્જેસ ડેમ પણ ખોલી દેવામાં આવ્યો છે. ચીન બાદ નેપાળ એવો બીજો દેશ છે જે પૂરથી સૌથી વધુ પ્રભાવિત છે. ત્યારબાદ અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને ભારતમાં પણ પૂરની સ્થિતિ જોવા મળી છે. અફઘાનિસ્તાનમાં 15 અને 16 જુલાઈના રોજ ભારે વરસાદને કારણે પૂર આવ્યું હતું.


ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

Summer Sale
Japanese Sarees, UK Sweaters and much more at attractive prices.
Upto 80% off
• $100 for 12 georgette printed sarees • $100 for 4 gold print sarees • $100 for 3 Jacquard print sarees • $100 for 4 sweaters from uk • $100 for 5 sweaters from uk
Sale on fancy sarees and party wear lehengas.
and many more specials...
Biggest Sale Ever!
Just in Time for the festive season!
Uma Sarees
6270 Côte des Neiges, Montreal
514-341-1394

Marché Patel
L'endroit où retrouver les saveurs de chez nous... Notre culture
One place for our food...Our Culture
www.marchepatel.com
Online & Retail Indian Grocery Store
42 Rue chabanel o, Montreal, H2N 1E6
Phone : 514 573 2632
E-mail : support@marchepatel.com
www.marchepatel.com

$AVE MAX Achievers Realty
SAVE MAX Achievers Renity, Brokerage E Die Independently Cured & Oper
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
TICO 1486999
416-977-9896
info@ashoktravel.com www.ashoktravel.com
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

SPECIAL FEATURE | JANUARY 2024
BEST of MONTREAL
The Suburban BEST of MONTREAL GAGNANT 2023 2023 WINNER
Voyage Intersky Travel
Voted Best Travel Agency
The Suburban NEWSPAPER
WWW.THESUBURBAN.COM WWW.BESTOFMTL.COM
આપ કે પ્યાર ઓર ભરોસે કે લિયે ધન્યવાદ
Airline Tickets (worldwide) &Travel insurance, PR or passport renewal, OCI, Indian Visa, Surrender and more......
VOYAGES InterSky TRAVELS
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં દૂધ રિકોલ સાથે સંકળાયેલો લિસ્ટરિયોસિસ ફાટી નીકળતાં બેના મોત

**ઓન્ટેરિયો**

પ્લાન્ટ-આધારિત પીણાં સાથે સંકળાયેલા કેસોના વિશાળ સમૂહના ભાગરૂપે લિસ્ટરિઓસિસથી બીમાર થયા પછી બે લોકો મૃત્યુ પામ્યા છે. હેલ્થ કેનેડાએ બુધવારે રાત્રે જારી કરાયેલી એડવાઈઝરીમાં આ અંગેની જાણ કરી હતી. લિસ્ટરિઓસિસ કેસોમાંથી 10 ઓન્ટેરિયોમાં તથા ક્યુબેક અને નોવા સ્કોસિયામાં એક-એક છે. ફેડરલ એજન્સીની ગણતરી અનુસાર એની તપાસ ચાલે છે. એજન્સીનું કહેવું છે કે, લોકો ઓગસ્ટ 2023થી જુલાઈ 2024ની શરૂઆતમાં બીમાર પડ્યા હતા. આ મહિનાની શરૂઆતમાં કેનેડિયન ફૂડ ઈન્સ્પેક્શન એજન્સીએ લિસ્ટેરિયા મોનોસાઈટોજેન્સના સંભવિત દૂષણને કારણે ઓટ્સ, બદામ અને નાળિયેરના રેફ્રિજરેટેડ પીણાંના અમુક સિલ્ક અને ગ્રેટ વેલ્યુ બ્રાન્ડ્સને પાછા મંગાવ્યા હતા. ડેનોન કેનેડાના પ્રમુખ, રિકોલ કરેલા પીણાંના ઉત્પાદકે જણાવ્યું હતું કે, કંપની કથિત દૂષિત પીણાંની તપાસ કરવા માટે કામ કરી રહી છે. ફ્રેડરિક ગુઈચાર્ડે એક નિવેદનમાં લખ્યું છે કે, "આ નોટિસમાંના સમાચાર વિનાશક છે અને આ મુશ્કેલ સમયમાં પરિવારો અને પ્રિયજનો પ્રત્યે અમારી સહાનુભૂતિ છે."

ડેનોને અગાઉ કહ્યું હતું કે દૂષિત ઉત્પાદનો તૃતીય-પક્ષ ઉત્પાદકની ચોક્કસ ઉત્પાદન લાઈન સાથે જોડાયેલા હતા, પરંતુ અધિકારીઓએ હજી સુધી શેર કર્યું નથી કે ઉત્પાદનો કેવી રીતે લિસ્ટરિયાથી દૂષિત થયા હતા. લિસ્ટેરિયા મોનોસાયટોજેન્સ એ બેક્ટેરિયાનો એક પ્રકાર છે જે લિસ્ટેરિયોસિસનું કારણ બની શકે છે. કેનેડાની પબ્લિક હેલ્થ એજન્સી (PHAC) અનુસાર તાજેતરના વર્ષોમાં દેશમાં દર વર્ષે આક્રમક લિસ્ટરિયોસિસના લગભગ 134 કેસ નોંધાયા છે. તેમાંથી પબ્લિક હેલ્થ ઓન્ટેરિયોમાં 2023માં 75 કેસ નોંધાયા હતા. જેમાં 14 મૃત્યુનો સમાવેશ થાય છે.

# ટોરોન્ટોમાં ગરમીની મોસમમાં નિરાશ્રિત લોકો માટે હવે વધુ આશ્રયસ્થાનો બનાવવા આવશ્યક

**ટોરોન્ટો**

સમર્થકો ટોરોન્ટો સિટીમાં નિરાશ્રિતો માટે વધુ આશ્રયસ્થાનો બનાવવા માટે હાકલ થઈ રહી છે. તેઓ કહે છે કે, આ ગરમીમાં રાહત આપવાની સુવિધાઓ આ ખરાબ હવામાનમાં પૂરતી નથી.

હિમાયત જૂથ, શેલ્ટર એન્ડ હાઉસિંગ જસ્ટિસ નેટવર્કના સભ્યોએ સોમવારે જણાવ્યું હતું કે ટોરોન્ટોમાં ઘર વગરના લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી ખરાબ પરિસ્થિતિ છે. શહેરની શેલ્ટર સિસ્ટમ રિક્વેસ્ટ ફોર રેફરલ્સ વેબપેજ પર, શહેરનું કહેવું છે કે જૂન મહિનામાં સરેરાશ 231 લોકો રાતે શેલ્ટર બેચ મેળવવામાં અસમર્થ હતા.

ટોરોન્ટોના સેંન્ચ્યુરી મંત્રાલયના આઉટરીચ કાર્યકર ગ્રેગ કૂકે જણાવ્યું હતું કે, શહેરના આશ્રયસ્થાનો ભરાઈ ગયા છે. પીટર સ્ટ્રીટ પર શહેરની શેલ્ટર સેન્ટ્રલ ઈનટેક ઑફિસ પાસે એક ન્યૂઝ કોન્ફરન્સમાં બોલતા કૂકે જણાવ્યું હતું કે, "આ ખરાબ હવામાનમાં લોકો પાસે રહેવા માટે જગ્યા નથી. શહેર સાવ મામૂલી સેવા પણ નથી કરી રહ્યું." ગરીબી સામે હેલ્થ પ્રોવાઈડર અધ્યક્ષ ડૉ. પેજ હોમે પત્રકારોને જણાવ્યું હતું કે, "આશ્રય અને આવાસનો ભયંકર અભાવ" એ પબ્લિક હેલ્થ ઈમરજન્સી છે. "આ પરિસ્થિતિ માત્ર અસહ્ય નથી, તે જીવલેણ અને ખતરનાક છે. તેથી આપણે વધુ આશ્રયસ્થાનો બનાવવાની દીશામાં વિચારવુ જોઈએ.

# ખડાયતા સમાજ ઓફ ટોરોન્ટો દ્વારા સમર પિકનિક યોજાઈ








**ટોરોન્ટો**

ગત શનિવાર તારીખ ૧૩ જુલાઈ ૨૦૨૪ના રોજ ખડાયતા સમાજ ઓફ ટોરોન્ટો દ્વારા BOYD Conservation Park, Vaughan ખાતે સમર પિકનિક યોજવામાં આવી હતી. સવારે ૧૦.૩૦ વાગ્યે કાર્યક્રમની શરૂઆત ૨૨૫થી વધારે ખડાયતા મિત્રોની હાજરી સાથે થઈ હતી. સૌએ લંચનો આનંદ માણ્યો હતો. જે બાદ ક્રિકેટ રસિયાઓએ તો આવતાની સાથે જ પીચ જમાવી અને ત્યારબાદ એક પછી એક સુંદર રમતોનું આયોજન કરાયું હતુ. જેમાં સૌએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો.

ચા-કોફી અને નાસ્તો કર્યા બાદ રંગોળી કોમ્પિટિશન યોજવામા આવતાં સૌ તેમાં જોડાયા હતા. બિંગો રમતની મઝા માણી સભ્યોએ આનંદ માણ્યો હતો. અંતે ૧૦ ફૂલ હાઉસી વિનર્સને ઈનામ આપવામાં આવ્યા હતા. ખડાયતા અને ગુજરાતની ક્વિઝે બધાને મહુડી કોટ્યાર્ક અને અમદાવાદ-બરોડાની યાદો તાજી કરાવી દીધી હતી. બધા વિનરનું ગિફ્ટ અને સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતુ. બધાએ સાથે એક પરિવારની જેમ સાંજનું ભોજન લીધા બાદ સરસ મજાના કાર્યક્રમને પૂર્ણ કરાયો હતો. ખડાયતા મેમ્બર્સના એક કરતા વધારે ઈવેન્ટ્સ દર વર્ષે થાય છે. ખડાયતા કમિટી વધારે પ્રોગ્રામ કરવા જઈ રહ્યું છે. તેથી સમાજના બંધુઓને khadayatatoronto@gmail.com ઉપર વિગતો મોકલવા જણાવાયું છે.


SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિક્લાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Financial Hut Ltd.
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com





- 100's of transactions and counting
- proudly serving GTA for over 17 years
- Centurion Award Winner 2011, 2014, 2017, 2019, 2021

Mayur Mistry
Broker
Century 21 Titans Realty Inc., Brokerage
2100 Ellesmere Rd, Suite 116, Toronto, ON. M1H 3B7
Email : mayur.mistry@century21.ca
Cell: 647.829.4965
Office: 416.289.2155

- Pre- Construction
- Upgrading
- Downsizing
- First time home buyers
- Small businesses
- Investment Properties
- Leasing
- No obligation home evaluation
- Competitive listing commission

Call me for all your real estate needs





રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



# બ્રામ્પ્ટનમાં ગીતા મહોત્સવની ઉજવણી : પાર્કમાં શોભાયાત્રા

## Honor Of Canadaનુ નાગરિક સન્માન પ્રાપ્ત કરનાર લક્કી લક્ષ્મણજી અને ગોવિંદ દુબેનું વિશિષ્ટ સન્માન

**બ્રામ્પટન**

કેનેડાના બ્રામ્પ્ટનમાં તા.૧૩-૭-૨૦૨૪ના રોજ શ્રી ભાગવત ગીતા પાર્ક ખાતે ત્રીજા આંતરરાષ્ટ્રીય ગીતા મહોત્સવની ઉજવણી થઈ હતી. ગીતા મનીષી સ્વામી શ્રી યાજ્ઞાનંદજી મહારાજની ઉપસ્થિતિમા પ્રારંભે નિર્ધારિત સમય અનુસાર સૌ પ્રથમ ગીતા યજ્ઞ અને અઢાર શ્લોકના પાઠ થયા હતા. દિવ્ય ગીતા સત્સંગમાં ડો. ઋષિરામ આચાર્યએ ત્યાં હાજર ગીતા મનીષી સ્વામી શ્રી યાજ્ઞાનંદજી ઉપરાંત કણ્વ આશ્રમના સંત અને આર્ય સમાજના તેમજ વૈદક યોગ કલ્ચર આશ્રમના શ્રી જયંત સરસ્વતી સહિત ઉપસ્થિત સંતગણોનો પરિચય કરાવ્યો હતો. આચાર્યએ જણાવ્યુ હતુ કે, ટોરોન્ટોમા ૨૦૨૨મા પ્રથમ આંતરરાષ્ટીય ગીતા મહોત્સવ થયો હતો. ત્યારે અહિ બ્રામ્પ્ટનમા ૨૭ સપ્ટેમ્બર-૨૦૨૨માં The Brampton




જીવનકાળમા શાંતિ મળવી અને ઉત્થાન ઇશ્વર કૃપાથી જ થાય છે : ડો. ઋષિરામ

Municipal Corporationના મેયર પેટ્રીક બ્રાઉને બ્રામ્ટન ટ્રોયર્સ પાર્ક તરીકે ઓળખાતા પાર્કને શ્રી ભાગવત ગીતા પાર્ક નામ આપ્યું હતુ. આજે નામની સાર્થકતાને પુરવાર કરતા આ પાર્કમા અંદાજે ૫૦૦ જેટલા ધર્મપ્રેમીઓની ઉપસ્થિતિ હતી. "જીઓ ગીતા કે સંગ, સીખો જીને કા ઢંગ"નો સંદેશ વિશ્વ પ્રચારક અને ગીતા જ્ઞાન સંસ્થા, કુરુક્ષેત્ર આપી રહ્યા છે. મનીષી સ્વામી શ્રી યાજ્ઞાનંદજીએ પ્રવચનમાં કહ્યું હતુ કે, થોડા દિવસો બાદ આવી રહેલી અષાઢ પુર્ણિમા એટ્લે ગુરુ પુર્ણિમા એ જ વેદ વ્યાસ પુર્ણિમા છે. મહર્ષિ વેદ વ્યાસની દિવ્ય દ્રષ્ટિથી ૫૮ અધ્યાયોમા ગીતાને સ્થાન મળ્યુ હતુ. અને ચાર વેદ-પુરાણ, બ્રહ્મસુત્ર આપ્યા હતા. ભાગવત ગીતા પણ વેદ વ્યાસ દ્વારા મળી છે. તેમણે ઉમેર્યું હતુ કે, જીવનકાળમા શાંતિ અને ઉત્થાન ઈશ્વર કૃપાથી જ થાય છે. તમે ગમે તેટલા આનંદ પ્રમોદ કરો, પરંતુ peace of Mind તો ભાગવત ગીતાની સ્તુતિથી જ પ્રાપ્ત થાય છે. અશાંત મનને શાંત કરવા, કમજોર મનને ખીલવવા, આજના સમયમા ટેન્શન દૂર કરવા ભાગવત ગીતા પઠન-મનન કરતા રહો. કાર્યક્રમમા કેનેડા સરકાર દ્વારા Honor Of Canadaનુ નાગરિક સન્માન પ્રાપ્ત કરેલ વિભુતિ એવા ઉચ્ચ કોટીના મહાન સાયન્ટિસ્ટ, એન.આર.આઈ ભારત રત્ન એવોર્ડ પ્રાપ્ત કરનાર લક્કી લક્ષ્મણજીનુ વિશેષ અભિવાદન કરાયું હતુ. જે બાદ ગોવિંદ દુબેનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતુ. અંતમા પીતાંબર વસ્ત્રોથી સજ્જ અને વિશેષ વાદ્યો સાથેનુ વાદ્યવૃંદ, ઓમ સીમ્બોલ સાથેના ઝંડા હાથમા લઈને શોભાયાત્રામાં જોડાયું હતુ.

# બ્રિટીશ કોલંબિયામાં એક વર્ષમાં રેકોર્ડબ્રેક 76 કાળા રીંછના મોત

**બ્રિટીશ કોલંબિયા**

નવા ડેટા દર્શાવે છે કે 2023માં પ્રિન્સ જ્યોર્જમાં રેકોર્ડ 76 કાળા રીંછ માર્યા ગયા હતા, જે અગાઉના વર્ષો કરતાં બમણાથી વધુ છે. આ સંખ્યાઓ પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા એકત્રિત કરવામાં આવી હતી અને એસોસિએશન ફોર ધ પ્રોટેક્શન ઓફ ફર-બેરિંગ એનિમલ્સ દ્વારા બહાર પાડવામાં આવી હતી, જેને ફર-બેરર્સ તરીકે પણ ઓળખવામાં આવે છે.અગાઉનો રેકોર્ડ 2020માં 45 હતો, જ્યારે 2021માં 36 અને 2022માં 32 લોકો માર્યા ગયા હતા. ફર-બેરર્સને જાહેર કરાયેલા 2023 નંબરોમાં માત્ર 10 નગરપાલિકાઓનો સમાવેશ થાય છે. સંસ્થાએ જણાવ્યું હતું કે, અગાઉના વર્ષોથી વિપરીત જ્યારે મંત્રાલયે સંપૂર્ણ પ્રાંતીય ડેટા બહાર પાડ્યો હતો. પ્રિન્સ જ્યોર્જમાં માર્યા ગયેલા 76 પ્રાણીઓ એક જ મ્યુનિસિપાલિટીમાં સૌથી વધુ હતા. કારણ કે, ફર-બેરર્સે 2016માં ડેટા બહાર પાડવાનું શરૂ કર્યું હતું, અને એક વર્ષ પછી પ્રિન્સ જ્યોર્જ આરસીએમપી દ્વારા "બેરમેગ્ડન" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

# રહેવા માટે સૌથી વધુ લાયક સ્થળમાં સેન્ડી હિલ મોખરે રહ્યું : આશ્ચર્યજનક અહેવાલ

**ટોરોન્ટો**

સેન્ડી હિલને કેનેડાના સૌથી વધુ રહેવા લાયક પડોશીઓમાંના એકનું નામ આપતો અહેવાલ આશ્ચર્યજનક અને ઓનલાઈન મજાક સાથે જોવા મળ્યો હતો. કારણ કે કેટલાકને આશ્ચર્ય થયું હતું કે તે સલામતીના મુદ્દાઓ, જાહેર દવાઓનો ઉપયોગ અને સામાજિક અવ્યવસ્થાને કેવી રીતે અવગણી શકે છે. જે વિસ્તારના ભાગોને ઉપદ્રવ કરે છે. સેન્ડી હિલમાં દ્દશ્ય મિશ્ર હતું, કારણ કે રહેવાસીઓએ તેના પડકારોને સ્વીકારીને વિસ્તારની ગ્રીન સ્પેસ, વિવિધતા અને સમુદાયની ભાવનાની ઉજવણી કરી હતી. રિયલ એસ્ટેટ ફર્મ RE/MAX એ ગયા અઠવાડિયે તેનો 2024 લાઈવબિલિટી રિપોર્ટ બહાર પાડ્યો હતો. તે લેગર સર્વેક્ષણ પર આંશિક રીતે આધાર રાખે છે જે કેનેડિયન મૂલ્યના પરિબળોની સૂચિમાં પરવડે તેવી ક્ષમતા, સમુદાય સલામતી અને ચાલવાની ક્ષમતાને ટોચ પર રાખે છે. તે પછી તે 10 પડોશી વિસ્તારોને સૂચિબદ્ધ કરે છે. જેને તે જીવંતતા પર કેટલાક દેશના ટોચના સ્થળ તરીકે ક્રમાંકિત કરે છે. જો કે તેણે જણાવ્યું હતું કે તે રેન્કિંગમાં પડોશની સલામતીને ધ્યાનમાં લેતું નથી. કારણ કે તે "ખૂબ જ વ્યક્તિલક્ષી" હતું. આ અહેવાલે સોશિયલ મીડિયા પર અવિશ્વસનીયતાને પ્રોત્સાહન આપ્યું છે. કારણ કે પોસ્ટ્સે સેન્ડી હિલના ઘરવિહોણા, અપરાધ, માદક દ્રવ્યોના વ્યસન અને બેફામ પાર્ટી કરવા તરફ ધ્યાન દોર્યું હતું. સોશિયલ મીડિયા સાઈટ Reddit પર ટિપ્પણીમાં પૂછવામાં આવ્યું હતું કે શું આ અહેવાલ મજાક છે.






તંત્રી સ્થાનેથી

# ઉત્તર પ્રદેશમાં ભાજપમાં ભાંજગડ સરકાર-સંગઠનમાં ફેરફારનો વર્તારો



તંત્રી - સ્વદેશ

લોકસભાની ચૂંટણીના પરિણામો બાદ યુપીમાં ભાજપ સંગઠન અને સરકાર વચ્ચે શરૂ થયેલો આંતરકલહ હજી શમ્યો નથી. તેથી તેને થાળે પાડવા છેલ્લા બે અઠવાડિયાથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભાજપના કેન્દ્રીય નેતાઓની બેઠકોનો દોર ચાલી રહ્યો છે. મંત્રીઓ પાસે યોગી બાબતે પ્રતિક્રિયાઓ લેવામાં આવી રહી હોવાના પણ અહેવાલો છે.

ભાજપના કેટલાક મોટા નેતાઓ હવે યોગી સામે ખુલ્લેઆમ બળાપો કાઢી રહ્યા છે. કેશવ પ્રસાદ મોર્ય ખુલ્લેઆમ હવે યોગીનો વિરોધ કરી રહ્યાં છે. યોગીએ લોકસભાની ચૂંટણીમાં હારના સમીકરણો માટે બોલાવેલી બેઠકમાં બંને નાયબ સીએમ ગયા ન હતા. જે બાદ લખનૌમાં આયોજિત બીજેપી કાર્યકર્તા સંમેલનમાં યુપીના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ સંગઠનથી મોટું કોઈ નથી અને દરેક કાર્યકર અમારું ગૌરવ છે તેવું નિવેદન કરતા યુપી ભાજપમાં ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાના પડઘા વધુ ન પડે તે માટે મંગળવારે બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ સરકાર અને સંગઠન બંનેના પ્રતિનિધિઓને દિલ્હી બોલાવ્યા હતા. જેપી નડ્ડા પોતે જ મૌર્ય અને પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરીને અલગ-અલગ મળ્યા. એક કલાકથી વધુ સમય સુધી આ નેતાઓ વચ્ચે ચાલેલી બેઠકમાં જેપી નડ્ડાએ આગામી પેટાચૂંટણી અંગે તથા સંગઠનને મજબૂત કરવા ઉપરાંત કાર્યકરોની સમસ્યાઓ અને જ્ઞાતિઓમાં વહેંચાયેલા મતદારોને એક કરવાની યોજના અંગે ચર્ચા કરી.

મૌર્ય અને ભૂપેન્દ્ર ચૌધરીની દિલ્હી મુલાકાતને પગલે અટકળોનું બજાર ગરમાયું હતું. અને સરકારમાં ફેરફારની વાતો વહેતી થઈ હતી. જોકે, મોર્યના સંગઠન અંગેના નિવેદન વિશે ઘણા એમ પણ કહે છે કે, કાર્યકરોનું મનોબળ જાળવી રાખવા માટે મોર્યએ આ પ્રતિક્રિયા આપી છે. અલબત, આ વાતમાં ઝાઝો દમ નથી. કારણ કે, કેટલાક મંત્રીઓ અને ધારાસભ્યોનું જ કહેવું છે કે, તેઓ જે ફરિયાદો કરે છે તેને કોઈ મહત્ત્વ આપવામાં આવતું નથી, માત્ર અમુક પસંદગીના અધિકારીઓ જ આખી સરકાર ચલાવી રહ્યા છે. યુપીમાં મંત્રીઓ અને ધારાસભ્યોની આ વાતોથી સંઘની સાથે સાથે ભાજપમાં પણ મંથન શરૂ થયું છે.

બયાનબાજીથી ભાજપને ફરી નુકસાન થઈ શકે તેમ હોવાથી દિલ્હી હાઈકમાન પણ તકરાર ન વધે એ પર ધ્યાન આપી રહ્યું છે. ભાજપ કોઈ પણ સંજોગોમાં પેટાચૂંટણીમાં કસર બાકી રાખવા માગતો નથી. તેથી હાઈ કમાન કોઈપણ નિર્ણય કરી શકે છે. કહેવાય છે કે, મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ લાંબા સમયથી યોગી આદિત્યનાથને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાનપદેથી હટાવવા માંગે છે. પરંતુ કોઈ તક મળતી ન હતી. જયારે યુપીમાં લોકસભાની ચૂંટણીના પરિણામો અપેક્ષા મુજબ ના રહેતાં તે તક ઉભી થઈ હોવાની અટકળો છે. યોગીને મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવશે તો તેમના સ્થાને જે નામોની ચર્ચા ચાલી રહી છે, તેમાં નાયબ મુખ્ય પ્રધાન મૌર્યનું નામ મોખરે છે. તેઓ દલિત હોવા ઉપરાંત મોદીના વિશ્વાસુ હોવાથી પસંદગીનો કળશ તેના માથે ઢોળાઈ તેવી શક્યતા છે.

જો કે, સામે પક્ષે યોગીનું પાસુ પણ નબળુ નથી. તેમના સાત વર્ષના શાસનમાં યુપીમાં માફિયાગીરી અંકુશમાં આવી છે. યોગી આદિત્યનાથ ૧૯૮૮માં ગોરખપુર લોકસભા મતવિસ્તારમાંથી સાંસદ તરીકે ચૂંટાયા, ત્યારે તેઓ માત્ર ૨૬ વર્ષના હતા. યોગી અહીંથી પાંચ વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા. યોગી ૪૫ વર્ષની ઉંમરે માર્ચ ૨૦૧૭માં વસતીની દષ્ટિએ દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી બન્યા હતા. યોગીની છબી પણ એક નક્કર હિંદુત્વવાદી નેતા અને કડક નિર્ણયો લેનારા મુખ્યમંત્રી તરીકેની રહી છે.

સોશિયલ મીડિયામાં યોગીના પણ કરોડો ચાહકો છે, જેઓ યોગીને મોદી પછીના વડા પ્રધાન તરીકે જોઈ રહ્યા છે. તેમનું માનવું છે કે, મોદી કરતાં યોગીનું હિન્દુત્વ વધુ જ્વલંત છે. સંઘ ભારતમાં જે હિન્દુ રાષ્ટ્રની સ્થાપના કરવા માગે છે તે કામ મોદી કરતાં યોગી વધુ ઝડપથી કરી શકે છે. ૨૦૨૨ની યુપી વિધાનસભા ચૂંટણીમાં જીતનો શ્રેય મોદી અને યોગી બંનેને જાય છે. હવે યોગી પોતે ખૂબ જ લોકપ્રિય નેતા બની ગયા છે.

ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૨૭માં યોજાશે. એટલે તેને હજુ લાંબો સમય છે. પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે, ચૂંટણી જીતવા માટે યોગીની મોદી પરની નિર્ભરતા ઘટી છે. યોગીની વધતી જતી લોકપ્રિયતાને કારણે તેમને મોદીના અનુગામી તરીકે જોવામાં આવી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથના નેતૃત્વમાં 2017માં ભાજપે સરકાર બનાવી તે પછી તેણે પોતાનો કાર્યકાળ હેમખેમ પૂરો કર્યો હતો. જે બાદ 2022માં વિધાનસભાની ચૂંટણી યોજાઈ તેમાં પણ યોગીબાબાનું બુલડોઝર ફરી વળ્યું. યોગી ભીડ જમાવનાર નેતા પણ છે. ૨૦૧૭ની યુપી વિધાનસભા ચૂંટણી અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મોદી ચહેરો હતા, પરંતુ ૨૦૨૨ની યુપી વિધાનસભાની ચૂંટણીમાં યોગી ચહેરો બન્યા અને પછી ડબલ એન્જિન સરકારની વાત શરૂ થઈ.

જોકે, આ વખતે યુપીમાં ભાજપને ધાર્યા કરતાં ઓછી બેઠકો મળી, તેના માટે યોગીને નહીં પણ મોદી-શાહને વધુ જવાબદાર માનવામાં આવે છે, કારણ કે, બેઠકોની ફાળવણી તેમણે કરી હતી. આ ઉપરાંત યુપીમાં હારના કારણોની સમીક્ષા થઈ તેમાં અન્ય કારણો પણ બહાર આવ્યા હતા. જેમાં ભાજપના નેતાઓ દ્વારા સંવિધાન બદલવાની થયેલી વાતો, પેન્શન યોજના, અગ્નિવીર યોજના, મોંઘવારી તથા બેફામ વાણીવિલાસ સહિતના મુદ્દાઓને હારનું કારણ ગણાવાયા છે. એટલે યોગીને માથે દોષનો ટોપલો ઢોળી દેવો તે યોગ્ય નથી તેમ માનનારો વર્ગ આજે પણ ભાજપમાં છે.

બીજી તરફ એવી વાત પણ જગજાહેર છે કે, અમિત શાહે કેશવપ્રસાદ મૌર્ય, અરવિંદ શર્મા, બ્રજેશ પાઠક અને દિનેશ શર્માને યોગીની સમાંતર મેદાનમાં ઉતારવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ યોગીએ કોઈને મંજૂરી આપી ન હતી. આરએસએસના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે, 2017માં પણ યોગી, મોદી અને શાહના કારણે નહીં પણ સંઘના કારણે મુખ્યમંત્રી બન્યા હતા.

હકીકતે છેલ્લી ચૂંટણીમાં યુપીના દલિતો અને મહાદલિતો મજબૂત રીતે સમાજવાદી પાર્ટીની પડખે ઊભા રહ્યા હતા. યોગી આદિત્યનાથ ઠાકોર છે, એક વાત હવે તેમને નડી રહી છે. ઉત્તર પ્રદેશમાં ભાજપથી વિમુખ થયેલા દલિત મતદારોને પાછા તેમના પક્ષમાં લાવવા હોય તો કોઈ દલિત નેતાને મુખ્ય મંત્રી બનાવવા પડે તેમ ભાજપ માનવા માંડ્યો છે. કેશવપ્રસાદ મૌર્ય આવા દલિત નેતા હોવાથી ભાજપ એટલે કે, મોદી અને શાહને વિકલ્પ દેખાઈ રહ્યો છે.

એટલે યોગીને બદલે કે.પી. મૌર્યને ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી બનાવી મોદી-શાહ એક કાંકરે બે પક્ષી મારી શકે તેમ છે. પરંતુ તે પગલાની શું શું અસર થઈ શકે તે વિશે હજી પણ કયાસ કઢાવામાં આવી રહ્યો છે.

manoj1968@yahoo. ca






# અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર ખાનગી બસ-ટ્રક વચ્ચે અકસ્માત, 6નાં મોત, 8 ઈજાગ્રસ્ત

**આણંદ**

અમદાવાદ-બરોડા એક્સપ્રેસ હાઈવે પર સોમવારે પરોઢે ચિખોદરા ગામ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ખાનગી બસના ૬ મુસાફરોના મોત થયા હતા. જ્યારે ૮ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. ખાનગી બસ મુંબઈથી રાજસ્થાન જતી હતી ત્યારે બસનું ટાયર ફાટતા તે ખોટકાઈને એક્સપ્રેસ વે પર ઉભી હતી ત્યારે કેટલાક મુસાફરો બસમાંથી ઉતરી બસની આગળ ડિવાઈડર પાસે ઉભા હતા. અને બસના ડ્રાઈવર-કંડક્ટર ટાયર બદલી રહ્યા હતા ત્યારે પાછળથી પુરપાટ આવતી ટ્રક બસની પાછળ ઘૂસી ગઈ હતી. જેની જોરદાર ટક્કરથી ખોટકાયેલી બસ મુસાફરો પર ચઢી જતા બસ નીચે ચગદાઈ જવાથી ૮ મુસાફરોના મોત થયા હતા. તમામ મૃતકો રાજસ્થાનના વતની હતા.

અકસ્માતમાં છ જેટલા મુસાફરો બસની નીચે કચડાઈ જવા પામ્યા હતા. જ્યારે અન્ય મુસાફરો બસની ટક્કરે દુર ફેંકાઈ જઈ ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતને પગલે વાતાવરણ મુસાફરોની કારમી ચીચ આણંદ ફાયર બ્રિગેડના જવાનોએ લક્ઝરી બસનું પતરું કાપી તેમજ જેકથી લક્ઝરી બસ ઉંચી કરી નીચે કચડાઈ ગયેલા મુસાફરોને બહાર કાઢ્યા હતા. વહેલી પરોઢે સર્જાયેલ અકસ્માતને પગલે બે કલાક સુધી ટ્રાફિકજામ થઈ ગયો હતો. જેને લઈ માર્ગ ઉપર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી.

મૃતકોમાં પ્રેમાદેવી પ્રકાશચંદ્ર જૈન (ઉ.વ.૫૧) ભવરલાલ ગીરધારીલાલ રાવ (ઉ.વ.૯૦) નૈનીદેવી હેનસીંગ (ઉ.વ.૩૮) રાજવીબેન સુરેશભાઈ સુથાર (ઉ.વ.૪૫) સોનુ નારાયણ જાટ (ઉ.વ.૧૮) પુનમ ફુલચંદભાઈ જૈન (ઉ.વ.૮૦)નો સમાવેશ થાય છે.

# બોગસ બિલ મુકી 9 કરોડથી વધુનું કૌભાંડ : 10 ભેજાબાજની સાંઠગાંઠ

**નવસારી**

નવસારીમાં પાણી પૂરવઠા વિભાગમાં બોગસ બિલ મુકી ૯ કરોડથી વધુની ઉચાપત કરવામાં આવી છે. આ મુદ્દે કાર્યપાલક ઈજનેર સહિત ૧૪ સામે ક્રાઈમ બ્રાંચ ફરિયાદ નોંધાઈ છે. જેમાથી ૫ અધિકારી અને ૫ કોન્ટ્રાક્ટરની ધરપકડ કરવામાં આવી છે. આખા જિલ્લામાં પણી પુરવઠા વિભાગના અધિકારીઓએ ટેન્ડર બહાર પાડયા વગર ખોટી રીતે ટેન્ડરીંગ પ્રક્રિયા કરીને અનેક કામોના ખોટા બીલ મુકીને ૯ કરોડથી વધુનું કૌભાંડ આચર્યું છે. ઉદાહરણ એક ગામનું લઈએ તો ગણદેવી તાલુકાના ગડત ગામના કુંભાર ફળિયમાં ૬ લાખ રૂપિયા જેટલું મોટું કામ મંજૂર થયું હતું. પરંતું ક્રાઈમ ટીમે જ્યારે ગામની મુલાકાત લીધી ત્યારે ગામમાં માત્ર પાણીની ટાંકી હતી, ટાંકીનું પાણી લોકોના ઘર સુધી પહોંચ્યું નહતું.

નવસારી જિલ્લાના બીલીમોરા શહેરના બંદર રોડ વિસ્તારમાં રહેતા શાહ પરિવારના ચાર લોકો કૌભાંડમાં સપડાયા છે. CID ક્રાઈમએ દસ લોકોની ધરપકડ કરી છે. નવસારી અનેબીલીમોરા પાણી પુરવઠા ઓફિસમાં આચરવામાં આવેલા પાંચ કરોડના કૌભાંડમાં વિજિલન્સ તપાસ બાદ ગુનો નોંધવામાં આવ્યો છે.

# એટીએસની રેડ : સુરતમાં 51 કરોડના મેફેડ્રોન સાથે 3 ઈસમોની ધરપકડ કરાઈ

**સુરત**

સુરત જીલ્લાના પલસાણા તાલુકાના કારેલી ગામમાં ગેરકાયદેસર મેફેડ્રોન બનાવતી ફેક્ટરીમાં અમદાવાદ એટીએસ દ્વારા રેડ કરી ૫૧.૪૦૯ કરોડનાં નશીલા માદક પદાર્થ મેફેડ્રોન સાથે ત્રણ ઈસમોની ધરપકડ કરી કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. ગુજરાત એટીએસ ડીવાયએસપી એસ એલ ચોધરીએ પત્રકાર પરિષદને સંબોધન કરીને જણાવ્યું હતું કે ટેકનીકલ તથા હ્યુમન રીસોસીસ દ્વારા અમોને સુરત જીલ્લાના પલસાણા તાલુકાના કારેલી ગામમાં ગેરકાયદેસર નશીલા માદક પદાર્થ મેફેડ્રોનનું મેન્યુફેક્ચર થઈ રહ્યું હોવાની બાતમી મળી હતી. જે આધારે વોચ ગોઠવી સુરત તથા વલસાડ એસઓજીની મદદથી ફેક્ટરીની જગ્યાએ રેડ કરી ૪ કિલો મેફેડ્રોન તથા ૩૧.૪૦૯ કિલો લિક્વીડ મેફેડ્રોન જેની કિંમત રૂ. ૫૧.૪૦૯ કરોડનો મુદામાલ કબ્જે વાપીનાં સુનીલ રાજનારાયણ યાદવ અને વરાછા સુરતનાં વિજય જેઠાભાઈ ગજેરાની સહિત કુલ ત્રણની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જેમાં વધુ એક આરોપી હરેશ કોરોટને જુનાગઢ એસ.ઓ.જી.ની મદદથી પકડી પાડવામાં આવ્યો છે અને અટક કરવાની કાર્યવાહી શરુ કરી દેવાઈ છે.

# વડોદરાના માંડવીમાં 218 વર્ષ જૂના ભગવાન વિઠ્ઠલનાથજીના મંદિરનો જિર્ણોધ્ધાર કરાશે

**વડોદરા**

વડોદરા શહેરના માંડવી ખાતે આવેલુ ભગવાન વિઠ્ઠલનાથજીનુ મંદિર શહેરના સૌથી પોરાણિક મંદિરો પૈકીનુ એક ગણાય છે.૨૧૫ વર્ષ પહેલા રાજવી પરિવારના રાણી ગહેનાબાઈએ ૨૫૦૦૦ રુપિયાના ખર્ચે બનાવેલા મંદિરનો હવે જિર્ણોધ્ધાર થવા જઈ રહ્યો છે.મંદિરનુ સંચાલન કરતા દેવસ્થાન ટ્રસ્ટ દેવ દિવાળી બાદ જિર્ણોધ્ધારની કામગીરી શરુ કરાવે તેવી શક્યતા છે. આ માટેનુ ખાત મુહૂર્ત ૧૧ માર્ચના રોજ મહારાજા સયાજીરાવની જન્મ જયંતિના દિવસે અત્યારના



મહારાજા સમરજીતસિંહ ગાયકવાડના હસ્તે કરાયુ હતુ. ૨૧૫ વર્ષ પહેલા સંવત ૧૮૬૬માં લગભગ ૨૪૦૦૦ સ્કેવરફૂટ વિસ્તારમાં બનાવાયેલા મંદિરમાં નાગર શૈલી સહિતની વિવિધ સ્થાપત્ય શૈલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### ભક્તિભાવ પૂર્ણ માહોલમાં ભગવાનનો વરઘોડો નીકળ્યો

આજે અષાઢી સુદ એકાદશીના દિવસે દર વર્ષની પરંપરા પ્રમાણે શહેરના માંડવી ખાતેના પૌરાણિક ભગવાન વિઠ્ઠલનાથજીના મંદિર ખાતેથી ભગવાનનો વરઘોડો નીકળ્યો હતો. ભગવાનના વરઘોડામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. વડોદરાના રાજવી પરિવારના દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત ૨૧૫ વર્ષ જૂના આ મંદિરમાં બીરાજમાન ભગવાન વિઠ્ઠલનાથજીની મૂર્તિને સવારે ૯ વાગ્યે ચાંદીની પાલખીમાં પધરાવવામાં આવી હતી.


ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax



All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :- રાજસ્થાની થાળી દાલબાટી-ચુરમો
-: શનિવાર :- સુરતી જમણ ઉંધિયું, રબડી-બાસુંદી
-: રવિવાર :- કાઠિયાવાડી ભોજન બાજરીના રોટલા, રીંગણનો ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH 840 Markham Road 416-438-0544
BRAMPTON 90 Eastern Ave Unit 20B 905-799-0013
THORNHILL 1470 Centre Street Unit 13 905-597-5777
PICKERING 512 KINGSTON RD. UNIT 2, 905-839-3277

# ઔદ્યોગિક વિકાસને વેગ આપવા 65 માર્ગોના અપગ્રેડેશનને મંજૂરી

## રાજ્ય સરકાર દ્વારા રૂપિયા 1470 કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ, 83 કિલોમીટર વાળા માર્ગોને ફોર લેન કરાશે

**ગાંધીનગર**

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવા રાજ્ય સરકારે મોટી જાહેરાત કરી છે. જેમાં સરકારે રાજ્યના ઔદ્યોગિક વિસ્તારો અને ક્વૉરી વિસ્તારોને જોડતા કુલ 688 કિલોમીટરના 65 માર્ગોના અપગ્રેડેશન અને મજબૂતીકરણ માટે રૂપિયા 1470 કરોડ રૂપિયાની ફાળવણી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રીએ આ હેતુસર ઉદ્યોગ અને ખાણ વિભાગ સાથે પરામર્શ કરીને તેમની જરૂરિયાતો પણ ધ્યાને લેવાનો નવતર અભિગમ અપનાવ્યો છે. ઔદ્યોગિક વિસ્તારોને તથા ક્વોરીને



જોડતા આ રસ્તાઓના કામો થવાથી આ રસ્તાઓને જોડતા શહેરો, નગરો, ગામોના ટ્રાફિકને સરળતા રહેશે અને વાહન વ્યવહાર લાયક સારા માર્ગોની સગવડતા મળશે. આ ફાળવણી અન્વયે 83 કિલોમીટર વાળા માર્ગોને ફોર લેન સુધી પહોળા કરવામાં આવશે તેમજ 173 કિલોમીટર રસ્તાની લંબાઈ 10 મીટર સુધી પહોળી કરાશે. આ કામ સાથોસાથ 432 કિલોમીટર લંબાઈનું મજબૂતીકરણ-સ્ટ્રેન્ધનીંગ કરાશે તેમજ પૂલ/ક્રોસ ડ્રેનેજ સ્ટ્રક્ચર્સના જરૂરી મજબૂતીકરણ તથા વાઈડનીંગ કરવામાં આવશે. વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ તૈયાર થયા પછી જરૂરિયાત જણાશે આ રસ્તાઓ પર ફ્લાય ઓવર પણ કરાશે. ક્વૉરી વિસ્તારના અને ઉધોગોને જોડતા ગ્રામ્ય માર્ગો પણ વધુ મજબૂતીકરણની તેમજ વાઇડનીંગની જરૂરિયાત ધરાવતા હોય છે, તે બાબતને પણ ધ્યાને રાખવામાં આવેલ છે. માર્ગોના મજબૂતીકરણ અને અપગ્રેડેશન માટે નાણાં ફાળવણીની સૈદ્ધાંતિક મંજૂરીને પરિણામે ભવિષ્યમાં ઉદ્યોગો માટે રો-મટીરીયલ, ફિનિશ્ડ પ્રોડક્ટસ તેમજ મુખ્ય અને ગૌણ ખનિજોના આવા-ગમનની સરળતામાં વધારો થતાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વેગ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રોડ નેટવર્ક વધુ સુદ્રઢ કરવાના હેતુથી છેલ્લા બે વર્ષમાં રોડ સેક્ટરની નાણાંકીય જોગવાઈઓની ફાળવણીમાં 80 ટકાથી વધુનો વધારો કરવાની પહેલ કરી છે.

# મહિલાને નામ અને ફોન નંબર પૂછવો જાતીય સતામણી નથી : પોલીસને હાઈકોર્ટનો ઠપકો

## પોલીસે ફોન છીનવી લઈ ડેટા ડિલિટ કરી દીધા હોવાની ફરિયાદ પણ થઈ હતી

**અમદાવાદ**

ગુજરાત પોલીસે ગાંધીનગરની સમીર રોય નામની વ્યક્તિ સામે એક મહિલાનું નામ, નંબર અને સરનામું પૂછવા બદલ જાતીય સતામણીનો કેસ નોંધ્યો હતો. આ કેસની સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે આ ટિપ્પણી કરી હતી. અહેવાલો મુજબ 26 એપ્રિલે એક મહિલાએ પોલીસ સ્ટેશનમાં સમીર રોય નામની વ્યક્તિ વિરુદ્ધ જાતીય સતામણીની ફરિયાદ નોંધાવી હતી. આ મહિલાએ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે સમીરે તેનું નામ, સરનામું અને મોબાઈલ નંબર માંગ્યો હતો. આ ફરિયાદ બાદ યુવક પર IPCની કલમ 354A હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો, જેની સુનાવણી 16મી જુલાઈએ થઈ હતી. આ ફરિયાદ પછી સમીર રોયે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. તેનું કહેવું કે 'મારી સામે નોંધાયેલી એફઆઈઆર પોલીસ અત્યાચારનો બદલો લેવાનું કાવતરું છે. 25મી એપ્રિલે પોલીસે મને ટોર્ચર કર્યો હતો. આ અંગે ફરિયાદ કરતા પોલીસે મારો ફોન છીનવી લીધો હતો અને તેમાંથી અમુક ડેટા પણ ડિલીટ કરી દીધો હતો. મારી વિરુદ્ધ નોંધાયેલો કેસ જાતીય સતામણીનો છે, તે વાત તો મને નવમી મેના રોજ ખબર પડી હતી.'

જસ્ટિસ નિર્જર દેસાઈએ કહ્યું, 'જો કોઈ અજાણી મહિલાનો નંબર માંગે, તો તે ખોટું છે, પરંતુ આ કારણસર FIR નોંધવી યોગ્ય નથી . હા, નંબર માંગવો એ અયોગ્ય હોઈ શકે છે, પરંતુ કોર્ટનું માનવું છે કે જો આપણે આઈપીસીની કલમ 354 જાતીય સતામણી અને તેની સજા અંગેની છે.'

# એલિસબ્રિજમાં થયેલી લૂંટનો ભેદ ઉકેલાયો

## ક્રાઈમ બ્રાંચે 2ને પકડી 35 લાખ રિકવર કર્યા

**અમદાવાદ**

અઠવાડિયા પહેલા માણસોથી ધમધમતા રહેતા લો ગાર્ડ નજીકથી ધોળા દીવસે આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી ફિલ્મી ઢબે રૂપિયા 65 લાખ રૂપિયાની લૂંટ ચલાવવાની ઘટનામાં ક્રાઈમ બ્રાન્ચે બે લોકોની ધરપકડ કરી છે. આંગડિયા પેઢીના કર્મચારીને ઓટોરિક્ષામાં પસાર થઈ રહ્યો હતો ત્યારે આંખમાં મરચાંની ભૂકી છાંટીને ધોળે દિવસે લૂંટી લીધો હતો. આજથી થોડા દિવસ પૂર્વે એલિસબ્રિજ જિમખાના પાસે આંગડિયા પેઢીનો કર્મચારી 65 લાખ રૂપિયાની રોકડ લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે લૂંટારુઓએ ઓટોરિક્ષામાં આવીને આંગડિયા પેઢીના કર્મચારીની આંખોમાં મરચાંની ભૂકી નાખીને પૈસા ભરેલો થેલો લઈને લૂંટ મચાવીને નાસી છૂટયા હતા. આ મામલે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કાર્યવાહી કરીને ભેદ ઉકેલ્યો છે અને 33.56 લાખની રિકવરી કરી છે. આરોપીઓએ લગભગ દોઢ મહિનાથી રેકી કરી હતી અને બાદમાં આ લૂંટને અંજામ આપ્યો હતો. લૂંટ ચલાવીને બંને આરોપી જુહાપુરામાં ભાગી છૂટયા હતા.

# મેવાણીનો આક્ષેપ : કોંગ્રેસને મત આપનારાઓને જ ટાર્ગેટ કરાય છે

**અમદાવાદ**

કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ આક્ષેપ કરતા કહ્યું કે, ગીર સોમનાથમાં આહિર, દલિત સમાજને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. તેમના હોટેલો, મકાનો, પાનના ગલ્લાઓ તોડવામાં આવી રહ્યાં છે. કોંગ્રસને મત આપનાર મતદાતાઓને ટાર્ગેટ કરાય છે. કોડીનારથી ઉના જતા રોડ પર પૂર્વ સાંસદના ઝીંગા ફાર્મ ગેરકાયદે ચાલે છે. દિનુ બોઘા સોલંકીના ઘણા બધા બાંધકામો છે, હિંમત હોય તો સરકાર તોડી પાડે. વિધાનસભા કોંગ્રેસ ઉમેદવાર મહેશ મકવાણાની ખોટી રીતે ધરપકડ કરાઈ છે. મકવાણાની અરજી બાદ ભાજપ નેતાની ઑફિસનો ઓટલો તોડવા ટીમ ગઈ હતી. મંગળવારે રાજકોટમાં કોંગ્રેસનો ઉગ્ર વિરોધ જોવા મળ્યો હતો. આજી ડેમ રવિવારી બજારના પથરણાં ધારકોને ખાલી કરવા નોટિસ આપતા કોંગ્રેસે વિરોધ દર્શાવ્યો. વડગામના કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી સહિત રાજકોટ શહેર કોંગ્રેસ કોર્પોરેશનનો ઘેરાવ કરી કમિશ્નરને આવેદન પત્ર આપવામાં આવ્યું. ત્રિકોણ બાગથી RMC સેન્ટ્રલ ઝોન સુધી રેલી કાઢી વિરોધ પ્રદર્શન કરાયું હતું. ઉલ્લેખનીય છે કે, વર્ષોથી રાજકોટના આજીડેમ વિસ્તારમાં રવિવારી બજાર ભરાય છે. રવિવારી બજારના પાથરણાં ધારકોને કલેકટરે લેન્ડ ગ્રેબિંગની નોટિસ ફટકારી હતી.

# મરિન ડ્રાઈવના દ્રશ્યોની યાદ તાજી થઈ, વડોદરામાં હાર્દિક પંડ્યાના 'રોડ શો'માં અભૂતપૂર્વ જન મેદની

**વડોદરા**

વડોદરાના ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાના સ્વાગતમાં મંગળવારે એક રોડ શો યોજવામાં આવ્યો હતો. હાર્દિક પંડ્યાની એક ઝલક મેળવવા માટે અભૂતપૂર્વ માનવ મહેરામણ રોડ શોના રુટ પર ઉમટી પડયો હતો. વડોદરાના એમજીરોડ અને ન્યાય મંદિર વિસ્તારના દ્રશ્યોએ તાજેતરમાં ટીમ ઈન્ડિયાના સ્વાગતમાં મુંબઈમાં મરિન ડ્રાઈવ વિસ્તારમાં યોજાયેલા રોડ શોની યાદ તાજી કરાવી દીધી હતી. માંડવી ખાતેથી રોડ શોની શરુઆત થઈ ત્યારે પગ મુકવાની જગ્યા ના મળે તેવી ગીર્દી જોવા મળી હતી.




# ગુજરાતમાં મહિને 505થી વધુને કરડે છે સાપ

## ચોમાસામાં ગ્રામ્ય વિસ્તારમાં કેસ વધી જાય છે : સૌથી વધુ મૃત્યુ પાછળ ચાર ઝેરી સાપ કારણરૂપ

**અમદાવાદ**

ચોમાસાની સાથે જ ગુજરાતમાં સર્પ દંશના કેસમાં પણ વધારો થવા લાગે છે. ગુજરાતમાં છેલ્લા 6 વર્ષમાં 33 હજારથી વધુ વ્યક્તિને સાપ કરડી ચૂક્યા છે. સાપ કરડવાના સૌથી વધુ કેસ દક્ષિણ ગુજરાતમાં જોવા મળે છે. દર વર્ષે 16 જુલાઈના 'વિશ્વ સાપ દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે. ચોમાસામાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં સાપ કરડવાની ઘટનાઓમાં વધારો થાય છે. ઈમરજન્સી સેવા '108' પાસેથી પ્રાપ્ત વિગત અનુસાર 2019થી જૂન 2024 સુધી સાપ કરડવાના સૌથી વધુ 3012 કેસ વલસાડમાં નોંધાયા છે જ્યારે ડાંગમાં 2186 સાથે બીજા સ્થાને છે.



સર્પદંશના કારણે ઝડપથી યોગ્ય સારવાર ન મળે તો મૃત્યુ થવાની સંભાવનાઓ વધી જાય છે. ચોમાસામાં સર્પદંશ થવા પાછળ સર્પ વિશેષજ્ઞો ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી ઉપરાંત સાપનાં ઈંડાંમાંથી બચ્ચાં નીકળવાના સમયને કારણભૂત માને છે. ગુજરાતમાં જોવા મળતી લગભગ 60થી 62 જેટલી પ્રજાતિઓમાંથી માત્ર ચાર સાપના દંશ મનુષ્યો માટે જીવલેણ સાબિત થઈ શકે છે. જોકે, સર્પદંશ થાય ત્યારે એક મિનિટનો પણ સમય બગાડ્યા વિના તાત્કાલિક સારવાર મળી જાય તો જીવ બચાવી શકાય છે.

ગુજરાત સહિત ભારતમાં સર્પદંશથી થતા સૌથી વધુ મૃત્યુ પાછળ મુખ્યત્વે ચાર ઝેરી સાપ કારણરૂપ હોય છે. જેમાં નાગ (ઈન્ડિયન કોબ્રા), કાળોતરો (ઈન્ડિયન ક્રેટ), ખડચિતળો (રસેલ્સ વાઈપર) અને ફુરસો (સો સ્કેલ્ડ વાઈપર)નો સમાવેશ થાય છે. બીજો કોઈ ઉપાય ન હોય ત્યારે જ તે પોતાના બચાવના આખરી ઉપાય તરીકે મનુષ્યને કરડે છે. સાપને છંછેડો નહીં અને એની હાજરીથી તમે ગભરાઈ ન જાવ તો તે શાંતિથી તમારા પગ પરથી પણ સરકી જશે.

# અંબાણીના લગ્નમાં બ્લાસ્ટ કરવાની ધમકી આપનાર વડોદરાથી ઝડપાયો

**વડોદરા**

વિશ્વના ટોચના ધનિકોમાં સામેલ અબજપતિ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીના લગ્નમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપનારો પકડાઈ ગયો છે. પોલીસે આરોપીને વડોદરામાંથી પકડ્યો છે.

અનંત અંબાણીના લગ્ન 12 થી 15 જુલાઈ દરમિયાન બાંદ્રા કુર્લાના જિયો કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયા હતા. તેમાં વિશ્વભરના ઉદ્યોગપતિઓ, વડાપ્રધાન સહિત રાજકીય આગેવાનો તેમજ ફિલ્મી હસ્તીઓ સહિતની અન્ય પ્રતિભાશાળી હસ્તીઓએ હાજરી આપી હતી. આ દરમિયાન ઈમેલ દ્વારા અનંત અંબાણીના લગ્ન દરમિયાન બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવી હતી. તેમાં દુનિયાભરમાં ઉથલપાથલ મચાવવાની વાત કહેવામાં આવી હતી. ધમકી આપતો મેલ મળતા મુંબઈ પોલીસ દોડતી થઈ હતી અને તપાસનો ધમધમાટ વડોદરા સુધી પહોંચ્યો હતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ વડોદરાના બાપોદ વિસ્તારમાં ઘસી આવી હતી અને વાઘોડિયા રોડ પર સુવર્ણ લક્ષ્મી અપાર્ટમેન્ટમાં દરોડો પાડી વિરલ કલ્પેશભાઈ આશરા નામના આરોપીને દબોચી તરત જ મુંબઈ રવાના થઈ હતી.

# દક્ષિણ ગુજરાતમાંથી વર્ષમાં 28 હજાર મેટ્રીક ટન કૃષિ પેદાશો એક્સપોર્ટ થઇ

## કેળાની મીડલ ઇસ્ટના દેશોમાં, યુકેમાં શાકભાજી, કેનેડા-જાપાનમાં ફ્રોઝન વેજીટેબલની ડિમાન્ડ

**સુરત**

સુરત શહેર સહિત દક્ષિણ ગુજરાતના ખેડુતો દ્વારા ખેતરોમાં પાકતા બાગાયતી પાકોમાં ગ્રાન્ડ- ૯ કેળાની મીડલ ઈસ્ટ કન્ટ્રીમાં એટલી બધી ડિમાન્ડ છે કે આ વર્ષે વિવિધ શાકભાજી, ફળો, કઠોર તેમજ અન્ય પાકો મળીને કુલ ૨૮ હજાર મેટ્રીક ટનમાંથી ૨૩ હજાર મેટ્રીક ટન કેળા મીડલ ઈસ્ટ કન્ટ્રીમાં એકસપોર્ટ કરવામાં આવ્યા છે. છેલ્લા છ વર્ષમાં ૬.૨૧ લાખ મેટ્રીક ટન કૃષિ પેદાશો વિદેશમાં એકસપોર્ટ કરાઈ છે.

આ વર્ષે એટલે કે ૧-૪-૨૩ થી અત્યાર સુધીમાં શાકભાજી, ફળો, ફોઝન શાકભાજી, કેળા, કેરી અને ભીંડા મળીને કુલ્લે ૨૮૪૧૦.૧૮ મેટ્રીક ટન કૃષિ પેદાશો વિદેશમાં એકસપોર્ટ કરાઈ છે. આ એકસપોર્ટમાંથી સૌથી વધુ ૨૩૫૦૯.૭૪ મેટ્રીક ટન કેળાની નિકાસ કરવામાં આવી છે. અને તે પણ ફકત મીડલ ઈસ્ટ કન્ટ્રીમાં જ થઈ છે. આમ મીડલ ઈસ્ટ કન્ટ્રીમાં દક્ષિણ ગુજરાતમાં પાકતા કેળાની ભારે ડિમાન્ડ છે. આ મીડલ ઈસ્ટ કન્ટ્રીમાં ઈરાન, સાઉદી અરેબિયા,ઈઝરાયેલ, જોર્ડન, ઈજિપ્ત જેવા દેશોનો સમાવેશ થાય છે. જયારે યુકેમાં શાકભાજીની, કેનેડામાં શાકભાજી અને ફોઝન વેજીટેબલ, જાપાનમાં ફોઝન વેજીટેબલ એકસપોર્ટ કરવામાં આવે છે.

છેલ્લા છ વર્ષમાં દક્ષિણ ગુજરાતમાં પાકતા વિવિધ પાકોમાંથી અત્યાર સુધીમાં ૬.૨૧ લાખ મેટ્રીક ટન કૃષિ પેદાશો વિદેશમાં એકસપોર્ટ કરવામાં આવી છે. આ એકસપોર્ટ કરવા માટે ફાયટો સેનેટરી સર્ટિફિકેટ લેવા પડે છે. આ માટે સરકારે પ્લાન્ટ કવોરેન્ટાઈનની સ્થાપના કરી છે. છેલ્લા પાંચ વર્ષમાં અલગ અલગ કંપનીઓએ ૧૮૯૫૯ સર્ટિફિકેટ ઈસ્યુ કરાયા છે.

# સુરત એરપોર્ટના વિસ્તરણ માટે જમીનના સંપાદનને મંજૂરી

**સુરત**

સુરતીઓને સરકાર તરફથી વધુ એક નવી ભેટ મળવા જઈ રહી છે. છેલ્લા ઘણા સમયથી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના વિકાસ માટે ચાલી રહેલી ચળવળ બાદ રાજ્ય સરકાર દ્વારા એરપોર્ટના વિસ્તરણ માટે ખાનગી જમીનો સંપાદન કરવાની મંજૂરી આપી દેવામાં આવી છે. હાલ સરકાર દ્વારા એરપોર્ટ નજીકની 80 હજાર ચોરસ મીટરથી વધુની ખાનગી જમીનનું સંપાદન કરવામાં આવશે.

સુરત ઈન્ટરનેશન એરપોર્ટના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા ખાનગી જમીનો સંપાદન કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂરી મળવાથી હવે મગદલ્લાના કુલ 20 સર્વે નંબરોની 80643 ચોરસ મીટર ખાનગી જમીનનું સંપાદન કરવામાં આવશે. જો કે જમીન સંપાદન કરવા માટે સરકાર દ્વારા વર્ષ 2013ના સંપાદન નિયમ પ્રમાણે વળતર પણ ચૂકવવામાં આવશે. સુરત એરપોર્ટના વિકાસ માટે 215 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

# વલસાડમાં ઓવરટેક કરવાની લાહ્યમાં અકસ્માત : ત્રણ નિર્દોષ લોકોના મોત



**પારડી**

પારડી તાલુકાના નેવરી ગામે મંગળવારે બસ સ્ટેન્ડ પાસે વિચિત્ર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી અનુસાર આ અકસ્માતમાં ટેમ્પો, રિક્ષા અને પીકઅપ ટેમ્પો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં રિક્ષામાં સવાર 2 મહિલા અને એક યુવકના મોત નિપજ્યા હતા.

આ ઘટનામાં ટેમ્પો નાનાપોંઢા તરફ જઈ રહ્યો હતો અને રિક્ષા પારડી તરફ આવી રહી હતી. તે દરમિયાન પીકઅપ ટેમ્પો ચાલકે રિક્ષાને ટક્કર મારતા સામેથી આવતા ટેમ્પોમાં અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રિક્ષામાં સવાર નેવરી ગામની સુરેખા ઉત્તમ પટેલ (ઉવ.42), રાજુબેન અરવિંદ પટેલ (ઉવ.420 અને કપરાડા બારપુડાનો યુવાન લલિત સંજય બીડગર (ઉવ.18) સહિત 3ના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. અકસ્માત સર્જી પીકઅપ ટેમ્પો ચાલક ભાગવા જતા પારડી જીઆઈડીસી પાસે પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. પીકઅપ ટેમ્પો ચાલકને ઝડપી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. રિક્ષા ચાલક પ્રિતેશ મુલજી રાઠોડ (રહે. પંચલાઈ તા.પારડી)ને ગંભીર ઈજા પહોંચતા મોહન દયાળ હોસ્પિટલમાં ખસેડાતા તેની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :-------- 10 AM TO 7 PM
--------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# જેસર તાલુકાના રાણીગામે કુહાડીના ઘા ઝીંકી કાકાની હત્યા, ભત્રીજાને ઈજા, 6 સામે ફરિયાદ

## વાડીના શેઢા પરીથી માટી લેવા બાબતે બે પક્ષો વચ્ચે સશસ્ત્ર ધીંગાણું ખેલાયું હતું

જેસર

જેસર તાલુકાના રાણીગામમાં રહેતા રઘુભાઈ જીવકુભાઈ ઉર્ફે બાબભાઈ કામળિયાએ તેમની વાડીમાં પાણી ભરાતું હોવાથી પાણીના નિકાલ માટે માટી ખોદાવતા હતા. તે દરમિયાન બાજુમાં વાડી ધરાવતો મામીયા ભગતભાઈ ગીડ નામના શખ્સે કુહાડી લઈ આવી માટી કાઢવાની ના પાડી પગના ભાગે કુહાડીનો ઘા ઝીંકી દીધો હતો. જેથી યુવાને તેના કાકા પ્રતાપભાઈ એભલભાઈ કામળિયાને ફોન કરી બોલાવતા તેઓ વાડીએ આવી રહ્યા હતા. આ સમયે મામિયાના પુત્રો અશ્વિન ગીડ, રઘુ ગીડ અને દેવશી ભગતભાઈ ગીડ નામના શખ્સોએ હાથમાં કુહાડી, ધારિયુ અને પાઈપ લઈ પ્રતાપભાઈ કામળિયાને રસ્તામાં ઉભા રાખી પકડી રાખી માથાના ભાગે કુહાડીના ત્રણ ઘા અને પગના ભાગે પાઈપ વડે માર મારી ગંભીર ઈજા પહોંચાડી યુવાનને ગાળો દઈ જાનથી મારી નાંખવા હતી. જ્યારે ગંભીર ઈજા પામેલા પ્રતાપભાઈને ગારિયાધાર બાદ વધુ સારવાર માટે ભાવનગરની બિમ્સ હોસ્પિટલ ખસેડવામાં આવતા તેઓનું સારવાર દરમિયાન મોત થતાં મારામારીનો બનાવ હત્યામાં પરિણમ્યો હતો. જ્યારે સામે પક્ષે મામીયાભાઈ ભગતભાઈ ગીડ (ઉ.વ.૫૯)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમની વાડીના શેઢે રસ્તો બનાવેલ હોય અને આર.સી.સી.ની દિવાલ બનાવેલ હોય, જેમાં રઘુ કામળિયા જેસીબીવાળા પાસે ખોદાવી માટી તેમની વાડીમાં લઈ જઈ પાળો બનાવતો હતો. આથી તેને દિવાલ પાસેથી માટી લેવાની ના કહેતા રઘુએ ઝપાઝપી તેમજ પ્રતાપભાઈએ કુહાડી અને લાકડી વડે માર માર મારી ઈજા કરી હતી.

# લીમડીમાં યુવરાજસિંહના સગાના ઘરમાં સંતાયેલી નીતા ચૌધરીને ATSએ દબોચી

લીમડી

નાસતી ફરતી પૂર્વ પોલીસ કોન્સ્ટેબલ નીતા ચૌધરી આખરે મંગળવારે લીમડી નજીકના ગામમાંથી ઝડપાઈ છે. ગુજરાત એટીએસ જેવી એજન્સી સક્રિય થયા પછી નીતા ચૌધરી તેના સાગરિત અને કચ્છના બુટલેગર યુવરાજસિંહના સાસરી પક્ષના સંબંધીના ઘરેથી લીમડી નજીકના ગામમાંથી પકડાઈ છે.

બુટલેગર અને દારૂ સાથે ઝડપાયા બાદ પોલીસ પર જ થાર ગાડી ચડાવી દઈ હત્યાની કોશિશ કરવાના ગંભીર ગુનામાં નીતા ચૌધરીને સેશન્સ કોર્ટે જામીન રદ કરતાં છેલ્લા પખવાડિયાથી પોલીસને ખો આપી નાસતી ફરતી હતી. ગુજરાત એટીએસએ જણાવ્યું હતું કે, ગત 30 જૂનના પૂર્વ ઘટના દારૂના સૌથી મોટા બુટલેગર યુવરાજસિંહ જાડેજા સાથે પૂર્વ કચ્છ સીઆઈડીની મહિલા કોન્સ્ટેબલ નીતા ચૌધરી દારૂ સાથે થાર કારમાં ઝડપાઈ ગઈ હતી. દારૂ લઈને આવતી વખતે રોકવાનો પ્રયાસ કરનાર ભચાઉના પીએસઆઈ પર નંબર પ્લેટ વગરની પોતાની થાર ગાડી ચડાવી દઈ હત્યા કરવાની પણ કોશિશ કરી હતી. આ કેસમાં અનેક ઉતાર ચઢાવ આવ્યા બાદ આખરે સેશન્સ કોર્ટ દ્વારા તેના જામીન નકારી દેવામાં આવ્યા હતા અને જેલ હવાલે કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

# દેમાર વરસાદ થવા છતાં રાજ્યના 206 જળાશયોમાં હજી 34.21 ટકા જ પાણી

જામનગર

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. જેના લીધે નદી-નાળા છલકાતાં ડેમમાં પાણી આવક વધી છે. રાજ્યમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા વરસાદના પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ 52 ટકાને પાર કરી ગયો છે.

સરદાર સરોવરમાં હાલમાં 1,75,662 મિલિયન ક્યુબિક ફિટ એટલે કે કુલ સંગ્રહ શક્તિના 52.58 ટકા જેટલો જળસંગ્રહ જ્યારે રાજ્યના કુલ 206 જળાશયોમાં 1,91,640 મિલિયન ક્યુબિક ફિટ એટલે કે કુલ સંગ્રહ શક્તિના 34.21 ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. આજે સવારે 8.00 કલાકના અહેવાલ મુજબ સૌરાષ્ટ્ર વિસ્તારમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા અનારાધાર વરસાદના પરિણામે ત્રણ જળાશયો સંપૂર્ણ છલકાયા છે.

જામનગર જિલ્લાનો વાગડીયા અને સસોઈ-2 ડેમ તથા સુરેન્દ્રનગર જિલ્લાનો વાંસલ ડેમ 100 ટકા ભરાતા હાઈ એલર્ટ અપાયું છે. આ સિવાય રાજ્યના પાંચ ડેમ 80 ટકાથી 90 ટકા ભરાતા એલર્ટ પર છે જેમાં જૂનાગઢના ઓઝત-2 અને બાંટવા-ખારો ડેમ, મોરબીના ગોડાધ્રોઈ, રાજકોટના ભાદર-2 તથા ભરૂચના ધોલી ડેમને એલર્ટ અપાયું છે

# રાધિકા અને અનંતનું જામનગરમાં ભવ્ય સ્વાગત ઢોલ-નગારાના તાલે પુષ્પવર્ષા અને આતશબાજી

## રિલાયન્સ સંકુલના પરિવારની બાળાઓ દ્વારા ઈંઢોણી અને કળશ સાથે સામૈયુ કરવામાં આવ્યું

જામનગર

દેશના ધનાઢ્ય પરિવારના સુપુત્ર અને જામનગરના રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મુખ્ય સંચાલક વ્યવસ્થાપક એવા મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણી તેમજ રાધિકા અંબાણી કે જે બંને નવ દંપતિએ તાજેતરમાં મુંબઈમાં લગ્ન સમારોહ સંપન્ન કરીને મંગળવારે રાત્રે ચાર્ટર પ્લેન મારફતે જામનગરના એરપોર્ટ પર રાત્રિના 11.00 વાગ્યે આવી પહોંચ્યા હતા. જે બંનેનું પુસ્પવૃષ્ટિ કરીને ભવ્ય સ્વાગત કરાયું હતું. સાથો સાથ ઢોલ નગારા શરણાઈના સૂર પણ રેલાવવામાં આવ્યા હતા. તેઓ માટેની વૈભવી કારને ફુલોથી શણગારવામાં આવી હતી, જે કારમાં બેસીને તેઓએ મોટી ખાવડી તરફ પ્રયાણ કર્યું હતું. અંબાણી પરિવાર તથા રિલાયન્સ સંકુલના પરિવારની બાળાઓ



દ્વારા ઈંઢોણી અને કળશ સાથે સામૈયુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એરપોર્ટની બહારના ભાગમાં ભવ્ય આતશબાજી કરાઈ હતી. મોટર માર્ગે જામનગરથી મોટીખાવડી પહોંચ્યા દરમિયાન રસ્તામાં પણ આતશબાજી કરવામાં આવી હતી.

# આફ્રિકામાં રાજકોટના યુવાનને ચોરીના આરોપમાં કંપનીના માલિકે બંધક બનાવીને 20 લાખ માંગ્યા

રાજકોટ

રાજકોટના વાવડી વિસ્તારમાં રહેતો અને બે વર્ષ પૂર્વે આફ્રિકા ગયેલ યુવક પર ચોરીમો આરોપ લગાવી તેના જ માલિક દ્વારા અપહરણ કરી એક મહિનાથી તેને બંધક બનાવ્યો હોવાની ઘટના સામે આવી છે. કંપનીના માલિક દ્વારા યુવકના પરિવારજનોને વિડીયો કોલ કરીને આઠ હજાર ડોલર એટલે કે વીસ લાખ રૂપિયા આપવાની માંગ કરી હતી. જો કે આ બાદ પરિવાર ભારતીય એમ્બેસી અને સ્વામિનારાયણ સંતો પાસે મદદ માટે ગયા હતા પણ હજુ



સુધી કોઈ મદદ મદદ મળી નથી અને હવે પરિવાર સરકાર પાસે મદદની ગુહાર લાવી રહ્યા છે.

હાલ પ્રાપ્ત થતી વિગતો અનુસાર રાજકોટના વાવડી વિસ્તારમાં રહેતો જય દિનેશભાઈ કોરિયા નામનો યુવક બે વર્ષ પૂર્વે આફ્રિકા ગયો હતો. જ્યાં તેણે બે વર્ષ સુધી નોકરી કર્યા બાદ રાજકોટના જ લોધિકાના વતની મેહુલ ગોહેલની આફ્રિકાના કિન્શાસા ખાતેની બોરવેલની કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી શરૂ કરી હતી. અહી તે કંપનીના તમામ આર્થિક વહીવટ સંભાળતો હતો અને આ દરમિયાન કંપનીના હિસાબમાં આઠ હજાર ડોલરની ચૂક થઈ જતાં તેના પર ચોરી કર્યા હોવાનો આરોપ લગાવ્યો હતો અને જૂન મહિનાની 3જી તારીખથી કંપનીના માલિકે તેને બંધક બનાવીને એક રૂમમાં પૂરી દીધો હતો. માલિક દ્વારા જ જેને બંધક બનાવ્યા બાદ તેના પરિવારને વિડીયો કોલ કરીને હિસાબમાં ગુમ થયેલી રકમ માંગી હતી.

# કોડીનારનાં ઘાંટવડમાં 153 ફૂટ અને ઊંચા ત્રિશૂલની વિધિપૂર્વક સ્થાપના

## રૂદ્રેશ્વર મહાદેવ મંદિર પાસે લીંબડીમાં ભીમનાથ મંદિરે 125 ફૂટનું અને નેપાળમાં 81 ફૂટ ઉંચુ ત્રિશૂલ હયાત છે





કોડીનાર

કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામે યંકુમતી નદીના કાંઠે બિરાજતા રૂદ્રેશ્વર મહાદેવ મંદિરે અષાઢી ગુપ્ત નવરાત્રિના નવમા નોરતે 153 ફૂટ ઉંચા ત્રિશુલની વિધિવત સ્થાપના કરાઈ છે. ઉલ્લેખનીય છે કે લીંબડીમાં ભીમનાથ મહાદેવ મંદિરે 125 ફૂટનું, નેપાળમાં 81 ફૂટ ઊંચુ ત્રિશુલ હૈયાત છે. તેની વર્તમાન ઉંચાઈ કરતા વધુ ઉંચાઈવાળુ ત્રિશુલ સ્થાપિત થયું છે.

કોડીનારથી 17 કિલોમીટર દૂર ઘાંટવડ ગામ નાં શિંગોડા નદીના કિનારે આવેલા આવેલા રૂદ્રેશ્વર મહાદેવ મંદિરે 153 ફૂટના ઊંચા ત્રિશુલનું ગુપ્ત નવરાત્રિના 8મા નોરતે બપોરે 12.39 વાગ્યે સ્થાપન કરવામાં આવ્યું છે. શ્રી રૂદ્રેશ્વર જાગીરભારતી આશ્રમના મહંત અને શ્રી પંચદશનામ જૂના અખાડા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ઈન્દ્રભારતીબાપુએ જણાવ્યું હતું કે, ગુરૂદેવ પ્રેમભારતીબાપુ રતીબાપુએ જ્યાં તેમના જીવનના સૌથી વધુ વર્ષ વિતાવ્યા તે ઘાંટવડમાં યંકુમતી નદીના કિનારે રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમ પાસેના રૂદ્રેશ્વર મહાદેવ મંદિર પાસે આ ત્રિશુલની સ્થાપના કરવામાં આવી છે 132 ફૂટના થાંભલા પર 21 ફૂટનું ત્રિશૂલ બનાવાયું છે. કુલ ઊંચાઈ 153 ફૂટની છે. ગુજરાતમાં લીમડી પાસે આવેલા ભીમનાથ મહાદેવ મંદિરે સૌથી ઊંચું 125 ફૂટના ત્રિશૂલની સ્થાપના કરાઈ હતી જ્યારે નેપાળમાં 81 ફૂટ ઊંચું ત્રિશૂલ આવેલું છે. ત્રિશૂલનું વજન 450 કિલો છે તેમાં સ્ટીલ અને લોખંડનો ઉપયોગ કરાયો છે. કુલ વજન 2200 કિલો છે. જમીન પર 15 X 15નું ફાઉન્ડેશન બનાવવામાં આવ્યું હતું. અને તેમાં 5X5નો કોલમ બનાવાયો છે. 3 સ્ટેપમાં કામ પૂરૂં કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ ફાઉન્ડેશન, આરસીસી અને કોલમનું કામ કરાયું હતું.

# ગીર નજીક એક સિંહણ અને બે બાળ સિંહના શંકાસ્પદ મૃતદેહ મળી આવ્યા

જુનાગઢ

જિલ્લામાં સિંહોની માઠી દશા બેઠી હોય તેમ એક બાદ એક સિંહ કમોતે મરી રહ્યા છે. થોડા સમય પહેલા વિસાવદર પંથકમાં ઓઝત નદીના પટમાંથી સિંહનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો હતો. ત્યારે જુનાગઢ જિલ્લામાં માળીયાહાટીના તાલુકાના ખોરાસા ગીર નજીકથી એક સિંહણ અને બે બચ્ચાનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યાની ઘટના બની છે. ત્રણેયના મોત શા કારણે થયા તે અંગેની હજુ વન વિભાગ તપાસ કરી રહી છે. પોલીસ અને વન વિભાગે ઘટના સ્થળે પહોંચી મૃતદેહ મળ્યા એ જગ્યાનો રસ્તો બંધ કરી સમગ્ર ઘટના અંગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.


જુનાગઢ જિલ્લામાં ખોરાસા ગીરથી જુના પાતળાના રસ્તા પર એક સિંહણ અને બે બચ્ચા મૃત હાલતમાં મળતા સ્થાનિકોએ તંત્રને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા પોલીસ અને વન વિભાગનો સ્થાનિક સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. વન વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા પ્રમાણે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી અને આસપાસના રેન્જમાંથી વન વિભાગનો સ્ટાફ બોલાવી તપાસ કરવામાં આવી રહી છે.

# પત્ની સાથે બોલાચાલી થયાની દાઝ રાખી પતિને છરીના ઘા ઝીંકી દેવાયા

ભાવનગર

ખેડૂતવાસ, શીતળા માતાજીના મંદિર પાસે રહેતા પંકજભાઈ વેગડના પત્ની રેખાબેનનો બે દિવસ પહેલા ઈશ્વર ગોરધનભાઈ વાજા સાથે બોલાચાલી-ઝઘડો થયો હતો. આ બાબતની દાઝ રાખી ગઈકાલે પંકજભાઈ વેગડ મચ્છીબજારમાં તેમના પત્ની રેખાબેનના કપડાં લેવા માટે ગયા હતા. તે દરમિયાન ઈશ્વર ગોરધનભાઈ વાજા અને જય નામના શખ્સોએ પંકજભાઈને ગાળો આપી છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડતા તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

સ્વદેશ




## ઈશા દેઓલ તેલુગુ ફિલ્મથી મોટા પડદે પાછી ફરશે

મુંબઈ : એક્ટ્રેસ ઈશા દેઓલ મોટા પડદે પાછી ફરી રહી છે. જોકે, તે કોઈ હિંદી નહીં પરંતુ ‘હિરો હિરોઈન‘ ટાઈટલ ધરાવતી એક તેલુગુ ફિલ્મમાં દેખાશે. ઈશા દેઓલ છેલ્લા કેટલાક સમયથી માત્ર ઓટીટી વેબ સીરિઝ તથા કેટલીક શોર્ટ ફિલ્મોમાં જ સક્રિય રહી છે. થોડા સમય અગાઉ અજય દેવગણ સાથે ‘રુદ્ર વેબ સીરિઝ’ તથા સુનિલ શેટ્ટી સાથે ‘હંટર’ સીરિઝમાં કામ કરી ચૂકી છે. બહુ લાંબા સમયથી મોટા પડદા પર તેની કોઈ ફિલ્મ આવી નથી.

## કૃતિ સૈનનની મીના કુમારીના બાયોપિકનું શૂટિંગ ફરી ઠેલાયું



મુંબઈ : વિતેલા જમાનાની અભિનેત્રી મીના કુમારીની બાયોપિકનું શૂટિંગ વધુ પાછળ ઠેલાઈ ગયું છે. આ ફિલ્મમાં કૃતિ સેનન મીના કુમારીની ભૂમિકા ભજવવાની છે. આ ફિલ્મનું શૂટિંગ મૂળ તો ઓક્ટોબર ૨૦૨૩માં જ શરુ થઈ જવાનું હતું. પરંતુ, કેટલાયં કારણોસર તેમાં સતત વિલંબ થતો રહે છે. હવે છેક ૨૦૨૫માં જ શૂટિંગ શરુ થઈ શકે તેવી ધારણા છે.



કોશ્ચ્યુમ ડિઝાઈનર મનીષ મલ્હોત્રા આ ફિલ્મથી ફિલ્મ દિગ્દર્શનમાં ઝંપલાવી રહ્યો છે. કથિત રીતે તે હજુ સુધી ફિલ્મની સ્ક્રિપ્ટથી સંતુષ્ટ નથી. તેણે સ્ક્રિપ્ટમાં અનેક ફેરફારો સૂચવ્યા છે. તેના કારણે હવે સમગ્ર શિડયૂલ જ વધુ એક વાર પાછળ ધકેલાઈ ગયું છે. અગાઉ આ ફિલ્મની જાહેરાત થઈ ત્યારે મીના કુમારીના પતિ સ્વ. કમાલ અમરોહીની પરિવારે શરુઆતમાં વાંધો ઉઠાવ્યો હતો. જોકે, બાદમાં તેમણે પોતાનો વાંધો પાછો ખેંચ્યો હતો. પરંતુ, આ વિવાદમાં ફિલ્મ વધુ ઠેલાઈ ગઈ હતી.

કૃતિ સેનન લાંબા સમયથી મીના કુમારીનું પાત્ર ભજવવા માટે તૈયારીઓ કરી રહી છે. તેણે મીના કુમારીની મોટાભાગની ફિલ્મો પણ જોઈ નાખી છે.

## અચાનક તબિયત બગડતા જહાન્વી કપૂર હોસ્પિટલમાં દાખલ

બોલિવૂડ અભિનેત્રી જહાન્વી કપૂરને લઈને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે કે, અભિનેત્રીની અચાનક તબિયત બગડતા તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર જહાન્વી કપૂરને ફૂડ પોઈઝનિંગ થયું હતું. જેના કારણે તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામા આવી હતી. આ સમાચાર સાંભળતા જ તેના ચાહકોમાં ચિંતા વ્યાપી ગઈ છે, અને અભિનેત્રી જલ્દી સ્વસ્થ થઈ જાય તે માટે પ્રાર્થના કરી રહ્યા છે.



જહાન્વી કપૂરને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી તે સમાચારની પુષ્ટિ તેના પિતા અને ફિલ્મ નિર્માતા બોની કપૂરે કરી હતી. મીડિયા સાથે વાત કરતાં બોની કપૂરે કહ્યું કે, તેને 1-2 દિવસ હોસ્પિટલમાં રહેવું પડશે. બોની કપૂરના નિવેદન પરથી સ્પષ્ટ થાય છે કે, અભિનેત્રીની તબિયત વધારે ખરાબ થઈ હતી, જેના કારણે તેને વધુ એક કે બે દિવસ હોસ્પિટલમાં દાખલ રહેવું પડશે. આ પહેલા જહાન્વી કપૂર તેના બોયફ્રેન્ડ શિખર પહાડિયા સાથે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નના દરેક ફંક્શનમાં જોવા મળી હતી. જેમાં જહાન્વી એક એકથી ચડિયાતાં વિવિધ પ્રકારના લહેંગા, ચોલી અને ડિઝાઈનર કપડામાં જોવા મળી હતી. આટલું જ નહીં તેનો બોયફ્રેન્ડ શિખર પહાડિયા પણ તેની સાથે દરેક ફંક્શનમાં જોવા મળતો હતો. અભિનેત્રીએ આ લગ્નને ખૂબ એન્જોય કર્યા હતા અને ખૂબ જ મસ્તી પણ કરી હતી.

## રીલિઝ થયાના પાંચ દિવસ પછી ઈન્ડિયન ટૂમાં 12 મિનીટની કાપકૂપ

મુંબઈ: કમલ હાસનની ફિલ્મ ‘ઈન્ડિયન ટૂ’ રીલિઝ થયાના પાંચ દિવસ પછી તેને ૧૨ મિનીટ માટે ટૂંકાવી દેવામાં આવી છે. વાસ્તવમાં આ ફિલ્મ બહુ લાંબી બની ગઈ છે તેવા અનેક રિવ્યૂ મળ્યા હતા. તેને પગલે નિર્માતાઓએ આ નિર્ણય કર્યો છે.

આ ફિલ્મ રીલિઝ થઈ ત્યારે ત્રણ કલાક અને ચાર મિનીટની હતી. હવે રીલિઝ થયા બાદ તેનો રન ટાઈમ ઘટીને બે કલાક અને બાવન મિનીટનો થઈ ગયો છે. અગાઉ એવી ચર્ચા હતી કે ફિલ્મમાં લગભગ ૨૦ મિનીટની કાપકૂપ કરવામાં આવશે. જોકે, ફિલ્મ નિર્માતાઓએ સત્તાવાર રીતે જ જાહેર કર્યું છે




કે તા. ૧૭મી જુલાઈથી અમલ થાય તે રીતે ફિલ્મમાં ૧૨ મિનીટની કાપકૂપ કરાઈ છે. નિર્માતોએ એ પણ સ્વીકાર્યું છે કે ફિલ્મ બહુ લાંબી હોવાના સંખ્યાબંધ રિવ્યૂ બાદ આ નિર્ણય લેવાયો છે. જોકે, ચોક્કસ કયા સીન્સ ઉડાડી દેવાયા છે તે જાહેર કરાયું નથી.

## ‘કિંગ’માં શાહરૂખખાનની ટક્કર અભિષેક બચ્ચન સાથે થશે



મુંબઇ

ગયા વર્ષે વૈશ્વિક સ્તરે બોક્સ ઓફિસ પર ૨,૬૦૦ કરોડ એકત્ર કમાવી આપનાર સળંગ ત્રણ બ્લોક બસ્ટર્સ આપનાર શાહ રૂખ ખાન હવે કહાની ફેમ સુજોય ઘોષ દ્વારા દિગ્દર્શિત અને પઠાનના દિગ્દર્શક સિદ્ધાર્થ આનંદ દ્વારા નિર્મિત એક્શન થ્રિલર કિંગ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. સર્જકો તેને જવાન અને પઠાન જેવી જ ભવ્ય બનાવવા તેમાં મોટી સ્ટાર કાસ્ટ એકત્ર કરી રહ્યા છે.

અભિષેક બચ્ચનને શાહ રૂખ સામે મુખ્ય વિલન તરીકે સામેલ કરાયો છે. તેના પાત્રની વિગતો છાની રખાઈ છે પણ એક અહેવાલ મુજબ તે શાહ રૂખના માફિયા વ્યક્તિત્વનો સામનો કરવા સોફિસ્ટિકેટેડ વિલન તરીકે દેખાશે. શાહ રૂખની પુત્રી સુહાના પણ તેની સાથે મુખ્ય ભૂમિકામાં દેખાશે. તે એવી યુવતીની ભૂમિકા નિભાવી રહી છે જે જીવન બદલી નાખતી ઘટના પછી મુશ્કેલ સંજોગોમાં ફસાઈ પડી છે.









સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news

Rameshbhai Vyas
Director & Publisher
SWADESH



Paresh Peshva
Marketing Director
SWADESH


### સેન નદીમાં પરેડના રિહર્સલનો આરંભ, જડબેસલાક સલામતી વ્યવસ્થા ગોઠવાશે

# પેરિસમાં ઓલિમ્પિક : ઓપનિંગ સેરેમની ભવ્ય-યાદગાર હશે

26 જુલાઈને શુક્રવારના રોજ ફ્રાન્સના ખૂબસૂરત અને પ્રાચીન તેમજ અર્વાચીન શહેર પેરીસમાં સેન નદીના કાંઠે એફિલ ટાવરના સાંનિધ્યમાં ઓલિમ્પિક્સ રમતોત્સવનો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાશે. જેમ પેરીસ શહેર ભવ્ય અને અનોખું છે તેમ ઓપનિંગ સેરેમની પણ અદ્ભુત અને યાદગાર હશે. સત્તાવાર રીતે આ 33મો ઓલિમ્પિયાડ હશે. જેને 'પેરિસ-2024'નામ આપવામાં આવ્યું છે.

11 ઓગસ્ટ રવિવાર સુધી 2024 સુધી ચાલનાર આ પેરિસ ઓલિમ્પિક્સ મહાકુંભ માટે જે એમ્બ્લેમ અથવા પ્રતીક ચિત્ર અપનાવવામાં આવ્યું છે તે ઘણું અર્થસભર છે. તે એક જલતો દીપક પણ દર્શાવે છે, જેને ઓલિમ્પિક્સની મશાલ ગણાય. એ જ ચિત્રમાં એક ભોળા બાળકને જે ખેલદિલી અને નિખાલસતાનું પ્રતીક છે તેને પણ જોઈ શકાય છે. ઓલિમ્પિક્સના ઈતિહાસમાં પેરીસમાં આ ત્રીજી વખત ઓલિમ્પિક રમતોત્સવ યોજાઈ રહ્યો છે. એ રીતે ત્રણ ત્રણ વખત ગેમ્સના યજમાન બનનાર પેરીસ બીજું શહેર બન્યું છે. પ્રથમ વખત સન 1900માં અને બીજી વખત 1924માં પેરીસમાં ઓલિમ્પિક કુંભ યોજાઈ ચૂકયો છે. ત્રણ વખત ગેમ્સના યજમાન બનનારું લંડન પ્રથમ શહેર છે. ત્યાં 1908, 1948 અને 2012માં ઓલિમ્પિકનું આયોજન થયું હતું. સમર ઓલિમ્પિક્સ સ્પર્ધાઓ પૂરી થયા બાદ પેરિસમાં જ વિન્ટર ઓલિમ્પિક્સ યોજાશે. વરસ 2028ની ઓલિમ્પિક અમેરિકાના લોસ એન્જેલસ ખાતે અને 2032ની બ્રિસ્બેન, ઓસ્ટ્રેલિયા ખાતે યોજાશે.

પેરિસમાં આ વખતે રમતોત્સવની ઉદ્ઘાટન વિધિ ખરેખર અનોખી હશે. જેના માટે તડામાર તૈયારી શરૃ થઈ ચુકી છે. પેરીસની વચ્ચેથી પસાર થતી સેન નદી અને તેના બન્ને કાંઠા અદભૂત અને રમણીય જ છે. પ્રસિદ્ધ એફિલ ટાવર આ સેન નદીના કાંઠે આવેલો છે. પેરિસ એક જૂનું છતાં ખૂબ સુંદર શહેર છે. શહેરમાં અનેક સ્થાપત્યો છે. વર્સાઈલનો પ્રસિદ્ધ રાજમહેલ, શાન્ઝે લિઝીનો ચોક અને દરવાજો, નોટ્રેડેમનું ચર્ચ, લુવ્રનું મ્યુઝિયમ વગેરે અનેક સુંદર સ્થાપત્યો સેન નદીના કાંઠે આવેલાં છે. શહેરમાં સેન નદી 6km જેટલી લાંબી છે. નદીમાં સહેલગાહ માટેની સુંદર બોટો ફરતી હોય છે. નદીના બન્ને કાંઠે સદીઓથી પાકા



પથ્થરોના ધક્કાઓનું બાંધકામ અને તેના પર દર્શકોની બેસવાની પથ્થરોની ગેલેરીઓ છે. નદીના કાંઠે લગભગ પાંચ-સાત માળની એક સરખી શૈલીથી બાંધેલી હારબંધ ઈમારતો છે જેના ઢોળાવ આકારના લીલા રંગના છજાઓ પેરિસની અલગ ઓળખાણ છે. બસ આ જ સ્થળે ઓપનિંગ સેરેમનીની તૈયારી ચાલી રહી છે. સામાન્ય રીતે દરેક ઓલિમ્પિક્સમાં જે તે દેશની ટીમોના ખેલાડીઓ મેદાન ઉપર ચાલીને પરેડ કરતાં હોય છે. પરંતુ પેરિસ 2024માં ભાગ લેનારા દરેક દેશના ખેલાડીઓ બોટ ઉપર સવાર થઈને સેન નદીમાં લગભગ 6 km લાંબી પરેડમાં સહભાગી બનશે. આ પરેડને જોવા માટે નદીના બન્ને કાંઠે જડબેસલાક વ્યવસ્થા થશે. આ ભવ્ય નજારો ટેલિવિઝન ઉપર અબજો લોકો દ્વારા નિહાળવામાં આવશે. આ તકે દરેક દેશના નેશનલ ડેલિગેશનને એક એક બોટ ફાળવવામાં આવશે. આ બોટસ ઉપર ટેલિવિઝન કેમેરાઓ ગોઠવેલા હશે, જેથી તેના પર સવાર ખેલાડીઓને દુનિયાના લોકો દૂર અને નજીક બન્ને રીતે જોઈ શકશે. પરેડનાં રિહર્સલો શરૂ થઈ ગયાં છે. એથ્લીટો સાથેની બોટસ પૂર્વમાંથી પશ્ચિમ દિશા તરફ આગળ વધશે, જયાં પશ્ચિમના છેડા નજીક એફિલ ટાવર આવેલો છે. આ રીતે પેરીસ શહેરના કેન્દ્રસ્થ ભાગમાંથી 10500 ખેલાડીઓ પસાર થશે. બોટ પરેડ 6 kmનો રૂટ પૂરો કર્યા બાદ ટ્રોકાડીરો તરીકે ઓળખાતા સ્થળ પર સેરેમની સમાપ્ત થશે અને બાકીની પ્રોટોકલ મુજબની વિધિઓ આ સ્થળે યોજાશે. નદીના કાંઠાઓ પર વિશાળ કદના 80 TV સ્ક્રીનો ગોઠવવામાં આવ્યાં છે. સ્પીકરો પણ ટેક્નિકલ ઢબે ગોઠવવામાં આવ્યા છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ફ્રેન્ચ પ્રમુખ ઈમાન્યુએલ મેકરોન રમતોત્સવને ખુલ્લો મૂકશે. કોઈ પણ પ્રવેશ ટિકિટ વગર જાહેર જનતા ઓપનિંગ સેરેમનીમાં હાજરી આપી શકે તેવો આ સર્વ પ્રથમ ઓલિમ્પિક મહોત્સવ છે. માત્ર નદીથી સાવ નજીકના કાંઠા પરની, અમુક સ્ટેશનથી અમુક સ્ટેશન સુધીની બેઠક વ્યવસ્થામાં બેસવું હશે તો જ ટિકિટ ખરીદવી પડશે.

પેરિસ ઓલિમ્પિકમાં ઓલિમ્પિક ઈવેન્ટ તરીકે બ્રેકડેન્સિંગને પ્રથમ વખત સ્થાન મળશે. પેરિસ 2024ના આયોજન પાછળ ફ્રાન્સની સરકારને 8.3 અબજ યુરોનો ખર્ચ થવાનો અંદાજો છે. રમતોત્સવ પેરિસ ઉપરાંત ફ્રાન્સના અન્ય 12 જેટલા વેન્યુઓમાં યોજાશે. ફ્રાન્સે રમતોત્સવ માટે જે સ્લોગન પસંદ કર્યું છે તે છે, 'ગેમ્સ વાઈડ ઓપન'.

ગત 16 ફેબ્રુઆરીએ ઓલિમ્પિયા, ગ્રીસ ખાતે ઓલિમ્પિકની મશાલ પ્રજવલિત કરવામાં આવી હતી. રમતો શરૂ થવાને 100 દિવસની વાર હોય છે ત્યારે આ ટોર્ચ પેટાવવામાં આવે છે. ગ્રીકના રોવર ખેલાડી સ્ટેફાનોસ દોસ્કોસ પ્રથમ ટોર્ચ બેરર (મશાલચી) બન્યા હતા અને પ્રથમ ફ્રેન્ચ ટોર્ચબેરર તરીકે ફ્રાન્સના તરવૈયા લોર મનાદુ રહ્યા હતા. અનેક ખેલાડીઓના હાથમાં ફરતી ફરતી ટોર્ચ ઉદ્ઘાટન વિધિ સમયે ઓલિમ્પિક વિલેજ ઉપર પહોંચશે. ત્યાં સુધીમાં કુલ 10000 ટોર્ચબેરરોએ તે ઉપાડી હશે અને ફ્રાન્સના 65 પરગણાના 400થી વધુ સ્થળોએ થઈને મશાલ ઓલિમ્પિક વિલેજ ખાતે આવશે. એ 400 સ્થળોમાંથી છ દરિયાપારનાં સ્થળો છે.

આયોજકના દાવા પ્રમાણે ઉદ્ઘાટન વિધિ, એફિલ ટાવરના બેકડ્રોપમાં, ખૂબ જ શાનદાર હશે. સેન નદીના કાંઠા નજીકની ગેલેરી માટે ટિકિટ રાખવામાં આવી છે જેમાં મહત્તમ એક લાખ ટિકિટો ઈસ્યુ કરાશે. બાકીની કોઈ જગ્યા માટે ટિકિટ નહીં ખરીદવી પડે અને તેથી પેરીસ 2024ને 'પિપલ્સ ઓલિમ્પિકસ' તરીકે ઓળખાવવામાં આવી રહી છે. જો કે સલામતીનાં કારણો આગળ રાખી સેન નદી પરના કેટલાક અપર લોકેશન્સ પર માત્ર આમંત્રિતોને જ બેસવા દેવામાં આવશે. પેરીસ 2024માં 32 રમતગમતો માટે 329 ઈવેન્ટસ યોજાશે.

ઉદ્ઘાટન સમયે કે રમતોત્સવ દરમિયાન કોઈ અજુગતી ઘટનાઓ ઘટે તો વૈકલ્પિક પ્લાન B પણ તૈયાર રાખવામાં આવ્યા છે. સલામતી બાબતમાં ફ્રાન્સને યુરોપોલ (યુરોપોલીસ) અને બ્રિટનનું પોલીસતંત્ર પણ મદદ કરી રહ્યા છે. TV કોમેન્ટેટરોની ભાષામાં કહીએ તો સાચા એફિલ ટાવરની પાશ્ચાદભૂ વચ્ચે ઉદ્ઘાટન વિધિનો 'રંગારંગ' કાર્યક્રમ યોજાશે. સલામતીની વ્યવસ્થા માટે અનેક ડ્રોન્સ ઊડતાં હતાં. સેન નદીમાં પણ એવા ખાસ અંતરાયો ઊભા કરવામાં આવ્યા છે જે બિનઅધિકૃત નાની હોડીઓને આગળ વધતા અટકાવી દેશે. હવાઈમાર્ગે, ડ્રોન્સ અથવા નાનકડા વિમાન દ્વારા કોઈ હુમલો ના થાય તેના તકેદારી માટે બ્રિટિશ આર્મી દ્વારા સ્ટારસ્ટ્રીક નામની જમીન પરથી હવામાં માર કરતી મિસાઈલો ગોઠવી દેવામાં આવી છે.

આ રમતોત્સવમાં ઘણા મહાનુભવો હાજર રહેશે. કતારના રોબ તમીમ બિન હમાદ અલથાની પણ આવવાના છે તેથી સલામતીનો જડબેસલાક બંદોબસ્ત કરાયો છે. પોલેન્ડ તરફથી સિકયોરિટી પોલીસ, પોલીસ શ્વાનો, તેના હેન્ડલરો વગેરે પૂરા પાડવામાં આવી રહ્યા છે. ઉદ્ઘાટન વિધિ પ્રસંગે અગાઉ છ લાખ લોકોની હાજરી હતી. પણ હવે તે સંખ્યામાં ઘટાડો કરી મુખ્ય સ્થળ ઉપર માત્ર ત્રણ લાખ લોકોને જ હાજર રહેવા દેવામાં આવશે.

**ખેલાડીઓ બોટમાં સવાર થઇને સેન નદીમાં લગભગ 6 km લાંબી પરેડ યોજશે. આ દ્રશ્યને જોવા નદીના બન્ને કાંઠે વ્યવસ્થા થશે અને તેનું જીવંત પ્રસારણ કરાશે. નદીની આસપાસ વિશાળ કદના 80 ટીવી સ્ક્રીન અને સ્પીકરો ગોઠવી દેવાયા**



# દરજી સમાજ ઓફ ઓન્ટેરિયોની 40મી સમર પિકનિક

## કેનેડામાં દરજી સમાજની સ્થાપનાને 40 વર્ષ પૂર્ણ થતાં કેક કાપી ઉજવણી કરાઈ





## પ્રીતિભોજનના કાર્યક્રમમાં સ્વાદિષ્ટ વાનગીઓ પીરસાઇ, બાળકોને રમત રમાડી ઈનામોનું વિતરણ કરાયું

**મિસીસાગા**

દરજી સમાજ ઓફ ઓન્ટેરિયોની 40મી શાલગીરીની ઉજવણીનો કાર્યક્રમ તથા સમર પિકનિક 14મી જુલાઈ 2024નાં રોજ મીસીસાગા વેલી પાર્ક ખાતે યોજાયો હતો. જેમાં પોટ-લક (Pot-Luck) નાસ્તાં (Appetizer-Snacks) અને સ્થળ પર રાંધવાની (Onsite Cooking) સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ સવારે 11થી સાંજના 6.00 વાગ્યા સુધી ચાલ્યો હતો. દરજી સમાજની 40th Anniversaryની ઉજવણી નિમિત્તે અમ્રતભાઈ, દીલીપભાઈ, કિશોરભાઈ, શશીભાઈ, અશોકભાઈ, બળવંતભાઈ દ્વારા કેપ કાપવામાં આવી હતી.

આ વડીલોએ 40 વર્ષ પહેલાં 1984માં અહીં દરજી સમાજની શરૂઆત કરી હતી. આ પ્રસંગે દીલીપભાઈએ 1984ની પહેલી સમર પિકનિકની સ્પીચ વાંચી સંભળાવી હતી અને બધાને શુભેચ્છા પાઠવી હતી. બપોરે 12.30થી 2.00 દરમિયાન સ્થળ પર બનાવેલુ સ્વાદિષ્ટ ભોજનમાં વેજ અને નોન-વેજ વાનગીઓ જેવી કઢાઈ-પનીર, ચીકન કરી, નાન, સલાડ, જીરા રાઈસ પીરસવામાં આવ્યા હતા. ભોજનની વાનગીઓ સ્થળ પર બનાવવા માટે દરજી સમાજનાં જ સભ્યો અશોકભાઈ, મનોજભાઈ, દિપકભાઈ, હિતેશભાઈ, જીજ્ઞેષભાઈ અને તેમનો પરિવાર તથા આયોજક સમિતિના સભ્યો મનીષભાઈ, વિનયભાઈ, પિયુષભાઈ, વિશાલભાઈ અને તેમના પરિવારનો સહયોગ રહ્યો હતો. નિલેશભાઈ દ્વારા બધા માટે જ્યુસની સગવડ કરવામાં આવી હતી. બપોરે ચા, કોફી, તરબુચ, કેકની સાથે સાથે બરફનાં ગોળાની પણ સૌએ મજા માણી હતી. વિધાનસભ્ય MPP દિપકભાઈ આનંદએ હાજરી આપી આ કાર્યક્રમને ચાર-ચાંદ લગાવ્યા હતા. તથા તેમણે દરજી સમાજની 40મી વર્ષગાંઠ નિમિત્તે એક સર્ટિફિકેટ સમાજનાં વડીલ અમ્રતભાઈ ટેલર તથા આયોજક કમિટિનાં સભ્યોને પ્રદાન કર્યું હતું અને શુભેચ્છા પાઠવી હતી. બાળકોને રમત રમાડવામાં આવી હતી તથા હાજર બાળકોને ગિફ્ટ આપવામાં આવી હતી. પિકનિક દરમિયાન વિવિધ ક્ષણોનું જીવંત પ્રસારણ વિનયભાઈ દ્વારા Facebook પર કરવામાં આવ્યું હતું.

જેમાં ઘણો સારો પ્રતિસાદ (Good Response) અને સરસ ટિપ્પણી (Nice Commets) મળ્યા હતા. ત્યારબાદ આયોજક કમિટી વતી મનીષભાઈ અને વિનયભાઈ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જેમણે સેવા આપી હતી તે બધાનો આભાર વ્યક્ત કર્યો હતો. દરેક દાતાઓનો આભાર માનવામાં આવ્યો હતો. વડીલો દ્વારા રાફેલ ડ્રોના વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. લગભગ 100થી વધુ લોકો હાજર રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.












# INDIAN FAMILY ASSOCIATION OF CANADA (IFA CANADA) & COMMUNITY ORGANIZATIONS OF CANADA

Let's Grow Together — IFA CANADA — Indian Family Association of Canada — A Journey From I To We

CHOVIS GAM PATIDAR SAMAJ | Vraj Canada Community Centre | GUJARATI GROUP OF BRAMPTON | BRAHMBHATT SAMAJ CANADA

## FELICITATION OF PADMA SHREE AWARDEE

## DR. JAGDISH TRIVEDI





IFA-COC Fundraising For School Building by Urmisaroj Charitable Trust

**TICKETS: HOUSE FULL**

**SUNDAY 28TH JULY 2024**
**5:00PM - 11:30PM**
**SRINGERI TEMPLE HALL**
**80 Brydon Dr, Etobicoke**

**DINNER INCLUDED 5:00 PM - 7:00 PM**

PRIME DONORS' RECOGNITION BY DR. JAGDISH TRIVEDI
AJAY SHAH & REKHABEN SHAH - HOMELIFE MIRACLE REALTY LTD
KIRIT PATEL & NISHABEN PATEL KK3 WINDOW COVERING
JAYSHIL PATEL (GUJARATI FOODS)
SAROJBEN GHANSHYAMBHAI PATEL

🙏WE ARE HOUSE FULL🙏 THANKS FOR ALL YOUR SELFLESS GENEROUS SUPPORT

SUPPORTING PHOTOGRAPHY BY IFA YOUTH TEAM: HARSH SHUKLA, RAJ BRAHMBHATT

INDEBTED FOR OVERWHELMING SUPPORT FROM OUR DONORS, SPONSORS, AND WELL WISHERS @ IFA 🙏




**IFA TEAM : Please Contact for Sponsorship**

| | | | |
|---|---|---|---|
| JD # 647-207-1155 | Rajesh Brahmbhatt # 647-405-1509 | Purvesh Patel # 647-458-6544 | Keyur Patel # 416-828-8987 |
| Nayan Brahmbhatt # 416-953-2630 | Rajni Patel # 519-222-3146 | Rashmikant Patel # 705-646-5248 | Trupti Vyas # 647-567-4551 |
| Kashyap Patel # 647-309-9834 | Kirtida Hitesh # 519-731-0057 | Umesh Patel # 647-984-2599 | Shilpesh Parikh # 647-992-6951 |
| Pathik Shukla # 416-988-0850 | | | |

MASTERS OF CEREMONY: VAISHALI MEHTA & BHUMI VYAS
EVENT PHOTOGRAPHY BY: ASHISH KAVI
EVENT VIDEOGRAPHY BY: NISARG MEDIA PRODUCTIONS

સ્વદેશ | ગુજરાત નો રણકાર | ગુજરાત એબ્રોડ | દિવ્ય ભાસ્કર | ધ્વનિ Dhwani Community Newspaper

# 20,000 કરોડના જમીન કૌભાંડ મુદ્દે ચાવડા દ્વારા વિશેષ વિધાનસભા સત્ર બોલાવવા માંગ

## વિધાનસભા અધ્યક્ષને અમિત ચાવડાએ લખ્યો પત્ર : કૌભાંડમાં સરકારની સંડોવણી અંગે સવાલો ઉઠાવ્યા

**અમદાવાદ**

ગુજરાત રાજ્યમાં અવારનવાર કરવામાં આવી રહેલા જમીન કૌભાંડો મુદ્દે અમિત ચાવડા દ્વારા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીને પત્ર લખી 10 દિવસીય વિધાનસભા સત્ર બોલાવવાની માંગ કરી છે.

કોંગ્રેસના નેતાઅમિત ચાવડાએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર હર હંમેશા ચર્ચાથી ભાગતી રહે છે અને વિધાનસભા સત્ર ઓછું બોલાવવાનો પ્રયત્ન કરે છે. આવતા મહિને માત્ર નિયમોના કારણે બે દિવસનું સત્ર બોલાવશે. ગુજરાતના પ્રશ્નો, સમસ્યા અને તકલીફ મુદ્દે ઓછામાં ઓછું 10 દિવસનું વિધાનસભાનું સત્ર બોલાવવાની માંગણી કરી છે. જમીન કૌભાંડ મુદ્દે તેમણે સરકાર પર આક્ષેપ કર્યો કે ડબલ એન્જિન સરકારમાં ગૌચર ઉદ્યોગપતિઓને પધરાવી દેવામાં આવ્યા જેથી ગાયો કતખાનાઓમાં જાય અને કતલખાનાઓના માલિકો પાસેથી ફંડ લઈને ચૂંટણીઓ લડે અને તેમનાં સરકારમાં આવ્યા પછી પાછા જમીન કૌભાંડ થાય. તેમણે ઉલ્લેખ કર્યો કે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સાચું કહેતાં હતાં કે મહેસૂલ વિભાગમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર થતો અને આજે ભૂપેન્દ્ર પટેલ સરકારમાં પણ એવોર્ડ આપી શકાય એ રીતે ભ્રષ્ટાચાર થાય છે. હાઈકોર્ટે કચ્છની ગૌચર જમીન મુદ્દે અદાણી પાસેથી લઈને જમીન પાછી ગૌચર કરવાનો હુકમ કર્યો છે. તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પર આક્ષેપ કર્યો કે અમિત શાહનો લોકસભા વિસ્તાર અને ભૂપેન્દ્ર પટેલના મૂલાસણા ગામમાં 20,000 કરોડની જમીનનું કૌભાંડ થયું છે. તેમાં કયા મુખ્યમંત્રી હતા , સચિવ કોણ હતા? કલેકટર જેલમાં ગયા તો માસ્ટર માઈન્ડ ક્યાં ? એનો મતલબ સરકારની સીધી સંડોવણી સ્પષ્ટ થાય છે.

ક્લાસીફાઈડ

લગ્નવિષયક

કેનેડા, બ્રેમ્પટન સ્થિત, કેનેડીયન સીટીઝન, પ્રતિભાશાળી વૈષ્ણવ યુવક ઉ.વ.31, B.S. (Computer Science), M.S. (Computer Science અભ્યાસ ચાલુ) પ્રતિષ્ઠિત I.T. Companyમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત યુવક માટે યોગ્ય જીવનસાથી જોઈએ છે. ઉચ્ચશિક્ષણ ધરાવતી, સુશીલ, સંસ્કારી, સુંદર અને કેનેડામાં રહેતી વૈષ્ણવ યુવતીના વડીલો તરફથી પૂછપરછ આવકાર્ય છે.

સંપર્ક : શૈલેષ શાહ 905-867-7584.

shaileshshah_10045@yahoo.com 905-497-8466

# સરસપુરમાં પિતા-પુત્ર વચ્ચે તકરારમાં ઠપકો દેવા ગયેલા યુવકની છરાના ઘા મારી હત્યા

**અમદાવાદ**

સરસપુરમાં પિતા પુત્ર વચ્ચે તકરાર થતી હતી જેથી યુવક તેના મિત્રો સાથે છોડવવા વચ્ચે પડયો હતો અને કેમ તકરાર કરો છો કહેતા આપરોપીઓએ યુવકને છરાના ઘા મારીને લોહી લુહાણ કર્યો હતો એટલું જ નહી જમીન ઉપર પડયા બાદ પણ હુમલો કરતાં યુવકનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ બનાવ અંગે શહેર કોટડા પોલીસે પિતા પુત્ર સહિત ત્રણ લોકો સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કેમ તકરાર કરો છો કહેતા આરોપીઓએ છરાથી હુમલો કરતા યુવક લોહી લુહાણ જમીન પર પડયા બાદ પણ માથામાં કડુ માર્યું હતું.

કૃષ્ણનગરમાં રહેતી મહિલાએ શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં સરસપુરમાં રહેતા પુનમ પટણી અને સહિત ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે તેમનો દિકરો સરસપુર ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો નોકરીથી છૂટીને ઘરે જતો હતો ત્યારે સરસપુર જજ સાહેબની ચાલી પાસે પિતા પુત્ર વચ્ચે તકરાર ચાલતી હતી જેથી ફરિયાદીનો દિકરો તેના મિત્ર સાથે ત્યાં ગયો હતો અને કેમ તકરાર કરો છો કહ્યુ હતું. પિતા પુત્રએ ઉશ્કેરાઈને યુવક સાથે તકરાર કરીને ત્રણેય યુવક સાથે મારા મારી કરી હતી અને છરાથી હુમલો કરતાં યુવક જમીન ઉપર પડયા બાદ પણ હુમલો કરતાં યુવકનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ

# ગુજરાત પોલીસના પાંચ ઘોડાના મોત, 28 ચેપગ્રસ્ત

**અમદાવાદ**

ગુજરાત રાજ્ય પોલીસના અમદાવાદમાં આવેલા ઘોડા કેમ્પમાં બીમારી પ્રસરી રહી છે, એક અહેવાલ મુજબ છેલ્લા એક મહિનામાં પોલીસના 5 ઘોડાના મોત થયા છે, અને 28 ઘોડાને ટિકથી ચેપ લાગ્યો છે, આ બાબત પ્રકાશમાં આવ્યા બાદ ડીજીપી જીએસ મલિકે કડક કાર્યવાહી કરી છે, એક પોલીસ ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે, આ ઘટની તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. ડીજીપી જીએસ મલિકે અમદાવાદના કેમ્પની મુલાકાત લેતા બીમારી અંગે ઘટસ્ફોટ થયો હતો.

# રાજ્યની 107 પાલિકાની તિજોરી ખાલીખમ કર્મચારીઓ ત્રણ મહિનાથી પગારથી વંચિત

**અમદાવાદ**

નગરપાલિકાઓની કંગાળ હાલતના કારણે રાજ્યમાં ચીફ ઓફિસર સહિત 10 હજારથી વધુ રોજમદારો-કાયમી કર્મચારીએ પગાર ન મળતા મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. ગુજરાતમાં કુલ મળીને 157 નગરપાલિકા છે, જેમાં 107 પાલિકા એવી છે જેમાં ચીફ ઓફિસરથી માંડીને કાયમી કર્મચારીઓને પગાર ચૂકવવાના પણ પૈસા નથી. એક તરફ ભાજપના સત્તાધીશો વાઈબ્રન્ટ ગુજરાત, સમૃદ્ધ ગુજરાતના દાવા કરી રહ્યા છે. તો બીજી તરફ નગરપાલિકાનું તંત્ર જાણે ખાડે ગયું હોય તેવું લાગી રહ્યું છે.

નગરપાલિકાઓની આ દશા પાછળના કેટલાંક કારણો જવાબદાર છે. જેમ કે, સ્થાનિક ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને કારણે કરવેરા વસૂલાતા નથી. પ્રજાના રોષનો ભોગ બનવું પડે તે માટે કરવેરા નિયમિત વસૂલાતાં નથી. જેથી મોટાભાગની પાલિકાની આર્થિક સ્થિતિ ડગુમગુ થઈ છે. આ સ્થિતિમાં કેટલીક નગરપાલિકાઓ વીજબિલ ભરવા પણ સમક્ષ નથી, તો લાખો રૂપિયાનો પાણી વેરો બાકી છે. આ સ્થિતિ વચ્ચે રાજ્ય સરકારે ઓક્ટ્રોયની ગ્રાન્ટ રોકી રાખી છે.

રાજ્ય સરકારની અવળચંડાઈને કારણે ચીફ ઓફિસરથી માંડીને 10 હજારથી વધુ રોજમદારો-કાયમી કર્મચારીઓને પગાર મળી શક્યો નથી. આ મુદ્દે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાઈ હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી.

# બદલીના નિયમો જાહેર નહી કરાતાં એચટાટ મુખ્ય શિક્ષકો દ્વારા આંદોલનના શ્રીગણેશ

## અનેક શિક્ષકોને પરિવાર કે વતનથી દૂર ફરજ બજાવતાં હોવાની સમસ્યા

**ગાંધીનગર**

લાંબા સમયની રજૂઆતો બાદ બદલીના નિયમો જાહેર નહીં કરાતાં એચટાટ મુખ્ય શિક્ષકોએ રાજ્યના શિક્ષણ મંત્રીની અપિલને ફગાવી દઈને સત્યાગ્રહ છાવણી પર આમરણ અનશન આંદોલનના શ્રીગણેશ કર્યાં છે. આક્રોષ સાથે એમ પણ કહ્યું કે બાર વર્ષે બાવો બોલે તે કહેવતને પણ શિક્ષણ વિભાગે ખોટી સાબિત કરી છે.

મુખ્ય શિક્ષકની કેડ વર્ષ ૨૦૧૨માં ઉભી કરવામાં આવી તેને બાર વર્ષ પસાર થઈ ગયાં છતાં તેમની બદલીના સંબંધે કોઈ નિયમો તો અમલી કરાયા જ નથી. ઉપરાંત ગ્રેડ પે આપવામાં આવતો નથી. સાથે વધારાની ઘણી કામગીરી કરાવવાની સામે કોઈ લાભ અપાતા નથી. બદલીના નિયમ જ નહીં હોવાથી મુખ્ય શિક્ષકો પારિવારિક સમસ્યા વેઠી રહ્યાં છે. બાળકો, પત્ની કે માતા-પિતા સહિત પરિવાર અને વતનથી દુરની જગ્યાએ નોકરી કરી રહ્યાં છે. આ મુદ્દે અનેકવાર લેખિત અને મૌખિક રજુઆતો કરાયા પછી સરકાર દ્વારા આ શિક્ષકોને ભાજી મુળા ગણી લઈને કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. ગાંધીનગરમાં સેક્ટર ૬ના મેદાનમાં સ્થિત સત્યાગ્રહ છાવણી પર રાજ્યના દરેક જિલ્લામાંથી આવી પહોંચેલા શિક્ષકોએ કહ્યું, કે બદલીના નિયમો ઉપરાંત બાલવાટિકાથી લઈને ધોરણ ૮ સધીની શાળામાં જ્યાં પણ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦ કે તેનાથી વધુ હોય ત્યાં એક એચટાટ મુખ્ય શિક્ષક મુકવાની માંગણી સંબંધે પણ શિક્ષણ વિભાગ દ્વારા કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

# માનગઢમાં 4 રાજ્યના આદિવાસીઓ ઉમટયા, ભીલ પ્રદેશ બનાવવાની માંગ

## વ્રત, ઉપવાસ, મંગળસૂત્ર, સિંદૂર છોડવા મંચ પરથી આહવાન થયું

**દાહોદ**

દેશના ૪ રાજ્યોના ૪૯ જિલ્લાઓનું વિલીનીકરણ કરીને ભીલ પ્રદેશ બનાવવાની માગણીએ જોર પકડયું છે. આ માંગને લઈને ગુરુવારે માનગઢ ધામમાં આયોજિત મહારેલીમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્રમાંથી લોકો પહોંચ્યા હતા. રાજસ્થાન સરકારે ભીલ પ્રદેશની માંગને ફગાવી દીધા બાદ આયોજીત રેલીમાં ભારત આદિવાસી પાર્ટી સાંસદ રાજકુમાર રાઉતે કહ્યું હતું કે ભીલ રાજ્યની માંગ નવી નથી. મેગા રેલી બાદ એક પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને આ પ્રસ્તાવ સાથે મળશે. આદિવાસી પરિવાર સંસ્થાના સ્થાપક સભ્ય મેનકા ડામોરે મંચ પરથી જણાવ્યું હતું કે, આદિવાસી પરિવારોમાં તેઓ સિંદૂર લગાવતા નથી કે મંગળસૂત્ર પહેરતા નથી. આદિવાસી સમાજની મહિલાઓ અને છોકરીઓએ શિક્ષણ પર ધ્યાન આપવું જોઈએ. હવેથી બધા ઉપવાસ બંધ કરો. અમે હિંદુ નથી. આ રેલીમાં આદિવાસી પરિવારના સ્થાપક ભંવરલાલ પરમારે જણાવ્યું હતું કે ભીલ પ્રદેશની માંગ ચોક્કસ સમયસર પૂરી થશે. આ આંદોલન આદિવાસી સમાજને જોડવાનું છે.

# સચિવાલયમાં ફરી રિનોવેશન : આગળના 100 કરોડનો ખર્ચ માથે પડશે

**ગાંધીનગર**


રાજ્ય સરકારે હવે સમગ્ર સચિવાલય સંકુલનું રિનોવેશન કરવાનો નિર્ણય કર્યો છે. પહેલાં મુખ્યમંત્રી અને કેબિનેટ મંત્રીઓની ચેમ્બરો અલગ કરીને 250 કરોડના ખર્ચે સ્વર્ણિમ સંકુલની બે ઈમારતોનું નિર્માણ કરવામાં આવ્યું, ત્યારપછી વિધાનસભાને 150 કરોડનો ખર્ચ કરીને નવો લૂક આપવામાં આવ્યો અને હવે સચિવાલયના 14 બ્લોકનું મરામતકાર્ય શરૂ થવા જઈ રહ્યું છે. આ કામગીરી માટે કેટલો ખર્ચ થશે તેનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીએ 1985માં સચિવલયની ઈમારતનું ઉદ્દઘાટન કર્યું હતું. આટલા વર્ષોમાં 28 પૈકી 15 વિભાગોએ તેમની કચેરીઓને આધુનિક ઓપ આપવા અલગ અલગ રીતે 100 કરોડનો ખર્ચ કર્યો છે.

# કેન્સરથી 5 વર્ષમાં 1.91 લાખનાં મોત, સારવાર માટે દવાખાને પહોંચનારા પૈકી 67 ટકા દર્દી ત્રીજા સ્ટેજના

## મોટાભાગના કેસમાં નિદાન કરાવવામાં દર્દી બેદરકાર રહેતાં બિમારીની ગંભીર અસર

**અમદાવાદ :** મેડિકલ સાયન્સે હરણફાળ ભરતાં કેન્સરને હરાવવું હવે સહેજપણ મુશ્કેલ રહ્યું નથી અને કેન્સર એટલે કેન્સલ તેવી માન્યતા પણ ભૂંસાવવા લાગી છે. પરંતુ કેન્સરની સારવારમાં ઝડપી સારવાર પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ 67 ટકા દર્દીઓ ત્રીજા-ચોથા સ્ટેજમાં સારવાર માટે આવતા હોય છે. ગુજરાતમાં 2018થી 2022 એમ પાંચ વર્ષમાં 1.91 લાખથી વધુ લોકોના કેન્સરથી મૃત્યુ થયેલા છે. કેન્સરથી મૃત્યુ થવાના મોટાભાગના કેસમાં મોડેથી નિદાન અથવા વિલંબ બાદ એટલે કે ત્રીજા-ચોથા સ્ટેજમાં સારવાર શરૂ કરાવવી જવાબદાર હોય છે.

કેન્સરના કેસમાં પુરુષોમાં 21.5 ટકાને મોંઢાનું-11.5 ટકાને જીભનું-8.1 ટકાને ફેફસાનું-3.5 ટકાને પ્રોસ્ટેટનું કેન્સર થતું હોય છે. મહિલાઓની વાત કરવામાં આવે તો અંદાજે 31.2 ટકાને સ્તનનું-9.3




ટકાને સર્વિક્સ-5.6 ટકાને ઓવરીનું-5 ટકાને મોંઢાનું જ્યારે 4.4 ટકાને જીભનું કેન્સર થાય છે.

# ગુજરાતમાં ચાંદીપુરા વાયરસનો આતંક, 19 બાળકોના મોત

## ઉત્તર ગુજરાતમાં દર્દીઓ મળ્યા બાદ વાયરસનો સૌરાષ્ટ્રમાં પગપેસારો, રાજકોટમાં ત્રણનાં શંકાસ્પદ મોત, જામનગરમાં પણ કેસ

**અમદાવાદ**

ગુજરાતમાં છેલ્લા બે અઠવાડિયાથી શંકાસ્પદ ચાંદીપુરા વાયરસે હાહાકાર મચાવ્યો છે. રાજ્યમાં વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા વધી રહી છે અને સાથે કમનસીબે મૃત્યુ પણ વધી રહ્યા છે.

હિંમતનગર-સાબરકાંઠાના ગ્રામીણ વિસ્તારોમાં જોવા મળેલો ચાંદીપુરા વાયરસ સૌરાષ્ટ્રમાં પેસી ગયો છે. આજે રાજકોટ જિલ્લામાં ત્રણ અને પંચમહાલ જિલ્લામાં એક બાળકનું મોત થતા રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કુલ કેસની સંખ્યા વધીને 31 થઈ છે અને અઠવાડિયાનો મૃત્યુઆંક 19 થયો છે. અત્યાર સુધી વાયરસની અસર ગ્રામીણ વિસ્તારમાં જોવા મળે છે, પરંતુ સારવાર અર્થે બાળકોને શહેરોમાં લાવવામાં આવે છે, તેથી મોત શહેરમાં નોંધાઈ છે. મળતી માહિતી અનુસાર જામનગરમાં પણ શંકાસ્પદ કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે, તેમ જ કેબિનેટ પ્રધાન કુંવરજી બાવળીયાએ હૉસ્પિટલની મુલાકાત લીધી હોવાના સમાચાર મળ્યા છે. રાજકોટમાં જ પાંચ શંકાસ્પદ દર્દીના મોત થઈ ગયા છે. જેમાં મોરબીના રાશિ સાહરીયાને 12મી જુલાઈએ રાજકોટ સિવિલમાં દાખલ કરવામાં આવી હતી. જેનું 14મી જુલાઈએ મોત થઈ ગયું છે. પડધરીના હડમતીયાનો પ્રદીપ રાઠોડ (ઉ.વ.2)ને 9મી જુલાઈએ દાખલ કરવામાં આવ્યો હતો અને તેનું 15મી જુલાઈએ મોત થઈ ગયું છે. જેતપુરના પેઢીયા ગામનો કાળુ ચંપુલાલ (ઉ.વ.8)ને 15મી જુલાઈએ દાખલ કરવામાં આવ્યો અને તેનું એ જ દિવસે મોત થઈ ગયું હતું. તેમજ મધ્યપ્રદેશના સુજાકુમાર ધનક (ઉ.વ.) ને 16 જુલાઈ દાખલ કરવામાં આવ્યો અને તેનું એ જ દિવસે મોત થઈ ગયું હતું. જ્યારે રિતિક મુખીયા (ઉ.વ.3)ને 14મી જુલાઈ 2024ના રોજ દાખલ થયો હતો અને 17મી જુલાઈના રોજ તેનું મોત થઈ ગયું હતું.

### સાતમાંથી એક જ સેમ્પલ ચાંદીપુરા વાયરસનો : સરકાર

રાજ્ય સરકારના પ્રવક્તા અને રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મીડિયાને માહિતી આપી હતી કે, 'પૂણે મોકલાયેલા સાત સેમ્પલમાંથી માત્ર એક જ સેમ્પલ ચાંદીપુરા વાઈરસનું હોવાનું માલુમ પડ્યું છે. આ ઉપરાંત હવે ગાંધીનગરમાં જ ટેસ્ટિંગ થશે, જેથી સેમ્પલ આવવામાં પણ મોડું નહીં થાય.' રાજ્યભરમાં ચાંદીપુરા વાઇરસથી સંક્રમિત દર્દીઓના કેસમાં વધારો થઈ રહ્યો છે. આજે રાજકોટમાં ત્રણ, અમદાવાદમાં બે અને પંચમહાલ જિલ્લામાં એક બાળકનું મોત થયું છે. રાજ્યભરમાં ચાંદીપુરા વાઇરસના કુલ કેસની સંખ્યા વધીને 35 થઈ છે, જ્યારે મૃત્યુઆંક વધીને 21 થયો છે.

## તિર્થનગરીમાં 15000થી વધુ આરાધકો ચાતુર્માસમાં આરાધના કરશે

**અમદાવાદ**

પવિત્ર તિર્થનગરી પાલીતાણા શાશ્વત શત્રુંજય ગિરિરાજની છત્રછાયામાં એક ગચ્છાધિપતિ અને 13થી વધુ આચાર્ય ભગવંતો તેમજ 1500થી વધુ સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં 15000થી વધુ આરાધકો ચતુર્માસ આરાધના સિદ્ધાચલ ગિરિરાજની તળેટી પાલીતાણા ખાતે કરશે. જેમાં પાલીતાણા શહેરની તળેટીમાં આવેલ 70થી વધુ ધર્મશાળાઓમાં આરાધના કરશે. ઘણા સમય પછી આટલી સંખ્યામાં સાધુ સાધ્વીજી ભગવંતોની ઉપસ્થિતિમાં ચાતુર્માસનું આયોજન થઈ રહ્યું છે. જ્યારે અષાઢ સુદ ચૌદસથી શેત્રુંજય ગીરીરાજની યાત્રા બંધ થશે. જે અષાઢ સુદ ચૌદસથી કારતક સુદ પૂનમ સુધી યાત્રા બંધ રહેતી હોય છે.

## રાજકોટમાં કમિશનથી વેપારીઓને ટેક્સ ચોરી કરાવી આપતા ભેજાબાજની ધરપકડ

**રાજકોટ**

રાજકોટ આર્થિક ગુન્હા નિવારણ શાખા દ્વારા 2 અલગ અલગ સ્થળોએથી 1.25 કરોડ કબ્જે કરાયા હતા. EoWના ASIને આર. કે. જાડેજાને મળેલી બાતમી મળી હતી કે રાજકોટના નાના મૌવા રોડ પર શ્રોફનો ધંધો કરનાર નિલેષ ભાલોડી તે વેપારીઓને ટેક્ષ ન ભરવો પડે તે માટે પોતાની પેઢીના બેન્ક ખાતામાં કેશ સેલ્ફ ડિપોઝીટ, NEFT અને IMPS મારફતે જમા લઈ તે કેશ વેપારીઓએ ખેતપેદાશ ખરીદ કરી છે એવું ખોટું બહાનું બતાવી રૂ. 1 લાખ પર રૂ. 550નું કમિશન કાપી ચૂકવે છે. એટલું જ નહીં રોજબરોજ લાખો-કરોડોની હેરા-ફેરી કરે છે. બાતમીના આધારે EOWના સ્ટાફ દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન મોરબીના વેપારીઓને કેશ આપવા જતાં નિલેષ અને તેના માણસ જયસુખને ઝડપી લેવાયા હતા. જે બાદ કારની તપાસ થતાં 90 લાખની રોકડ મળી આવી હતી. બંનેએ આપેલી માહિતીના આધારે સ્ટાફે નાનામવા મેઈન રોડ પર નાઈન-સ્કવેર બિલ્ડીંગના છઠ્ઠા માળે આવેલી ઓફીસમાં દરોડો પાડી ત્યાંથી વધુ રૂ. 1.25 કરોડની રોકડ કબજે કરી હતી.

## મને ચપ્પુ બતાવીને લૂંટે છે, પોલીસ મોકલો, બે પીદ્ધડોએ પોલીસને તેડાવી

**વડોદરા**

વડોદરાના લક્ષ્મીપુરા વિસ્તારમાં બપોરના સમયે ચપ્પુ વડે લૂંટના બનાવને પગલે પોલીસ દોડતી થઈ હતી. પોલીસે બે જણાને ઝડપી પાડતા બંને જણા દારૂના નશામાં ચૂર હોવાનું જણાઈ આવ્યું હતું. લક્ષ્મીપુરા ખોડીયાર માતાના મંદિર પાસેથી ભૂપેન્દ્ર દામોદરભાઈ પાઠકે (શિવ શક્તિ સોસાયટી, આનંદવન કોમ્પ્લેક્ષ પાસે) ફોન કરી એક શખ્સ ચપ્પુ બતાવી તેને લૂંટી લેવાનો પ્રયાસ કરી રહ્યો હોવાથી તાત્કાલિક પોલીસ મદદની માંગણી કરી હતી. પોલીસ જ્યારે સ્થળ પર પહોંચી ત્યારે ભુપેન્દ્ર પાઠક તેમજ રાજેશ વિઠ્ઠલભાઈ બારીયા (માધવ પાર્ક, લક્ષ્મીપુરા રોડ) અંદરો અંદર ઝઘડતા મળી આવ્યા હતા. તપાસ દરમિયાન બંને જણા પીધેલા હોવાનું જણાતા પોલીસે તેમની સામે જ કાર્યવાહી કરી હતી.

# મહાન ગુરુ મહર્ષિ વેદ વ્યાસની જન્મ જયંતિ એટલે ગુરુ પૂર્ણિમા

## 3000 ઈસવીસન પૂર્વે આ દિવસે બ્રહ્મસૂત્ર, મહાભારત, શ્રીમદ્ ભાગવત અને આઠમ પુરાણ જેવા અદભૂત સાહિત્યની રચના કરનારા મહાન ગુરુ મહર્ષિ વેદ વ્યાસનો જન્મ થયો હતો, જેઓએ સર્વ પ્રથમ ગીતાનું જ્ઞાન આપ્યું હતું.

**ગુરુ પૂર્ણિમાનું પૌરાણિક માહાત્મ્ય..:-**

ભારતીય સંસ્કૃતિમાં " ગુરુ " શબ્દ સંસ્કૃત ભાષામાંથી મળ્યો છે. "ગુ"નો અર્થ અંધકાર અને "રૂ" અર્થ અંધકાર દૂર કરનાર એવો થાય છે. ભારતમાં ગુરુ પૂર્ણિમાનું અનેરું મહત્વ છે.


હિન્દુઓ, શીખો, બૌદ્ધો અને જૈનો દ્વારા પોતાના ગુરુનો આદર અને સન્માન કરવા આ પર્વ ઉજવાય છે. આ દિવસે શિષ્યો દ્વારા આધ્યાત્મિક ગુરુનું સ્મરણ અને ભેટ આદિવસ્તુ ગુરુ ચરણે અર્પણ કરીને ગુરુ પૂજન કરવામાં આવે છે.

ગુરુનું મહત્વ આ શ્લોક દ્વારા સમજાવવામાં આવ્યું છે.

अज्ञान तिमिरान्धस्य ज्ञानाञ्जन शलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्री गुरवे नमः ॥

(જે શિષ્યના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા શિષ્યની આંખોમાં જ્ઞાનરૂપી સળીથી અંજન કરીને શિષ્યમાં જ્ઞાનનો દીપક પ્રગટાવીને આંખોને ખોલે છે તેને ગુરુ કહે છે.)

શિષ્યના ગુણો વિશે દાદા ભગવાન કહે છે કે " એના ગુરુ ગાંડા કાઢે તોય પણ શ્રદ્ધા ઊઠે નહીં, એનું નામ શિષ્ય કહેવાય! ગુરુની આજ્ઞાને સર્વદા શિરોધાર્ય કરે તે શિષ્યના ગુણને પ્રમુખ સ્વામીના પ્રસંગ દ્વારા સમજીએ. પ્રમુખ સ્વામીનો ગુરુ પ્રત્યેનો પ્રેમ અલૌકિક અને અનન્ય હતો. જયારે શાસ્ત્રીજી મહારાજ તેમના શિષ્યો સાથે ગામની મુલાકાતે પધાર્યા ત્યારે પ્રમુખસ્વામી મહારાજે તેમની સાથે સમય વિતાવ્યો હતો. જયારે તેઓ 17 વર્ષની ઉંમરના હતા, ત્યારે તેમના ગુરુ, શાસ્ત્રીજી મહારાજે તેમને સ્વામીનારાયણ ભગવાનના સાધુના રૂપમાં દીક્ષા લેવા માટે પત્ર લખ્યો. તેમણે માતા-પિતાની અનુમતિ અને આશીર્વાદ મેળવી જરા પણ વિચાર કર્યા વિના એજ દિવસે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાને માથે ચડાવી ઘર છોડ્યું. ગુરુની પ્રેમની વાણી અમોને યાદ રહી જાશે, ગુરુની પ્રેમ આશિષો અમોને યાદ રહી જાશે. ગુરુ એવા મળ્યા મારા ભવ ભવના ફેરા ટળ્યા



**ગુરુ પરંપરા અને તેનો મહિમા**

ગુરુ મહિમા અપરંપાર છે. પ્રસ્થાપિત વેદ કાળથી પરંપરા છે. શ્રી રામચંદ્ર ભગવાનના ગુરુ વશિષ્ઠ વિશ્વામિત્ર હતા, શ્રી કૃષ્ણ-સુદામાના ગુરુ સાંદિપની હતા, શંકરાચાર્યના ગુરુ ગોવિંદાચાર્ય, કબીર સાહેબના રામાનંદ, પાંડવોના દ્રોણાચાર્ય, વિવેકાનંદના રામકૃષ્ણ પરમહંસ, દત્તાત્રેયના ૨૪ ગુરુ હતા. શીખ ધર્મમાં તો ગુરુ નાનકજીથી અદ્યાપિ એક આખી ગુરુ પરંપરા પ્રસિદ્ધ છે, જૈન ધર્મના નવકારમંત્રમાં પ્રચ્છન્ન ગુરુવંદના છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અર્જુનના ગુરુ સ્વયં શ્રીકૃષ્ણ છે. ગુરુનાં લક્ષણો વિશે ટૂંકમાં એ જાણવું જરૂરી છે કે આપણે કોને ગુરુ બનાવી રહ્યા છીએ !, કોઈના વિચારોથી, ચમત્કારોથી કે તેની આસપાસ ભક્તોની ભીડથી પ્રભાવિત થઈને તેને કોઈને ગુરુ બનાવવા નહીં. દાદા ભગવાનના ગુરુનાં લક્ષણો વિશે કહે છે કે "જ્યાં આપણું દીલ ઠરે તો એમને ગુરુ કરવા. દીલના ઠરે ત્યાં સુધી ગુરુ ન કરવા."

**ગુરુ પૂર્ણિમાનું પૌરાણિક મહત્વ**

શાસ્ત્રોમાં આષાઢ મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમાને "વ્યાસ પૂર્ણિમા" કે ગુરુ પૂર્ણિમા તરીકે પણ ઉજવવામાં આવે છે. કેમ કે, આજથી 3000 ઈસવીસન પૂર્વે આ દિવસે બ્રહ્મસૂત્ર, મહાભારત, શ્રીમદ્ ભાગવત અને આઠમ પુરાણ જેવા અદભૂત સાહિત્યની રચના કરનારા મહાન ગુરુ મહર્ષિ વેદ વ્યાસનો જન્મ થયો હતો. જેઓએ સર્વ પ્રથમ ગીતાનું જ્ઞાન આપ્યું હતું. તેમજ 18 પુરાણ અને 4 વેદોને પ્રકાશિત કરીને જગતને જ્ઞાનથી પ્રકાશિત કરી દીધું હતું. પુરાણો અનુસાર ભગવાન શિવજી પ્રથમ ગુરુ છે, તેઓએ પૃથ્વી ઉપર સૌથી પહેલાં ધર્મ અને સભ્યતાનો પ્રચાર કર્યો હતો. તેથી તેઓને આદ્યગુરુ કે આદિ ગુરુ શંકર પિતા કહેવાય છે. શિવજીએ પરશુરામ અને શનિ દેવને પ્રથમ શિક્ષણ આપ્યું હતું. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ગુરુની મહત્તા વર્ણવતો એક પ્રસંગ છે કે, જ્યારે શ્રી કૃષ્ણ ગોલોક ગમન કરવાના હતા, ત્યારે વ્યથિત અર્જુનને સાંત્વન આપતાં કહ્યું કે, "તેઓ શ્રીમદ્ ભાગવતમાં સાક્ષાત સ્વરૂપે રહેશે અને ભગવાનના સહારે મનુષ્યો તેમની કૃપા મેળવી શકશે. આમ ભાગવતમાં તેમની સ્પષ્ટ આજ્ઞા છે કે "આચાર્ય ગુરુને મારું જ સ્વરૂપ સમજવું. સ્વાધ્યાયના પ્રણેતા પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી પ્રવચનના પ્રારંભે આ શ્લોકનું અવશ્ય પઠન કરતા.

વસુદેવ સુતં દેવં કંસ ચાણૂર મર્દનમ્
દેવકી પરમાનંદમ્, કૃષ્ણં વંદે જગદગુરુમ્

આમ ભગવાન શ્રી કૃષ્ણ તો આખા જગતના ગુરુ છે.

**જીવનમાં ત્રણ ગુરુઓનું મહત્વનું સ્થાન છે.**

1) માતા-પિતા : આપણા માતા-પિતા, જેઓ આપણામાં સારા સંસ્કાર કેળવે છે અને સમાજ સાથે ભળવામાં મદદ કરે છે તે આપણા પ્રથમ ગુરુ છે. તે આપણને સારી ટેવો અને સુંદર જીવન જીવવા માટે પ્રેરિત કરે છે. 2) શિક્ષકો : આપણા શિક્ષકો, જે આપણને શ્રેષ્ઠ માનવી બનાવવા માટે ઘણું બધું શીખવે છે તે આપણા બીજા ગુરુ છે. આપણા શિક્ષકો અમને વિવિધ વિષયોનું જ્ઞાન આપે છે. તેઓ આપણને જીવનનો વ્યાપક દૃષ્ટિકોણ પૂરો પાડે છે. 3) આધ્યાત્મિક ગુરુ : આધ્યાત્મિક ગુરુ આપણને આપણા જીવનનો સાચો અર્થ સમજાવે છે. ગુરુ દરેકના જીવનમાં દેખાય છે, આધ્યાત્મિક ગુરુ આપણી સાચી ઓળખ આપણને બતાવે છે.

- ડૉ. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક (સંગીતકાર)

# ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદથી 24 કલાકમાં 10 લોકોના મોત, 17 રાજ્યમાં એલર્ટ અપાયું

**લખનૌ**

ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદના કારણે છેલ્લાં ૨૪ કલાકમાં ૧૦ લોકોનાં મોત થયા છે તો ૨૦ જિલ્લામાં પૂરના કારણે ૬૦ જેટલાં ગામડાઓ ડૂબી ગયા છે. તેની વચ્ચે હવામાન વિભાગે મધ્ય પ્રદેશ-રાજસ્થાન સહિત ૧૭ રાજ્યમાં ભારે વરસાદનું અલર્ટ આપ્યું છે. ભારતના વિવિધ રાજ્યોમાં આકાશમાંથી એટલું પાણી વરસ્યું કે જનજીવનને ભારે અસર થઈ છે. કેટલાંક રાજ્યના નીચાણવાળા વિસ્તારોમાં તો લોકોને બે ટંક ખાવાના પણ ફાંફા પડી ગયા છે. અસમના મોરેગાંવ ગામમાં હજુ પણ પૂરના પાણી ઓસર્યા નથી. બ્રહ્મપુત્રા નદીમાં જળસ્તરમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. મોરેગાંવના આકાશી દ્રશ્યો સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે જ્યાં સુધી નજર ત્યાં સુધી પાણી જ પાણી છે. પાણી ન ઉતરતાં મોરેગાંવના લોકોની હાલત કફોડી બની ગઈ છે.

ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર વિસ્તારમાં નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળ્યા છે. જેના કારણે લોકો ઉંચાઈવાળા વિસ્તારમા ટેન્ટ બાંધીને જીવન ગુજારવા મજબૂર બન્યા છે. આ તરફ વારાણસીમાં ગંગા નદી બેકાંઠે વહી રહી છે. જેના કારણે નદીકાંઠે આવેલું રત્નેશ્વર મહાદેવનું મંદિર પાણીમાં ડૂબી ગયું છે. ગંગા નદીમાં સતત જળસ્તર વધી રહ્યું છે જેના કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં અલર્ટ આપવામાં આવ્યું છે. આ તરફ મુંબઈમાં ફરી એકવાર વરસાદ શરૂ થઈ ગયો છે. જેના કારણે શહેરના અનેક વિસ્તારોમાં રસ્તા પર પાણી ભરાવાની શરૂઆત થઈ ગઈ છે. અઠવાડિયા પહેલાં માત્ર ૬ કલાકના વરસાદે મુંબઈને પાણી-પાણી કરી નાંખ્યું હતું.

# હરિદ્વારમાં મહિલા તેના 11 વર્ષના પુત્ર પર બેસી જઈ માથું જમીન પર પછાડ્યું

**હરિદ્વાર**

હરિદ્વારમાં એક મહિલાએ તેના ૧૧ વર્ષના પુત્ર પર બેસીને તેનું ગળું દબાવી દીધું હતું. મહિલાએ બાળકને મુક્કો માર્યો અને તેની છાતીમાં ડંખ માર્યો. બાળક ચીસો પાડતો રહ્યો હતો. પોલીસનું કહેવું છે કે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલો વીડિયો હરિદ્વારના ઝાબરેડાનો છે.

પોલીસ અધિકારીઓનું કહેવું છે કે વાયરલ વીડિયો લગભગ બે મહિના પહેલાનો છે. મહિલાએ આ વીડિયો તેના ૧૨ વર્ષના પુત્ર સાથે બનાવ્યો હતો અને તેને રેકોર્ડ કર્યા બાદ તેના પતિને




મોકલી આપ્યો હતો. જ્યારે પતિએ વીડિયો જોયો તો તે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો. આ પછી આ મામલો ચર્ચામાં આવ્યો હતો.પોલીસ અધિકારીઓનું કહેવું છે કે ઝાબરડાની રહેવાસી મહિલાનો તેના પતિ સાથે છેલ્લા ૧૦ વર્ષથી વિવાદ ચાલી રહ્યો છે.

# આસામમાં મુસ્લિમોની વસ્તી વધવી એ રાજકીય નહીં પણ ચિંતાનો વિષય : સરમા

## બાંગ્લાદેશથી આવનારાઓએ કોંગ્રેસને મત આપ્યો હોવાનો આરોપ

**રાંચી**

ઝારખંડના પાટનગર રાંચી ખાતે આસામની ડેમોગ્રાફીમાં થયેલા મોટા પરિવર્તન મુદ્દે રાજ્યના મુખ્યપ્રધાન હિમંતા બિસ્વા સરમાએ કહ્યું હતુ કે, આસામમાં મુસ્લિમ સમુદાયની વસતી ઝડપથી વધીને 40 ટકા થઇ ગઇ છે. ઝડપથી બદલાઇ રહેલી ડેમોગ્રાફી મારા માટે એક મોટો મુદ્દો છે. આજે આસામમાં મુસ્લિમ સમુદાયની વસતી વધીને 40 ટકા પર પહોંચી ગઇ છે. 1951માં તો તે 12 ટકા હતી. આજે અમે ઘણાં જિલ્લા ગુમાવી ચૂક્યા છીએ. મારા માટે આ કોઇ રાજકીય મુદ્દો નથી. મારા માટે તે જીવન અને મરણનો સવાલ છે. અને મોટી ચિંતાનો વિષય પણ છે. ઉલ્લેખનીય છે કે સરમાએ તાજેતરમાં જ કોઇ સમુદાયનું નામ લીધા વિના કરતા કહ્યું હતું કે એક વર્ગ ગુનાહિત ગતિવિધિઓ કરી રહ્યું છે. આ લોકો એક ખાસ ધર્મ સાથે સંબંધિત છે અને તે ચિંતાની વાત છે. આસામના સીએમ આટલે જ નહોતા અટક્યા હતા. તેમણે વધુમાં ઉમેર્યુ હતં કે હું એમ નથી કહેતો કે એક જ ધર્મના લોકો આમ કરી રહ્યા છે.

# શંભૂ બોર્ડર ખોલવાની ડેડલાઈન સમાપ્ત: ખેડૂતો કરશે દિલ્હી કૂચ, 15 ઓગસ્ટે દેશમાં ટ્રેક્ટર માર્ચ

**ચંડીગઢ**

પંજાબ-હરિયાણાના શંભૂ બોર્ડર ખોલવાના હાઈકોર્ટના આદેશની ડેડલાઈન આજે સમાપ્ત થઈ રહી છે. સરકાર દ્વારા હજું સુધી બોર્ડર ખોલવાની કોઈ પહેલ કરવામાં નથી આવી. હાઈકોર્ટના આદેશ વિરૂદ્ધ હરિયાણા સરકાર સુપ્રીમ કોર્ટ પહોંચી છે.

બીજી તરફ ફેબ્રુઆરીથી અડગ ખેડુતોએ હાઈકોર્ટના આદેશ બાદ દિલ્હી કૂચનું એલાન કરી દીધું છે. સંયુક્ત કિસાન મોરચાના બિનરાજકીય સભ્ય જગજીત સિંહ દલ્લેવાલે કહ્યું કે અમે શંભુ બોર્ડર ખુલતાની સાથે જ



તેઓ દિલ્હી કૂચ કરશે. 15મી ઓગસ્ટે ટ્રેક્ટર માર્ચ કરવાનો પણ નિર્ણય લીધો છે. આ ટ્રેક્ટર માર્ચ દેશભરમાં કાઢવામાં આવશે. ખેડૂત આંદોલન દરમિયાન વોટર કેનન બોયના નામથી પ્રખ્યાત થયેલા નવદીપ જલબેડાને પંજાબ-હરિયાણા હાઈકોર્ટથી નિયમિત જામીન મળ્યા ખેડૂત નેતાઓએ બુધવારે અંબાલા એસપી કાર્યાલયના ઘેરાવનો નિર્ણય ટાળી દીધો છે.

# કુપવાડામાં એન્કાઉન્ટર : બે આતંકીવાદી ઠાર

## બીજી તરફ છત્તીસગઢના બીજાપુરના જંગલમાં નક્સલવાદીઓનો IED બ્લાસ્ટ

**જમ્મુ કાશ્મીર, રાંચી**

ગુરુવારે જમ્મુ કાશ્મીરના કુપવાડાના કેરન સેક્ટરમાં સરહદી વિસ્તારમાંLOC પાસે આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ભારે ગોળીબાર થયો હતો. આર્મીના ૬ રાષ્ટ્રીય રાઈફલ્સ અને પોલીસનાSOGજવાનોએ આ ઓપરેશનનો ચાર્જ સંભાળ્યો હતો. અહીં જવાનોએ બે આતંકીઓને ઠાર કર્યા છે. ગુરુવારે જમ્મુ-કાશ્મીરમાં હવામાન બગડયું હતું. અનેક વિસ્તારોમાં વરસાદ પડયો છે તેમજ વાદળછાયું વાતાવરણ છે. જેના કારણે ડુંગરાળ વિસ્તારો ધુમ્મસથી ઘેરાયેલા છે. આ હવામાન પણ સુરક્ષા દળો માટે એક પડકાર છે. ડોડામાં પણ સોમવારથી આતંકીઓને શોધીને તેનું એન્કાઉન્ટર કરવાનું ઓપરેશન ચાલી રહ્યું છે. પ્રતિકૂળ હવામાન વચ્ચે સમયાંતરે ગોળીબાર પણ થઈ રહ્યો છે. ચાર દિવસમાં ડોડામાં આ ત્રીજું એન્કાઉન્ટર છે, પરંતુ સુરક્ષા દળોને હજુ સુધી સફળતા મળી નથી.

બીજી તરફ છત્તીસગઢના બીજાપુરમાં ગઈકાલે રાત્રે નક્સલવાદીઓએ તારેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મંડીમર્કાના જંગલોમાં આઈઈડી બ્લાસ્ટ કર્યો હતો. તેની અસરને કારણે 2 જવાન શહીદ થયા છે, આ સાથે 4 જવાનો પણ ઘાયલ થયા છે. ઘાયલ જવાનોની જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સારી સારવાર માટે હેલિકોપ્ટર મારફતે રાયપુર રિફર કરવાની તૈયારી ચાલી રહી છે. મળતી માહિતી મુજબ ઓપરેશનમાંથી પરત ફરતી વખતે પાઇપ બોમ્બ બ્લાસ્ટ થયો હતો. આ વિસ્ફોટમાં STFના હેડ કોન્સ્ટેબલ ભરત લાલ સાહુ અને કોન્સ્ટેબલ સતેર સિંહ શહીદ થયા હતા.ઘાયલ જવાનોમાં પુરુષોત્તમ નાગ, કોમલ યાદવ, સિયારામ સોરી અને સંજય કુમાર છે. સીઆરપીએફ, કોબ્રા, સીએએફ, ડીઆરજી અને એસટીએફના જવાનો નક્સલ વિરોધી ઓપરેશનમાં હતા, તેદરમિયાન વિસ્ફોટ થયો હતો.

# મોદી પર વિપક્ષની નિવેદનબાજીથી જ હિંસા ભડકે છે, રાહુલ પર ભાજપે સાધ્યું નિશાન

**નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને વિપક્ષ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી પર ભાજપે રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. ભાજપે આરોપ મૂક્યો કે કોંગ્રેસ વારંવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર હિંસા ઉશ્કેરતા નિવેદનોનો ઉપયોગ કરે છે. કોંગ્રેસે રાજકીય પ્રતિસ્પર્ધીઓ સામે ભાષણોમાં 'હત્યા' અને 'હિંસા' જેવા શબ્દોનો ઉપયોગ ન કરવો જોઈએ.

અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે વિપક્ષે પોતાના રાજકીય ભાષણો આપતી વખતે શાલીનતા અને ગંભીરતા જાળવવી જોઈએ. કારણ કે ભડકાઉ શબ્દોના ઉપયોગથી સમાજ પર માનસિક અસર પડે છે. અને તેનાથી હિંસાને પ્રોત્સાહન મળે છે અને બિનજરૂરી તણાવ વધે છે. આગળ તેમને કહ્યું, જાહેર જીવનમાં શબ્દોની પસંદગી ખૂબ જ મહત્વપૂર્ણ છે. વડાપ્રધાન મોદી વિરુદ્ધ વિપક્ષ દ્વારા ઉપયોગમાં કરવામાં આવતી ભાષા ગંભીર ચિંતાનો વિષય છે. ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ટૂંકા ગાળાના રાજકીય લાભ મેળવવા માટે કરાતી નિવેદનબાજી ક્યારેક હિંસા ઉશ્કેરે છે. આ ક્રમમાં તેણે જાપાનના ભૂતપૂર્વ વડા પ્રધાન શિન્ઝો આબેની હત્યા અને ભૂતપૂર્વ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના પ્રયાસનો ઉલ્લેખ કર્યો હતો

# કેજરીવાલને ફરી ન મળી રાહત : જામીન મુદ્દે હાઈકોર્ટે સુરક્ષિત રાખ્યો ચુકાદો

**પટના**

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ફરી કોર્ટમાંથી રાહત મળી નથી. દિલ્હી હાઈકોર્ટે સીએમ અરવિંદ કેજરીવાલની જામીન અરજી પર પોતાનો આદેશ અનામત રાખ્યો છે. આ ઉપરાંત અરવિંદ કેજરીવાલે ED દ્વારા તેમની ધરપકડને કોર્ટમાં પડકારી હતી, તે અરજી પર પણ હાઈકોર્ટે પોતાનો નિર્ણય અનામત રાખ્યો છે.


એવુ કહેવામાં આવી રહ્યું છે કે, ધરપકડને ગેરકાયદે ગણાવતા સીએમ કેજરીવાલની અરજી પર નિર્ણય આપવામાં હજુ પણ પાંચથી સાત દિવસ લાગી શકે છે. મની લોન્ડરિંગ કેસમાં સુપ્રીમ કોર્ટે સીએમ અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન આપ્યા છે

# હાથરસમાં 121 લોકોની મોત પર બાબાએ કહ્યું, એક દિવસ તો બધાએ મરવાનું જ છે

**હાથરસ**

હાથરસમાં થયેલી નાસભાગને કારણે 121 લોકોના દુઃખદ મૃત્યુ થયા હતા. જેમાં કાર્યક્રમના યજમાન ભોલે બાબાની ભૂમિકા પણ શંકાસ્પદ માનવામાં આવી રહી હતી. હવે એ બાબાનું નિવેદન આવ્યું છે કે આ ઘટનાને કોણ રોકી શકે છે. એક દિવસ તો બધાએ જવું જ પડશે. ભોલે બાબાએ તો ત્યાં સુધી કહ્યું કે સત્સંગના દિવસે એક ષડયંત્ર રચાયું હતું, જેના કારણે આટલા લોકોના મોત થયા હતા.

લોકો બાબાનો સત્સંગ સાંભળવા પહોંચ્યા હતા ત્યારે બાબાના પગની ધૂળને સ્પર્શવા માટે લોકોની ભારી ભીડ



થઈ અને બધા એકબીજા પર પડી ગયા. જેના કારણે નાસભાગ મચી ગઈ હતી અને 121 લોકોના કરુણ મોત થયા હતા. દુર્ઘટના બાદ એક તપાસ સમિતિની રચના કરાયી છે. હજુ તપાસ ચાલી રહી છે, પરંતુ બાબા સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. તેના નજીકના સંબંધીઓની ધરપકડ કરવામાં આવી છે, પરંતુ બાબા આ અંગે મૌન છે.

# 9 દિવસથી ગુમ સિક્કિમના પૂર્વ મંત્રીનો મૃતદેહ પશ્ચિમ બંગાળની નહેરમાંથી મળ્યો

**ગેંગટોક**

સિક્કિમના પૂર્વ મંત્રી આર.સી.પૌડ્યાલનો મૃતદેહ પશ્ચિમ બંગાળની એક નહેરમાંથી મળી આવ્યો છે. સિક્કિમના પૂર્વ મંત્રીનો મૃતદેહ સિલીગુડી પાસે એક નહેરમાંથી નવ દિવસ બાદ મળ્યો છે. સિક્કિમ સરકારે આર.સી. પૌડ્યાલની તલાશ માટે SITનું ગઠન કર્યું હતું. પોલીસે જણાવ્યું કે, 80 વર્ષીય પૌડ્યાલનો મૃતદેહ મંગળવારે સિલિગુડીના ફુલબારીમાં તિસ્તા નહેરમાં તરતો મળી આવ્યો. પ્રાથમિક દ્રષ્ટિએ એવી આશંકા છે કે મૃતદેહ તિસ્તા નદીના ઉપરના ભાગમાંથી વહી આવ્યો હશે. ઘડિયાળ અને કપડાં પરથી લાશની ઓળખ થઈ હતી. આર.સી પૌડ્યાલ 7 જુલાઈના રોજ પાક્યોંગ જિલ્લાના પોતાના વતન છોટા સિંગતામથી ગુમ થઈ ગયા હતા.

# યુપીમાં સંગઠન-સરકારમાં નવાજૂનીના એંધાણ ચૂંટણીમાં કંગાળ દેખાવથી મૌર્ય-યોગી સામસામે

**નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશ ભાજપ સંગઠનમાં મોટા પાયે ફેરફાર કરવામાં આવે તેવી શક્યતાઓ છે તેમ સૂત્રોએ મીડિયાને જણાવ્યું છે. ઉત્તર પ્રદેશ ભાજપ પ્રમુખ ભુપેન્દ્ર ચૌધરી આજે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતાં. લોકસભા ચૂંટણીમાં રાજ્યમાં ભાજપના નબળા દેખાવની જવાબદારી પોતાના માથે લઇ ચૌધરી વડાપ્રધાન સાથેની બેઠકમાં રાજીનામું આપવાની ઓફર કરી હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ બેઠક પછી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ વડાપ્રધાનને મળવા તેમના નિવાસસ્થાને ગયા હતાં.

છેલ્લા કેટલાક દિવસથી ઉત્તર પ્રદેશના ભાજપ નેતાઓ દિલ્હીમાં છે અને તેઓ પક્ષના હાઇ કમાન્ડ સાથે બેઠકો યોજી રહ્યાં છે. આ અગાઉ ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યપ્રધાન



કેશવપ્રસાદ મૌર્ય ભાજપ પ્રમુખ જે પી નડ્ડાને મળ્યા હતાં. સૂત્રોના જણાવ્યા અનુસાર વડાપ્રધાન ઉત્તર પ્રદેશ ભાજપ પ્રમુખ સાથે સંગઠનને લગતા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

# ઉત્તર પ્રદેશમાં દિબ્રૂગઢ એક્સપ્રેસ ટ્રેનના 12 કોચ ખડી પડયાં, 4ના મોત

**ગોંડા**

ઉત્તર પ્રદેશના ગોંડામાં ગુરુવારે એક ટ્રેન પાટા પરથી ખડી પડી છે. ચંદીગઢથી દિબ્રૂગઢ જઈ રહેલી દિબ્રુગઢ એક્સપ્રેસના ૧૦થી ૧૨ કોચ પાટા પરથી ઉતરી પડયા હતા, જેમાં ચાર લોકોના મોત થયાના અહેવાલ છે. આ ઘટનામાં અનેક લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. દિબ્રુગઢ એક્સપ્રેસના એસી કોચની હાલત ખરાબ છે. ગોંડા નજીક ઝિલાહી રેલવે સ્ટેશન પાસે દિબ્રુગઢ એક્સપ્રેસ પાટા પરથી ઉતરી ગઈ હતી. ટ્રેન પાટા પરથી ઉતરી જતાં મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. લોકો ભયથી બૂમો પાડવા લાગ્યા હતાં. ટ્રેન ઉભી રહેતાં જ મુસાફરો બહાર આવી ગયા હતા. રેલવે વિભાગે ઘટનાના કારણની તપાસ શરૂ કરી છે.

એસડીઆરએફની ૩ ટીમ બચાવ કામગીરી માટે ઘટના સ્થળે પહોંચી બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. ચાર લોકો ઘાયલ થવા હોવાના અહેવાલ મળ્યા છે. દિબ્રુગઢ એક્સપ્રેસ ટ્રેન માટે હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યો છે. મોટાભાગના મુસાફરો કોચમાંથી બહાર આવી ગયા છે. પરંતુ હજી તમામ કોચમાં તપાસ થઈ રહી છે.

# ભાજપ અજિત પવારની પાર્ટીને સત્તા બહાર તગેડવાની ફિરાકમાં : NCP

**મુંબઈ**

શરદ પવારની એનસીપીએ એક મોટો દાવો કર્યો છે કે આરએસએસ સંબ;ધિત મરાઠી સાપ્તાહિકમાં ભાજપ અને અજિત પવારની એનસીપીના ગઠબંધન પર સવાલ ઊઠાવતો એક રિપોર્ટ પ્રકાશિત થયો હતો જે ઉપમુખ્યમંત્રી અજિત પવારને મહારાષ્ટ્રમાં સત્તાપક્ષ છોડવા માટે એક મેસેજ છે.

આરએસએસ સંબંધિત પ્રકાશન વિવેકમાં દાવો કરાયો છે કે અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપી સાથે ગઠબંધન બાદ મહારાષ્ટ્રમાં મતદારોની ભાવનાઓ ભાજપવિરોધી થઈ ગઈ છે જેના પરિણામ સ્વરૂપે ભગવા પાર્ટીનું પ્રદર્શન બગડ્યું છે. તેમાં એવો પણ દાવો કરાયો છે કે ભાજપના સભ્યોને પણ અજિત પવાર સાથેનું ગઠબંધન મંજૂર નથી.

ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણીના તાજેતરના પરિણામથી ભાજપને મોટો ઝટકો લાગ્યો હતો. મહારાષ્ટ્રમાં ભાજપના સાંસદોની સંખ્યા ઘટીને ૯ થઈ ગઈ છે. શિવસેના અને એનસીપીએ ક્રમશઃ સાત અને એક બેઠક જીતી હતી. જેની સામે મહાવિકાસ અઘાડીએ શાનદાર પ્રદર્શન કર્યું અને 48માંથી 30 બેઠકો પર સપાટો બોલાવ્યો હતો.

# મહારાષ્ટ્ર-છત્તીસગઢ બોર્ડર પર અથડામણ, પોલીસે 12 નક્સલવાદીઓ કર્યા ઠાર, બે જવાનો ઈજાગ્રસ્ત

## કમાન્ડો-નક્સલીઓ વચ્ચે છ કલાક ચાલી અથડામણ, મોટાપ્રમાણમાં હથિયારો જપ્ત

**મુંબઇ**

મહારાષ્ટ્ર-છત્તીસગઢ બોર્ડર પર મહારાષ્ટ્ર પોલીસના સી60 કમાન્ડો અને નક્સલવાદીઓ વચ્ચે ભારે અથડામણ થઈ છે, જેમાં કમાન્ડોએ 12 નક્સલીઓને ઠાર કર્યા છે. આ ઘટનામાં બે પોલીસ કર્મચારીઓને ઈજા થતાં તેમને સારવાર માટે નાગપુરની હોસ્પિટલમાં ખસેડાયા છે.

બંને રાજ્યોની બોર્ડર પરના વાંડોલી ગામમાં આજે સવારે લગભગ 10 કલાકે અથડામણ થઈ હતી, જેમાં છ કલાક સામસામે ચાલેલા ગોળીબારમાં 12 નક્સલીઓ ઠાર થયા છે. મૃતક એક નક્સલીની ઓળખ ડિવિઝનલ કમિટી મેમ્બર લક્ષ્મણ ઉર્ફે વિશાલ અતરામ તરીકે થઈ છે. તે પ્રતિબંધિત સંગઠનનો તિપગાડ દલામનો પ્રભારી હતી. ઠાર કરાયેલા



નક્સલીઓ પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો તેમજ અન્ય સામગ્રી મળી આવી છે. આમાં ત્રણ એકે-47, ત્રણ ઈન્સાસ રાઈફલ, એક કાર્બાઈન અને એક સેલ્ફ લોર્ડિંગ રાઈફલ છે. બુધવારે સવારે વાંડોલી ગામમાં નક્સલીઓ હોવાની માહિતી મળ્યા બાદ કમાન્ડોએ ગઢચિરોલીથી ઓપરેશન કર્યું હતું.

# પૂરી જગન્નાથ મંદિરનો રત્ન ભંડાર ખોલાયો પ્રાચીન મૂર્તિઓ અને કિંમતી વસ્તુઓ મળી

**પુરી**

રવિવારે 46 વર્ષ પછી જગન્નાથ મંદિરનો રત્ન ભંડાર ખોલનારા સરકારી અધિકારીઓ અને સેવકોને તિજોરીની અંદરની ચેમ્બરમાં કિંમતી ધાતુઓથી બનેલી કેટલીક પ્રાચીન મૂર્તિઓ મળી આવી હતી.



રત્ન ભંડારની ઈન્વેન્ટરી પર દેખરેખ રાખવા માટે રચાયેલી 11 સભ્યોની સમિતિના અધ્યક્ષ વિશ્વનાથ રથે જણાવ્યું હતું કે, છેલ્લા ચાર દાયકામાં 5 થી 7 પ્રાચીન નાની મૂર્તિઓ લગભગ કાળી થઈ ગઈ છે. અમે તેને સ્પર્શ કર્યો નથી. અમે તરત જ દીવો પ્રગટાવ્યો. અને મૂર્તિઓની પૂજા કરી હતી. તે મૂર્તિઓને ગુરુવારે કામચલાઉ સ્ટ્રોંગ રૂમમાં ખસેડવામાં આવશે. મૂર્તિઓના વજન અને બાંધકામને લગતી વિગતો ઈન્વેન્ટરી પછી જ જાણી શકાશે. સેવાદારોનું માનવું છે કે આ મૂર્તિઓની પૂજા ઘણા સમય પહેલા ભંડારો કે ખજાનાની સંભાળ રાખનારાઓ દ્વારા કરવામાં આવતી હતી. ટીમના સભ્યોએ સ્વીકાર્યું કે તેઓ અંદરના ચેમ્બરની અંદરની છાતીઓ અને છાજલીઓમાં રાખવામાં આવેલા ચોક્કસ પ્રકારના કિંમતી સામાન વિશે જાણતા ન હતા. એવી વ્યાપક અટકળો છે કે અંદરના ચેમ્બરમાં સોનાના મુગટ, સોના અને વાઘના પંજા, સોનાના માળા, સોનાના પૈડા, સોનાના ફૂલો, સોનાના મોહર (સિક્કા), લોકેટ, ચાંદીના સિક્કા, સિંહાસન, કડા, ગળાનો હાર જેવી ઘણી કિંમતી વસ્તુઓ હતી.

# મુંબઈમાં રીલ બનાવવામાં ઇન્ફ્લુએન્સર 300 ફૂટ ઊંડી ખાઈમાં પડી જતા મૃત્યુ

**મુંબઈ**

આજના યુવાનોમાં સોશિયલ મીડિયા પર રીલ બનાવવાનો ક્રેઝ એટલો બધો છે કે તેઓ જોખમ ઉઠાવવામાં જરા પણ અચકાતા નથી. રીલ કે વીડિયો બનાવતી વખતે ઘણી વખત અકસ્માતો થાય છે. આવી જ એક ઘટના મુંબઈમાં પ્રકાશમાં આવી છે, જેમાં ૨૭ વર્ષીય ઈન્સ્ટાગ્રામ ઈન્ફ્લુઅન્સરે પોતાનો જીવ ગુમાવ્યો છે. અકસ્માત થયો ત્યારે યુવતી રીલ બનાવી રહી હતી.

મળતી માહિતી મુજબ આ ઘટના માનગાંવ તાલુકાના કુંભે વોટરફોલ પર બની હતી. અહીં અન્વી કામદાર નામની યુવતી તેના મિત્રો સાથે મુંબઈથી રીલ બનાવવા માટે આવી હતી. કુંભે વોટરફોલ એક પ્રાકૃતિક સ્થળ છે, જ્યાં મોટી સંખ્યામાં લોકો પિકનિક માટે આવે છે. વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ(CA)અને પ્રખ્યાત ઈન્સ્ટાગ્રામ ઈન્ફ્લુઅન્સર અન્વી કામદારના સોશિયલ મીડિયા પર ૩ લાખથી વધુ ફોલોઅર્સ છે. અન્વી કુંભે ધોધ પર પહોંચી અને રીલ બનાવવા લાગી. આ દરમિયાન તેણીએ પોતાનું સંતુલન ગુમાવ્યું અને ૩૦૦ ફૂટ ઊંડી ખાઈમાં પડી ગઈ. જેના કારણે અન્વીનું મૃત્યુ થયું હતું. તેની સાથે આવેલા અન્વીના મિત્રોએ તાત્કાલિક પોલીસને આ બાબતની જાણ કરી હતી.

# નીટ પેપરલીકમાં CBIને મોટી સફળતા મળી, પટનાથી 3 ડોક્ટર્સની ધરપકડ કરાઈ

**પટના**

NEET પેપર લીક મામલે સુપ્રીમ કોર્ટમાં આજે થનારી સુનાવણી પહેલા CBIને મોટી સફળતા મળી છે. સીબીઆઈ પેપર લીક ગેંગના સોલ્વર્સ કનેક્શન સુધી પહોંચી ગઈ છે અને આ કેસમાં આ કેન્દ્રીય તપાસ એજન્સીએ પટના એઈમ્સના ત્રણ ડોક્ટરોની અટકાયત કરી છે. સીબીઆઈએ ત્રણેય ડોક્ટરોને પૂછપરછ માટે લીધા છે અને ત્રણેય ડોકટરો 2021 બેચના મેડિકલ સ્ટુડન્ટ છે. સીબીઆઈએ આ ત્રણ ડોક્ટરોના રૂમને પણ સીલ કરી દીધા છે અને તેમના લેપટોપ અને મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા છે. સીબીઆઈએ NEET પેપર લીક થવાથી લઈને ઉમેદવારોને ઉપલબ્ધ કરાવવા સુધીના સમગ્ર નેટવર્કને જોડી દીધું છે.

# તમિલનાડુમાં 'SBI રિવોર્ડ પોઈન્ટ્સ'ના નામે છેલ્લા 2 મહિનામાં 73 લોકો ઠગાયા

**હૈદરાબાદ**

તમિલનાડુ પોલીસે 'SBI રિવોર્ડ પોઈન્ટ્સ'ના નામે ચાલી રહેલા નવા સાયબર કૌભાંડ વિશે લોકોને એલર્ટ કર્યા છે. છેલ્લા બે મહિનામાં રાજ્યમાં 73 લોકો આ ફ્રોડ સ્કીમનો શિકાર બન્યા છે. તમિલનાડુ પોલીસની સાયબર ક્રાઈમ વિંગના જણાવ્યા અનુસાર, છેતરપિંડી કરનારા હેક થયેલા એકાઉન્ટ્સ અથવા ફિશિંગ ટેકનિક દ્વારા પીડિતોના મોબાઈલ ફોન સુધી પહોંચે છે અને પછી વોટ્સએપ અને અન્ય પ્લેટફોર્મ દ્વારા શંકાસ્પદ મેસેજ મોકલે છે. આ મેસેજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના સત્તાવાર કોમ્યુનિકેશનની જેવો જ દેખાતો હોય છે. જેમાં વેલિડ લોગો, અને નામનો પણ ઉપયોગ કરવામાં આવે છે. છેતરપિંડી કરતો આ નકલી મેસેજ 'SBI રિવોર્ડ પોઈન્ટ્સ' રિડીમ કરવા માટે યુઝરને લાલચ આપે છે અને બાદમાં પોતાની જાળમાં ફસાવી તેમના એકાઉન્ટ ખાલી કરી દે છે. રિવોર્ડ્સનો દાવો કરી પીડિતોને મેસેજમાં દર્શાવેલા લિંક પર ક્લિક કરવા પ્રેશર કરે છે. જેના પર ક્લિક કરતાં અસલ એસબીઆઈની સત્તાવાર વેબસાઈટ જેવી જ નકલી વેબસાઈટ ખુલે છે. જેની મુલાકાત લીધા બાદ તેમાં બેન્કિંગ વિગતો દાખલ કરવાનું કહેવામાં આવે છે, જેનો ઉપયોગ કરી સ્કેમર ફ્રોડ કરે છે.

# કર્ણાટકમાં ખાનગી કંપનીઓમાં 100 ટકા અનામતનો વિરોધ

**બેંગ્લોર**

બેંગ્લુરુ: કર્ણાટકમાં સિદ્ધારામૈયા સરકારે ખાનગી ક્ષેત્રમાં સ્થાનિકોને નોકરીનો ક્વોટા ફરજિયાત બનાવતું બિલ અટકાવી દીધું છે. સ્થાનિક સ્તરે ભારે વિરોધના પગલે આ બિલ અટકાવવામાં આવ્યું છે. સિદ્ધારામૈયા સરકારે જણાવ્યું છે કે કેબિનેટ આ બિલ પર પુર્નવિચાર કરશે. રાજ્યની કેબિનેટે મંજૂર કરેલા બિલમાં મેનેજમેન્ટ પોઝિશન પર કન્નડીગા માટે ૫૦ ટકા અને નોન-મેનેજમેન્ટ પોઝિશન્સમાં ૭૫ ટકા ક્વોટા રાખવાનું ફરજિયાત બનાવ્યું છે. સરકારના આ નિર્ણયનો ઉદ્યોગોએ આકરો વિરોધ કર્યો છે. સિદ્ધારામૈયાએ સોશિયલ મીડિયા પર આ પ્રકારની કરેલી પોસ્ટની ભારે ટીકા થતાં તેમણે પોસ્ટ ડીલીટ કરી હતી. જો કે ડ્રાફ્ટ બિલમાં ગ્રૂપ-સી અને ગ્રૂપ ડીની પોસ્ટ માટે ૧૦૦ ટકા અનામતની વાત કરવામાં આવી ન હતી.

# શ્રીલંકા પ્રવાસ માટે ટીમ ઈન્ડિયા જાહેર, સૂર્યકુમારને ટી-૨૦ કેપ્ટન બનાવાયો

## વન-ડે ટીમમાં ઋષભ પંતનો સમાવેશ કરાયો, રિયાન પરાગ બંને ટીમમાં સામેલ થયો : હાર્દિકને વાઇસ કેપ્ટનપદેથી હટાવાયો

**મુંબઇ**

ઝિમ્બાબ્વેને તેના ઘરમાં જ જઈને હરાવનારી ટીમ ઈન્ડિયા હવે શ્રીલંકા પ્રવાસ માટે સજ્જ છે. શ્રીલંકા પ્રવાસ દરમિયાન ટીમ ઈન્ડિયા ત્રણ ટી-૨૦ મેચ અને ત્રણ વનડે મેચની સિરીઝ રમશે. આ બંને ક્રિકેટ સિરીઝ માટેનો કાર્યક્રમ પણ જાહેર કરી દેવામાં આવ્યો છે.

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ દ્વારા શ્રીલંકા પ્રવાસ માટે ગુરુવારે ટીમની જાહેરાત પણ કરી દેવામાં આવી હતી. ટીમની પસંદગીમાં સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે ભારતની ટી-૨૦ ક્રિકેટ ટીમના કેપ્ટનપદે સૂર્યકુમાર યાદવની નિમણૂક કરવામાં આવી છે. આ પહેલા એવી અટકળો લાગતી હતી કે રોહિત બાદ હાર્દિક પંડયાને ટી-૨૦ ટીમનું સુકાન સોંપવામાં આવી છે. શ્રીલંકા પ્રવાસમાં શુભમન ગિલને પણ મોટી ભેટ મળી છે. તેને વનડે અને ટી-૨૦ બંને સિરીઝમાં ટીમના વાઇસ કેપ્ટન તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. એટલે કે હાર્દિકનું વાઇસ કેપ્ટનશિપમાંથી પણ પત્તુ કપાઈ ગયું છે. તે સિવાય વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતની વનડે ટીમમાં વાપસી થઈ હતી. રિયાન પરાગને પણ બંને સિરીઝ માટે ટીમમાં સ્થાન પ્રાપ્ત થયું છે.

ટીમ ઈન્ડિયાના સુકાની રોહિત શર્મા અને બેટ્સમેન વિરાટ કોહલી શ્રીલંકા સામેની વનડે સિરીઝમાં ટીમ ઈન્ડિયાનો ભાગ રહેશે. કોહલીએ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડને સૂચના આપી છે કે તેઓ ગૌતમ ગંભીરની વિનંતી પર શ્રીલંકા સામેની વનડે સિરીઝ માટે ઉપલબ્ધ રહેશે.



**ટી-૨૦ ટીમઃ** સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), શુભમન ગિલ (વાઈસ કેપ્ટન), યશસ્વી જાયસવાલ, રિન્કુ સિંહ, રિયાન પરાગ, ઋષભ પંત, સંજુ સેમસન, હાર્દિક પંડયા, શિવમ દૂબે, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, અર્શદીપ, ખલીલ અને સિરાજ

**વનડે ટીમઃ** રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ (વાઈસ કેપ્ટન), વિરાટ કોહલી, કે.એલ. રાહુલ (વિકેટ કીપર), ઋષભ પંત, શ્રોયસ ઐયર, શિવમ દૂબે, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ, વોશિંગ્ટન સુંદર, અર્શદીપસિંહ, રિયાન પરાગ, અક્ષર પટેલ ખલીલ અહેમદ અને હર્ષિત રાણા.

# ICC રેન્કિંગમાં જયસ્વાલને બંપર ફાયદો

## ઓલરાઉન્ડર્સની રેન્કિંગમાં હસરંગા નંબર વન ઉપર, જ્યારે હાર્દિક છઠ્ઠા સ્થાને

**દુબઈ**

આઈસીસીએ તાજેતરમાં ટી૨૦ની રેન્કિંગ જાહેર કરી છે. ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે તાજેતરમાં પૂરી થયેલી પાંચ મેચની શ્રોણી બાદ શુભમન ગિલને મોટો ફાયદો થયો છે. આ સમયગાળા દરમિયાન ગિલે ૩૬ સ્થાનની લાંબી છલાંગ લગાવી છેને હવે ગિલ આઈસીસી ટી ૨૦ રેન્કિંગમાં ૩૭માં ક્રમે પહોંચી ગયો છે. તેના સિવાય જયસ્વાલને પણ આઈસીસી રેન્કિંગમાં ફાયદો થયો છે. જયસ્વાલ ૧૦માં સ્થાનેથી છઠ્ઠા ક્રમે આવી ગયો છે. તેમજ ગાયકવાડને એક સ્થાનનું



નુકશાન થતાં તે ૭મા સ્થાનેથી ૮મા સ્થાને આવી ગયો હતો. સૂર્યકુમાર ઝિમ્બાબ્વે સામેની સિરીઝમાં રમ્યો ન હતો છતાં તે ટી૨૦ રેન્કિંગમાં બીજા સ્થાને જળવાઈ રહ્યો હતો. ટ્રેવિસ હેડ ટી૨૦ રેન્કિંગમાં પ્રથમ સ્થાને છે. આ રીતે ટી૨૦ રેન્કિંગમાં ટોપ ૧૦માં ત્રણ ભારતીય બેટ્સમેન સામેલ છે. રોહિત શર્મા ટી૨૦ રેન્કિંગમા ૪૨મા તથા વિરાટ કોહલી ૫૧મા ક્રમે છે. બંને દિગ્ગજોએ ટી૨૦ વિશ્વકપ ૨૦૨૪ બાદ ટી૨૦ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. પ્રથમ બે મેચમાં જયસ્વાલ ભારતીય ટી૨૦ વિશ્વકપ વિજેતા ટીમ સાથે હોવાથી રમી શક્યો ન હતો પણ ત્યારબાદ જાયસ્વાલે શાનદાર રીતે ટીમમાં પુનરાગમન કર્યું હતું. જયસ્વાલે ચોથી ટી૨૦માં અણનમ ૯૩ રનની ઈનિંગ રમી હતી અને કુલ ત્રણ ટી૨૦ મેચમાં ૧૬૫ની સ્ટ્રાઈક રેટથી૧૪૧ રન બનાવ્યા હતા.

# હાર્દિક પંડયા-નતાસાએ સો.મીડિયા પોસ્ટથી છૂટાછેડાની જાહેરાત કરી

**મુંબઇ**

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડી હાર્દિક પંડયા અને તેની પત્ની નતાસા સ્ટેન્કોવિક વચ્ચે મનભેદની છેલ્લા કેટલાક સમયથી થઈ રહેલી અટકળો સાચી ઠરી છે. ગુરુવારે બંનેએ તેમના છૂટાછેડાની સોશિયલ મીડિયાના માધ્યમથી સત્તાવાર રીતે જાહેરાત કરી હતી. બંને ચાર વર્ષના લગ્નજીવન બાદ છૂટાછેડા લઈ રહ્યા છે. હાર્દિક અને નતાસાએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે ચાર વર્ષ સુધી સાથે રહ્યા બાદ અમે પરસ્પર સંમતિથી છૂટા પડવાનો નિર્ણય લીધો



છે. અમારા બંને માટે આ બહુ આકરો નિર્ણય હતો. અમારો દીકરો અગસ્ત્ય અમારા બંનેના જીવનના કેન્દ્રમાં રહેશે અને તેને તેની ખુશી માટે અમે બધું જ આપી શકીએ તે માટે અમે સાથે મળીને તેનો ઉછેર કરીશું.

# જિયો સિનેમા દ્વારા પેરિસ ઓલિમ્પિકનું વિવિધ ભાષામાં વિના મૂલ્યે કવરેજ કરાશે

**મુંબઇ**

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ના સત્તાવાર બ્રોડકાસ્ટર અને ડિજિટલ પાર્ટનર વાયાકોમ૧૮ દ્વારા ૨૬મી જુલાઈથી યોજાનારી ઓલિમ્પિકની એક સાથે ૨૦ ફીડ્સ સાથે કવરેજ કરશે. નેટવર્ક દ્વારા તેની ખાતે વિશેષ ઝૂંબેશ ફિલ્મ દમ 'લગા કે... હઈશા' પણ લોન્ચ કરવામાં આવ્યું છે. ઓલિમ્પિકની તમામ એક્શન અંગ્રેજી, હિન્દી, તમિલ અને તેલુગુમાં વિના મૂલ્યે જોઈ શકાશે. સાક્ષી મલિક, વિજેન્દ્રસિંહ, સાનિયા મિર્ઝા, સોમદેવ દેબવર્મન, વિરેન રાસ્કિન્હા, મુરલી શ્રીશંકર અને પી. કશ્યપ ઓલિમ્પિક કવરેજના મુખ્ય એક્સપર્ટ રહેશે.

# લાયોનલ મેસ્સી ઈજાના કારણે ઈન્ટર મિયામી માટે સિઝનની બે મેચ ગુમાવશે

બાર્સેલોના : કોપા અમેરિકાની ફાઈનલમાં ઈજા થવાના કારણે લાયોનલ મેસ્સી તેની મેજર લીગ સોકર ટીમ ઈન્ટર મિયામી માટે સિઝનની ઓછામાં ઓછી બે મેચ રમી શકશે નહીં. ઈન્ટર મિયામીના કોચ ગેરાર્ડો માર્ટિનોએ આ જાણકારી આપી હતી તેમજ કહ્યું હતું કે મેસ્સીને પગના ઘૂંટણમાં ઈજા થઈ છે અને તેની ફિટનેસનું સતત મૂલ્યાંકન કરવામાં આવશે. ઈન્ટર મિયામી બુધવારે રાત્રે ટોરન્ટો એફસી અને શનિવારે રાત્રે શિકાગોનું આયોજન કરશે. રવિવારે આર્જેન્ટિના અને કોલંબિયા વચ્ચે રમાયેલી મેચ દરમિયાન મેસ્સી ઈજાગ્રસ્ત થયો હતો. કોપા અમેરિકાની ફાઈનલ મેચમાં મેસ્સીએ ૬૪ મિનિટ બાદ મેદાન છોડવું પડયું હતું.







# ચીનમાં મોટી દુર્ઘટના : મોલમાં લાગી ભીષણ આગ, 16 લોકો જીવતાં ભડથું, અનેક ફસાયા

**શાંઘાઈ**

ચીનમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. દક્ષિણ પશ્ચિમ શહેર જિગોંગમાં એક શોપિંગ મોલમાં ભીષણ આગની લપેટમાં આવતાં 16 લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. ચીનના સરકારી મીડિયાના અહેવાલ મુજબ સિચુઆન પ્રાંતના જિગોંગ શહેરમાં એક 14 માળનું બિલ્ડિંગ આગની લપેટમાં આવી ગયું જેના કારણે અનેક લોકો તેમાં ફસાઈ ગયા હતા.

માહિતી અનુસાર ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે જેમાં ઈમારતમાંથી નીકળતો કાળો ધૂમાડો સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. સરકારી મીડિયાના સીસીટીવી મુજબ આગ લાગવાની જાણકારી મળતાં જ 300 ઈમરજન્સી કર્મચારીઓ અને ડઝનેક ફાયરબ્રિગેડના વાહનો ઘટનાસ્થળે ધસી આવ્યા હતા. સ્થાનિક લોકોની પૂછપરછ બાદ પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે કન્સ્ટ્રક્શનની કામગીરીને કારણે આગ ભડકી હતી. જોકે હજુ સુધી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી.



# અમેરિકાની ચૂંટણી વચ્ચે બાઈડેન કોરોના પોઝિટિવ, ચૂંટણી અભિયાન પર થશે અસર

**વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ પદની ચૂંટણી વચ્ચે ડેમોક્રેટ્સ માટે આંચકાજનક અહેવાલ સામે આવ્યા છે. અમેરિકન પ્રમુખ જો બાઈડેન કોરોના પોઝિટિવ થઈ ગયા છે. લાસ વેગાસની મુલાકાત દરમિયાન જો બાઈડેનનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં તે પોઝિટિવ આવતા ખળભળાટ મચી ગયો હતો.

વ્હાઈટ હાઉસે આ મામલે કહ્યું કે પ્રમુખ બાઈડેનમાં કોરોનાના હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરીન જિન પિયરેએ જાહેરાત કરી કે બાઈડેનને કોરોના થઈ ગયો છે. એટલા માટે બાઈડેન જ્યાં સુધી સાજા નહીં થઈ જાય ત્યાં સુધી કોઈ કાર્યક્રમને સંબોધી નહીં શકે.

જિન પિયરેએ કહ્યું કે જો બાઈડેન ડેલાવેર પરત ફરશે અને ત્યાં તેમને ક્વૉરન્ટાઈન કરવામાં આવશે. આ દરમિયાન બાઈડેત રાષ્ટ્રપ્રમુખને લગતી તમામ ફરજોનું પાલન કરતા રહેશે. વ્હાઈટ હાઉસ તેમની સ્થિતિ અંગે નિયમિત અપડેટ આપશે. બાઈડેન એકાંતમાં રહીને કાર્યાલયની સંપૂર્ણ ફરજો નિભાવવાનું ચાલુ રાખશે.

# પાકિસ્તાનમાં સેનાની છાવણી પર હુમલો, 10 આતંકી ઠાર, 8ના મોત

**ખૈબર પખ્તૂનખ્વા**

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વામાં પાકિસ્તાન આર્મી અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે, જેમાં 10 આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. આ અથડામણમાં 10 સૈનિકોએ પણ જીવ ગુમાવ્યો છે. પાકિસ્તાની સેનાએ મંગળવારે કહ્યું કે, અશાંત ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં સેનાની છાવણી પર 10 આતંકવાદીઓએ હુમલો કર્યો હતો.

સેનાએ કહ્યું કે, 10 આતંકવાદીઓએ બન્નૂ છાવણીમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન સેનાએ જવાબી કાર્યવાહીમાં 10 આતંકીને ઠાર કર્યા છે. સુરક્ષા દળોએ




આતંકીઓની ઘૂસણખોરીને નિષ્ફળ બનાવી છે. આતંકવાદીઓએ વિસ્ફોટક ભરેલું વાહન સેનાની છાવણીની દિવાલ સાથે અથડાવ્યું હતું, જેમાં દિવાલનો એક ભાગ ધરાશાઈ થયો છે અને આસપાસ પણ નુકસાન થયું છે.

# ઈઝરાયેલે મધ્ય-દક્ષિણ ગાઝા પર હુમલામાં કરતાં 60થી વધારે પેલેસ્ટાઈનીઓનાં મોત

**ડેઇર-અલ બાલાહ**

ઈઝરાયેલે મંગળવારે મધ્ય અને દક્ષિણ ગાઝા પર કરેલા હવાઈ હુમલામાં ૬૦થી વધુ પેલેસ્ટાઈનીઓના મોત થયા છે. આમાનો એક હુમલો તો ઈઝરાયેલ પોતે જાહેર કરેલા સેફ ઝોનમાં કરવામાં આવ્યો હતો, જ્યાં હજારો વિસ્થાપિત પેલેસ્ટાઈનીઓ વસે છે. દિવસનો સૌથી વિનાશક હુમલો બપોરે કરવામાં આવ્યો હતો. ખાન યુનિસના મુવાસી શહેરની બહાર આવેલા ગેસ સ્ટેશન સ્ટેશન પર હવાઈ હુમલો કરવામાં આવ્યો હતો. આ વિસ્તારને ઈઝરાયેલે પાછો પેલેસ્ટાઈનીઓ માટે સેફ ઝોન જાહેર કર્યો છે.

નાસીર હોસ્પિટલમાં ખાન યુનિસના અધિકારીઓએ જણાવ્યું હતું કે કેમ્પથી ભરેલા આ વિસ્તારમાં ૧૭ના મોત થયા હતા. આ હુમલાને લઈને ઈઝરાયેલના લશ્કર તરફથી આ મુદ્દે કોઈ તાત્કાલિક નિવેદન આવ્યું નથી.



શનિવારે ઈઝરાયેલા આ જ વિસ્તાર પર કરેલા હુમલામાં ૯૦થી વધુ પેલેસ્ટાઈનીઓના મોત થયા હતા અને તેમા બાળકો અને મહિલાઓનો પણ સમાવેશ થાય છે. ઈઝરાયેલે જણાવ્યું હતું કે તેઓએ આ હુમલો હમાસના ટોચના નેતા મોહમ્મદ ડૈફને લક્ષ્યાંક બનાવીને હુમલો કર્યો હતો. હજી તેની શું સ્થિતિ છે તે જાણી શકાયું નથી.

# અનામત મામલે બાંગ્લાદેશમાં તણાવ, હિંસક ઝપાઝપી થતાં 7 લોકોના મૃત્યું, સ્કૂલો બંધ

## દેશના મુખ્ય શહેરોમાં વિરોધ પ્રદર્શન કરતા લોકો અને પોલીસ વચ્ચે અથડામણ

**ઢાકા**

પાડોશી દેશ બાંગ્લાદેશમાં સરકારી નોકરીઓમાં અનામત પ્રથામાં ફેરફાર કરવાની માંગ ઉગ્ર બનતી જઈ રહી છે. જો કે આને લઈ આખા દેશભરમાં વિરોધ શરૂ થયો છે. આખું બાંગ્લાદેશ અનામતની આગમાં ભડકે બળી રહ્યું છે. ગત રોજ પોલીસ અને વિરોધ કરતા લોકો વચ્ચે હિંસક ઝપાઝપી થતા સાત લોકોનાં મોત થયા હતા. આ વિરોધને જોતા સ્કૂલ-કૉલેજ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

સ્થાનિક મીડિયાએ પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ વહીવટીતંત્રના આ નિર્ણયનો જોરદાર વિરોધ કરી રહ્યા છે અને તેઓ વાઈસ ચાન્સેલરના આવાસની બહાર એકઠા થયા છે.



યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) એ તમામ યુનિવર્સિટીઓને આગળની સૂચના સુધી વર્ગો સ્થગિત કરવા અને હોસ્ટેલ ખાલી કરવા જણાવ્યું છે. આ મુદ્દે બુધવારે ઢાકા યુનિવર્સિટીની સર્વોચ્ચ નીતિ નિર્માતા સંસ્થા સિન્ડિકેટની તાકીદની બેઠક બોલાવવામાં આવી હતી.

# ન્યુઝીલેન્ડના દરિયાકિનારે અતિ દુર્લભ વ્હેલ તણાઈ આવી, અભ્યાસ હાથ ધરાશે

**ઓકલેન્ડ**

દરિયાની ઊંડાઈમાં ડૂબકી લગાવનાર દુર્લભ વ્હેલ માછલી ન્યૂઝીલેન્ડના તટ પર વહીને આવી છે. આ તટ જે સ્થળ પર આવેલું છે ત્યાં એક નદી દરિયાને મળે છે. સામાન્ય રીતે આ વ્હેલ સરળતાથી જોવા નથી મળતી. જીવતી તો કદી નહીં. આને જ્યારે પણ જોવા ગયા આનો મૃતદેહ જ જોવા મળ્યો છે.

આ વ્હેલનું નામ છે સ્પેડ ટૂથેડ વ્હેલ. ન્યૂઝીલેન્ડના દક્ષિણ ઓટાગો પ્રાંતમાં એક તટ પર આ 16.4 ફૂટ લાંબી વ્હેલ માછલી મળી. આ તટ પર શા માટે આવી કઈ રીતે આવી આનું



અત્યાર સુધી કોઈ કારણ નથી આવ્યું. ન્યૂઝીલેન્ડના એક નિષ્ણાતે જણાવ્યું કે આ એક નર સ્પેડ ટૂથેડ વ્હેલ છે. ડીએનએ તપાસ પણ કરવામાં આવી જેથી વધુ જાણકારી મળી શકે. આ વ્હેલ માછલી એટલી દુર્લભ છે કે વર્ષ 1800થી અત્યાર સુધી તેના જોવાના માત્ર 6 કેસ નોંધાયા છે.

# રિપબ્લિકન પાર્ટીના કન્વેન્શન સેન્ટર પાસે એકે-47 સાથે ફરતાં યુવકની ધરપકડ

**પેન્સિલ્વેનિયા**

અમેરિકામાં ચાલુ વર્ષે નવેમ્બરમાં પ્રમુખની ચૂંટણી થવાની છે. તે અગાઉ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર અને પ્રમુખ જો બાઈડેનની વિરુદ્ધ રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ જોરદાર પ્રચાર કરી રહ્યાં છે. આ દરમિયાન જ તેમના પર પેન્સિલ્વેનિયામાં એક રેલી દરમિયાન હુમલો થયો હતો. જો કે તે હુમલામાં એક ગોળી તેમના કાનને સ્પર્શ કરીને નીકળી ગઈ હતી અને તે બચી ગયા હતાં. થોડી સારવાર પછી તે હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. જો કે હવે રિપબ્લિકન પાર્ટીના કન્વેન્શન સેન્ટરની બહાર પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી છે. કારણકે તે ખુલ્લેઆમ ચાકુ લહેરાવી રહ્યો હતો.

# INS પહોંચ્યું ઓમાન, ડૂબેલા જહાજના 9 ક્રૂ મેમ્બરોનો જીવ બચાવ્યો, 7 લાપતા

## નવ લોકોમાં આઠ ભારતીયો અને એક શ્રીલંકન નાગરિક

**ઓમાન**

ઓમાનના દરિયામાં ઓઈલ ટેન્કરો ભરેલું જહાજ ડુબી જવાની ઘટનામાં ભારતીય સેનાએ તુરંત કાર્યવાહી કરી છે. આ કાર્યવાહી હેઠળ ભારતીય સેનાનું યુદ્ધ જહાજ INSએ ઓમાન પહોંચી જહાજના 16 ક્રૂ મેમ્બરોમાંથી નવ લોકોનો જીવ બચાવી લીધો છે. જ્યારે હજુ પણ સાત લોકો લાપતા હોવાના અહેવાલો મળ્યા છે. બચાવાયેલા નવ લોકોમાં આઠ ભારતીયો અને એક શ્રીલંકન નાગરિક છે. જ્યારે જે સાત લોકો લાપતા છે, તેમાં પાંચ ભારતીયો અને બે શ્રીલંકન છે, તેમની શોધખોળ ચાલી રહી છે.

ઓમાનના દરિયામાં ઓઈલ ટેન્કરો ભરેલું જહાજ ડૂબી ગયું હોવાની માહિતી મળ્યા બાદ ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજ આઈએનએસને રાહત અને બચાવ કામગરી માટે તુરંત મોકલી દેવાયું હતું. આઈએનએસ ઉપરાંત દરિયાઈ પેટ્રોલિંગ વિમાન P-8Iને પણ બચાવ-રાહત કાર્યમાં જોડાયું હતું. ઓમાન દ્વારા પણ બચાવની કામગીરી ચાલી રહી હતું. મળતા અહેવાલો મુજબ દરિયામાં જે જહાજ ડૂબ્યું છે, તેના પર કોમોરોસનો ઝંડો લગાવાયેલો હતો.

# દુબઈની રાજકુમારી શૈખા માહરના સોશિયલ મીડિયા પર પતિને ઈન્સ્ટન્ટ તલાક

**દુબઈ**

દુબઈની રાજકુમારી શૈખા માહરા મોહમ્મદ રાશેદ અલ મકતુમએ સોશિયલ મીડિયા પર તેના પતિ શેખ મના બિન મોહમ્મદ બિન રશિદ બિ મના અલ મકતુમને ત્રણ વાર તલાક લખીને ઈન્સ્ટન્ટ તલાક આપ્યા હતા. દંપતિને બે મહિના અગાઉ જ પ્રથમ બાળકનો જન્મ થયો હતો. રાજકુમારીએ ૧૬ જુલાઈના રોજ સોશિયલ મીડિયા પર પોસ્ટ દ્વારા તલાક જાહેર કરીને તેના પતિ પર બેવફાઈનો આરોપ લગાવતા લખ્યું હતું કે તમે અન્ય જોડીદારો સાથે વ્યસ્ત હોવાથી તમારાથી છૂટાછેડા લઉ છું. ઈસ્લામિક કાયદા પ્રમાણે ઈન્સ્ટન્ટ છૂટાછેડાને તલાક-એ-બિદ્દત કહેવાય છે જેમાં પતિ એક જ સમયે ત્રણ વાર તલાક બોલવાથી લગ્નનો તાત્કાલિક અંત આવે છે.

# સુપર માર્કેટ-આલ્કોહોલના વેચાણને વિસ્તારવા માટે ઓન્ટેરિયોની યોજના

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો વિસ્તારમાં અમુક સુપર માર્કેટમાં તૈયાર-પીવા માટે કોકટેલ અને બિયરના મોટા પેક લાવવાની યોજનાને સરકાર વેગ આપી રહી છે. કારણ કે, લિકર કંટ્રોલ બોર્ડ ઑફ ઓન્ટેરિયો (LCBO) સાથેના લગભગ 9,000 યુનિયનાઈઝ્ડ કામદારો હડતાળ પર છે. પ્રાંતના એલસીબીઓ રિટેલ આઉટલેટ્સ હાલમાં બંધ હોવાથી સરકારે સોમવારે જણાવ્યું હતું કે, બિયર, વાઈન અને સાઈડર વેચવા માટે પહેલેથી જ લાયસન્સ ધરાવતા 450 કરિયાણાની દુકાનો શેડ્યુલ કરતાં બે અઠવાડિયા આગળથી ગુરુવારથી શરૂ થતા તૈયાર સ્પિરિટ ડ્રિંક્સ અને 12- અને 24-પૅક બિયરનો ઓર્ડર આપી શકશે. તેઓ પીણાં મેળવતાની સાથે જ તેનું વેચાણ શરૂ કરી શકે છે. અમારી સરકાર ઓન્ટેરિયોમાં લોકોને પસંદગી અને સગવડ આપવાનું અમારું વચન પાળી રહી છે, જ્યારે અમારા પ્રાંતમાં અહીં વેચાતા 80 ટકાથી વધુ રેડી-ટુ-ડ્રિંક બેવરેજનું ઉત્પાદન કરતા ઓન્ટેરિયોના વ્યવસાયો સહિત સમગ્ર પ્રાંતમાં ઓન્ટેરિયો-નિર્મિત પીણાં ઉત્પાદકોને સમર્થન આપે છે, એમ નાણાપ્રધાન પીટર બેથલેન ફાલ્વીએ જણાવ્યું હતું. આ કરિયાણાના રિટેલર્સ અને ગ્રાહકો માટે એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

# ટોરોન્ટોમાં વોટરફ્રન્ટ ફેસ્ટિવલ 2024 ઈવેન્ટની સત્તાવાર રીતે જાહેરાત થઈ

**ટોરોન્ટો**

એવોર્ડ વિજેતા ટોરોન્ટો વોટરફ્રન્ટ ફેસ્ટિવલ, જે ગયા વર્ષે વિશ્વના સૌથી મોટા રબર ડકને પાછું મેળવ્યું હતું. તેણે આજે તેમની 2024 ઈવેન્ટની જાહેરાત કરી હતી. આ ફેસ્ટિવલ 14-15 સપ્ટેમ્બર 2024 દરમિયાન સુગર બીચ પર યોજાશે અને તેમાં કેનાઈન વોટરસ્પોર્ટ્સ કેનેડા સ્પર્ધા (CWC) દર્શાવવામાં આવશે. CWCએ પ્રીમિયર ડોગ ડોક જમ્પિંગ સ્પર્ધા છે. જેમાં વિવિધ પ્રકારના સુંદર પપ્સ ડાઈવિંગ, કૂદકા મારવા અને જમીન પર 45 ફૂટના પૂલમાં લાવવામાં આવે છે. આ ફેસ્ટિવલમાં અગાઉ 2014 અને 2015માં ડોગ જમ્પિંગ સ્પર્ધાઓ સામેલ હતી અને તે ચાહકોની પસંદ હતી. ટોરોન્ટો વોટરફ્રન્ટ ફેસ્ટિવલ, જે બિન-નફાકારક છે, તે એક મફત ઈવેન્ટ હશે. પરંતુ ફેસ્ટિવલના 14 વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત ફેસ્ટિવલ પ્રોડ્યુસર્સ ઉપસ્થિતોને તેઓ જે કરી શકે તે સ્વેચ્છાએ આપવા માટે કહી રહ્યા છે. ટોરોન્ટો વોટરફ્રન્ટ ફેસ્ટિવલના અધ્યક્ષ માઈકલ રીહલ કહે છે, "અમારો ઉદ્દેશ હંમેશા ટોરોન્ટોના વોટરફ્રન્ટમાં મફત, ફેમિલી ફ્રેન્ડલી, વોટરથીમ આધારિત મનોરંજન લાવવાનો રહ્યો છે, અને જ્યાં સુધી અમે કરી શકીએ ત્યાં સુધી અમે તે કરવાનું ચાલુ રાખીશું.

# સિમ્પલ અને સોબર લાઇટવેઇટ જ્વેલરી યુવતીઓમાં હોટ ફેવરિટ

પહેલાં હેવી સોનાના દાગીના પહેરવાનો ટ્રેન્ડ હતો. મહિલાના દાગીના પરથી પરિવારની સમૃદ્ધિનો અંદાજ લગાવવામાં આવતો હતો. હવે સમય બદલાયો છે, યુવતીઓ હેવી દાગીના પહેરવાને બદલે લાઈટવેઈટ જ્વેલરી પહેરતી થઈ છે. તેથી કૉલેજ ગોઈંગ ગર્લથી લઈને વર્કિંગવુમનમાં લાઈટવેઈટ જ્વેલરી હોટ ફેવરિટ છે. તો આજે આપણે લાઈટવેઈટ જ્વેલરી અંગે વાત કરીશું.



## સિમ્પલ ચેઇન પેન્ડન્ટ

રૂટિન લાઈફમાં પહેરવા માટે સિમ્પલ નેકપીસ દરેક યુવતીઓને ગમે છે. પહેરવામાં હળવા અને દેખાવમાં સિમ્પલ ડિઝાઈન તેમના ફેવરિટ છે. તેને કોઈ પણ ફોર્મલ ડ્રેસની સાથે અને ઈન્ડિયન લુકમાં કુરતી સાથે પૅર કરી શકાય છે. પેન્ડન્ટમાં હાર્ટ, રાઉન્ડ, સ્ક્વેર, ઓવલ, જ્યોમેટ્રિકલ એમ વિવિધ શેપમાં ઉપલબ્ધ છે. એની ડિઝાઈન પણ નાની અને નાજુક હોવાથી લાઈટવેઈટ અને સુંદર લાગે છે. હવે તો પેન્ડન્ટની સાથે મેચ થાય એવાં એરિંગ્સ પણ તેની સાથે પૅર કરવામાં આવે છે. આમ, આખી પૅર વધુ આકર્ષક લાગે છે. પેન્ડન્ટ અને એરિંગ્સમાં ડાયમંડ, પર્લ, ગોલ્ડ, સિલ્વર વગેરેને આવરી લેવામાં આવે છે. કૉલેજ ગોઈંગ ગર્લ્સ ડાયમંડ અને પર્લ પહેરવાનું વધારે પસંદ કરે છે.

## લેયરિંગ નેકલેસ સેટ

સિંગલ ચેનથી એક સ્ટેપ આગળ વધીને લેયરિંગ નેકલેસનો ટ્રેન્ડ હવે શરૂ થયો છે. લેયરિંગ નેકલેસની વિશેષતા એ છે કે તેનાથી ગળું થોડું ભરેલું લાગે છે. માર્કેટમાં લેયરિંગ નેકલેસમાં અનેક ડિઝાઈન ઉપલબ્ધ છે. સિંગલ લેયરિંગ નેકલેસ પહેરવા કરતાં બુટ્ટીના સેટ સાથે પૅરમાં પહેરવાનું યુવતીઓને વધુ ગમે છે. એમાંય આ નેકપીસની સાથે મેચ કરતાં નેકલેસ સેટ પહેરવાનો ટ્રેન્ડ અત્યારે ચાલી રહ્યો છે, જે કમ્પ્લિટ લુક પણ આપે છે. લેયરિંગ હોવા છતાં નેકપીસ લાઈટવેઈટ હોય છે. જેથી ઓવરઓલ લુક સુંદર લાગે છે.


## મલ્ટિ લેયર નેકલેસ

મલ્ટિ લેયર નેકલેસની ખાસિયત એ છે કે તે રોજ પહેરાતા ગોલ્ડન ચેઈન કરતાં ઊડીને આંખે વળગે એવા હોય છે. એમાં પારંપરિક નેકલેસ ડિઝાઈનનો હળવો લુક આપવામાં આવે છે. એની ડિઝાઈન બહુ કન્ટેમ્પરરી હોય છે અને દરેક આઉટફિટ સાથે સૂટ થાય છે. અલગ અલગ લેયર હોવાને કારણે નેક એરિયાને આકર્ષક બનાવે છે. મલ્ટિ લેયર નેકલેસ બર્થ ડે, ડેટ, રિંગ્સ સેરેમની જેવાં ઓકેઝન દરમિયાન પહેરી શકાય છે. કોઈને ગિફ્ટમાં આપવા માટે આ પરફેક્ટ ચોઈસ છે.

## બ્રેસલેટ

હાથમાં હેવીને બદલે લાઈટવેઈટ બ્રેસલેટ પહેરવામાં આવે છે. ખાસ કરીને નાનામોટા પારા, યુનિક ડિઝાઈનનાં પેન્ડન્ટને પ્રાયોરિટી આપવામાં આવે છે.

# ટોરોન્ટોમાં હવે ટ્રાફિકની ભારે સમસ્યા કેટલાકને શહેર છોડવાનો પણ વિચાર



લોકોએ શહેરમાં ફરવા કાર સિવાયના વિકલ્પો વિશે ધ્યાન કેન્દ્રિત કરવું પડશે

**ટોરોન્ટો**

ટોરોન્ટો રીજન બોર્ડ ઓફ ટ્રેડ દ્વારા કરવામાં આવેલો એક નવો સર્વે દર્શાવે છે કે, મોટાભાગના લોકોએ ભીડને કારણે શહેરથી દૂર જવાનું વિચાર્યું છે.

બોર્ડ કહે છે કે, સર્વે ગ્રેટર ટોરોન્ટો એરિયા (જીટીએ)માં લોકપ્રિય એવા સેન્ટિમેન્ટ પર ડેટા આપે છે. ભીડ વધી રહી છે. તેથી જ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિષ્ણાત અને સાઈકલિંગ એડવોકેટના મતે, લોકોને શહેરમાં ફરવા માટે કાર સિવાયના વિકલ્પો આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

Ipsos દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં 7થી 14 જૂન વચ્ચે ટોરોન્ટો, હેમિલ્ટન, ડરહામ, હેલ્ટન, પીલ અને યોર્કમાં 1,000 લોકોનાં નિવેદનો લેવામાં આવ્યાં હતાં. શહેર અને તેની આસપાસના વિસ્તારો ટ્રાફિક કટોકટીનો સામનો કરી રહ્યા હોવાનું 86 ટકા લોકોએ જણાવ્યું હતું તેમાંથી 89 ટકા ડ્રાઈવર છે. પ્રતિસાદ આપનારા લગભગ અડધા લોકો કહે છે કે, તેઓ ભીડને કારણે ખરીદી કરવાનું, મનોરંજન માટે બહાર જવાનું અથવા રમતગમત જોવા જવાનું ટાળે છે.

બોર્ડ ઓફ ટ્રેડના સીઈઓ ગાઈલ્સ ગેરસને જણાવ્યું હતું કે, સર્વેમાંની એક માહિતી એ છે કે, 62 ટકા લોકો ભીડને કારણે ઓફિસ જવા માંગતા નથી. ઘણા લોકો કહે છે કે મને કામ પર જવાની ઈચ્છા થતી નથી. આ ખૂબ ગંભીર વાત હતી.

ટોરોન્ટો યુનિવર્સિટીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર મેટ્ટી સિમિયાટિકીએ જણાવ્યું હતું કે, શહેરમાં ભીડને હળવી કરવાનો એક ભાગ જાહેર પરિવહનમાં સુધારો કરી રહ્યો છે. જો શહેરનો ટ્રાફિક આટલો વધી રહ્યો હોય, તો શહેરે ભીડ અંગે વિચાર કરવાની જરૂર છે.

મને લાગે છે કે, આપણે એવા તબક્કે છીએ જ્યાં વિકલ્પો વધુ ખરાબ છે. લોકો ટ્રાફિકમાં અટવાઈ ગયા છે અને તે ખરેખર વ્યવસાય અને જીવનની ગુણવત્તાને અસર કરી રહ્યું છે."



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21 Innovative Pinnacle Real Estate Group BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!




Location, location location. Gorgeous 1+1 bed unit with parking at Universal City condominiums. Walking distance to Pickering Go station, minutes drive to Pickering Town centre, Frenchman's Bay, Hwy 401 and much more. Tons of amenities, such as rooftop swimming pool with cabanas, Bbqs. 24 hrs security, Gym, guest suites and much more.




This Mid-Century Bungalow is a hidden gem on a generously sized lot of 86 x 252.76 feet, situated adjacent to a tranquil park with no neighboring homes behind, making it an ideal spot to build your dream residence. The property is characterized by its striking beamed cathedral ceilings in the living, dining, and kitchen areas, which contribute to its expansive and airy ambiance. Inside, the home features three bedrooms and two bathrooms, complemented by a spacious open rec room with a charming gas-burning fireplace. Vinyl flooring graces the living room, dining room, kitchen, hall, and three of the bedrooms, adding a touch of classic elegance. The dining room also boasts a sliding glass door for seamless outdoor access, while California shutters enhance the homes appeal. Additionally, the finished basement offers potential for converting to a in-law suite.




Perfect Single Family Home or Investment Property. Steps to UOIT / Durham College, Close to School, Park, Shopping and Much More. Very Spacious and Functional Layout Large living, Dining and Open Concept Kitchen on the main Floor. Finished Basement with two bedrooms. Fenced Yard. Large driveway.

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

Broker of Record / Sales Representative

teamkharodia@gmail.com

300-2855 Markham Rd Toronto ON M1X 0C3

D: (647) 501-6786 | D: (647) 308-2941

F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



# SHARP INTERNATIONAL IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

CATEGORY FOR INSIDE OR OUTSIDE CANADA CANDIDATE

DO YOU HAVE IELTS WITH 5 BAND ?

DO YOU HAVE GRADE 12 PLUS ANY DIPLOMA OR DEGREE ?

DO YOU KNOW YOU ARE ELIGIBLE FOR PR BASED - CARE GIVER CATEGORY?

14+ YEARS EXPERIENCED & REFUSAL CASES SPECIALIST



## AMI MEHTA

CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER

@sharpimmigration

Follow us

**CONTACT TODAY TO KNOW MORE**

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
Unit 94, 499 Main St. S ; Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911